Vishv UMIYA Foundation
આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ


વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ
(ISO 9001:2015 - Approval No. 00044220)

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

એક વૈશ્વિક વિચારધારા

Published on - 01 May 2026 | ₹ 50-00

Editor- Prof. Dr. J. M. Panara | તંત્રી- પ્રો. ડો. જે. એમ. પનારા



વિશ્વ
ઉમિયાધામ
અમદાવાદ

# “મારી ઈંટ મા ના મંદિરે”
## ઈંટદાન અભિયાન

Vishv UMIYA Foundation



“વીરતા પરમો ધર્મ” અને “એકતા પરમો ધર્મ” ના મંત્રને ઉજાગર કરવાના ભાગરૂપે અમદાવાદમાં રૂા. એક હજાર કરોડના ખર્ચથી સનાતન ધર્મના પ્રતીક અને આસ્થાના કેન્દ્ર સમા જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ સંસ્થા દ્વારા થઈ રહેલ છે, જેનો પ્રાણ - પ્રતિષ્ઠા મહોત્સવ ડિસેમ્બર ૨૦૨૭ માં ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.

સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્રબિંદુ એટલે શિવ અને શક્તિ. શિવ એટલે દેવાધિદેવ મહાદેવ અને શક્તિ એટલે મા પાર્વતી, જેનું બીજું નામ મા ઉમિયા, કે જેના નવ સ્વરૂપો અને એકાવન શક્તિ પીઠમાંથી આપણને શક્તિ અને ઊર્જા સતત મળતી રહે છે, ત્યારે “હું સનાતની છું” ના ગૌરવ સાથે પ્રત્યેક સનાતની પરિવારનો દરેક સભ્ય જગતજનની મા ઉમિયા પ્રત્યેની આસ્થા - શ્રધ્ધા સાથે મંદિર નિર્માણના ઈંટદાન અભિયાનમાં “મારી ઈંટ મા ના મંદિરે” અંતર્ગત પોતાનું યોગદાન અર્પિત કરે તેવી લાગણીસભર અપીલ આપશ્રીને કરીએ છીએ.

મિત્રો, વિશ્વ ઉમિયાધામમાં નિર્માણાધીન મા ઉમિયાનું મંદિર પ્રત્યેક સનાતની માટે આસ્થા - એકતાનું પ્રતીક, શિક્ષણ અને આરોગ્યનું ધામ અને યુવા - મહિલા સશક્તિકરણનું કેન્દ્ર છે. જ્યાં ધર્મ - સંસ્કૃતિ અને રાષ્ટ્ર હિતની વિચારધારા કેન્દ્ર સ્થાને છે, તેવા મંદિરનું નિર્માણ હાલ પૂરજોશમાં ચાલી રહેલ છે, જેમાં સહભાગી થઈ મા ઉમિયાના કૃપાપાત્ર બનીએ.

“ધર્મો રક્ષતિ રક્ષિતઃ” મંત્રને યાદ કરીએ - સનાતની એકતા આજની આવશ્યકતા છે.

## મારું ઈંટદાન
## મા ના ચરણોમાં

એક ઈંટદાન
રૂા.૧૦૦૦/-

બેંક વિગત : A/c. ધી મહેસાણા અર્બન કો.ઓ.બેંક લિ.,
સાયન્સ સીટી શાખા, અમદાવાદ
Bank A/c. No. 00441001001446
IFSC Code - MSNU0000044.

VISA mastercard Google Pay UPI PhonePe

**ઓનલાઈન ઈંટદાન માટે VUF એપ્લિકેશન ડાઉનલોડ કરો**

Mob. Play store માં જઈ Vishv Umiya Foundation App Search કરી Install કરો, App ઓપન કરી મોબાઈલ નંબર એડ કરો, મોબાઈલમાં આવેલ OTP દાખલ કરી આપની સંપૂર્ણ વિગત ભરો, ત્યારબાદ મોબાઈલ એપ્લીકેશનમાં બટન પર ક્લિક કરો. ઓપન થયેલ મેનુમાં Collect Donation પર ક્લિક કરો, ત્યારબાદ ઓપન થયેલ QR Code થી પેમેન્ટ કરી શકાશે.

“વિશ્વ ઉમિયાધામ-જાસપુર”, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૨૭૨૧
+91 72020 80222/333 vuf.org vishvumiyafoundation

Mayflower
WOMEN'S HOSPITAL

# ELEVATING WOMEN'S HEALTH WITH INNOVATION & CARE

Mayflower Hospital is home to countless advancements in women's healthcare across endometriosis, obstetrics, fertility, dermatology, and beyond



## THE EXPERTISE OF OUR TEAM.

**Endometriosis Clinic** by Mayflower

World's best centre for advanced endometriosis diagnosis, laparoscopic excision surgeries and fertility-enhancing treatments.

**MAYFLOWER AESTHETICS**

Effective skincare, pelvic floor rejuvenation and anti-ageing solutions backed by dermatologists and gynecologists.

**Fertility Solutions** by Mayflower

A unique, advanced egg and embryo freezing centre with world-class embryology labs and personalised protocols.

**Obstetrics Clinic** by Mayflower

24/7 pregnancy care with advanced fetal monitoring, painless delivery options, and expert perioperative support.

**85,000+** Surgeries

**1 Lac+** Happy women

**20,000+** Fertility Enhancing Surgeries

**21+** Years of Care

+91 6352 800 850 care.mayflowerhospital.com www.mayflowerhospital.com

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ

# ઉમાસૃષ્ટિ

આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ   એક વૈશ્વિક વિચારધારા

મે ૦૧, ૨૦૨૬
May 01, 2026
વર્ષ : ૦૫, Year : 05
સળંગ અંક : ૪૮   Ank : 48
માલિક : વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
Owner : Vishv Umiya Foundation

ISO 9001




પ્રમુખ : આર. પી. પટેલ
President : R. P. Patel




તંત્રી - પ્રો. ડો. જે. એમ. પનારા
Editor - Prof. Dr. J. M. Panara

મેનેજિંગ એડિટર : ડો. પ્રભુદાસ પટેલ
Managing Editor: Dr. Prabhudas I. Patel

પરામર્શકશ્રી : Consultant
પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ | પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ
Padmashri-Devendra Patel | Padmashri-Dr. Kumarpal Desai

સંપાદક મંડળ: Editor Board :
ડો. હર્ષદ પટેલ   Dr. Harshad Patel
ડો. અશોક પટેલ   Dr. Ashok Patel
ડો. ઉત્પલ પટેલ   Dr. Utpal Patel
ડો. રૂપલ પટેલ   Dr. Rupal Patel

સહસંપાદક :
ધવલ માકડિયા Co-Editor : Dhaval Makadia

કલાનિર્દેશક :
ભાવિક પટેલ  Art Director : Bhavik Patel


લવાજમ :
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂા. ૫૦૦૦
પાંચ વર્ષ : રૂા. ૩૦૦૦
વિદેશમાં આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

Subscription Amount :
For India : Life Time (10 Year) Rs. 5,000
5 Year : Rs. 3,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $


ઈ-મેઈલ/e-mail: umasrushti@vuf.org
Mobile : +91 7202080222/333

રજિ. ઓફિસ :
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

Regd. Office :
Vishv Umiya Foundation - Vishv Umiyadham, Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road, Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721


મુદ્રક અને પ્રકાશક :
મુદ્રક : અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. પ્રકાશક : ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

Printer & Publishers :
Printed by Anil D. Gondaliya - Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad & Published by Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham Jaspur, Kalol, Gandhinagar


વિશ્વ ઉમિયાધામ અમદાવાદ   Vishv UMIYA Foundation

# અનુક્રમણિકા


| ક્રમ | લેખનું શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | વેદોનો દિવ્ય સંદેશ | પ્રહલાદભાઈ પટેલ | ૦૫ |
| ૨. | શૈક્ષણિક પરીક્ષા જીંદગીનું અંતિમ લક્ષ્ય નથી | પ્રમુખશ્રીની કલમે | ૦૬ |
| ૩. | શ્રી રામચરિતમાનસ | ડો. પ્રભુદાસ પટેલ | ૦૯ |
| ૪. | હરિ એ હાર પહેરાવ્યો | શ્રી ભાણદેવજી | ૧૦ |
| ૫. | ગુજરાત સ્થાપના દિવસ | પ્રો. ડો. જે. એમ. પનારા | ૧૨ |
| ૬. | સત્કર્મના વડલા ઉગાડનાર - શિક્ષક | ગુલાબભાઈ જાની | ૧૬ |
| ૭. | ઈતની શક્તિ હમે દેના દાતા... | પ્રફુલ્લ કાનાબાર | ૧૭ |
| ૮. | તાડન કે અધિકારી - અર્થનો અનર્થ | ડો. અમૃત કાંજિયા | ૧૮ |
| ૯. | કેવી, શાળા સારી ? | ભાવેશ એમ. આખજા | ૨૧ |
| ૧૦. | શું સ્ત્રી અને પુરુષ સમાન છે ? | શ્રીમતી ગીતા ઉનડકટ | ૨૨ |
| ૧૧. | પ્રેમ સ્વયં એક ધર્મ છે | પ્રાગજીભાઈ પટેલ | ૨૩ |
| ૧૨. | દિકરી : તે જ તરાપો | ડો. ભાવેશ જેતપરિયા | ૨૫ |
| ૧૩. | સંબંધો સર્જવા સહેલા છે, નિભાવવા અઘરા છે! | પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ | ૨૮ |
| ૧૪. | નાણા વગરનો નાથિયો, નાણે નાથાલાલ | હરજીવન રંગપરિયા | ૩૦ |
| ૧૫. | આત્મનિર્ભરતા - એક આવકારદાયક અભિયાન | ડો. નરભેરામ જે. રાંકજા | ૩૩ |
| ૧૬. | ધરતીનું સ્વર્ગ જમ્મુ - કાશ્મીર | ડો. યશવંત કે. ગોસ્વામી | ૩૬ |
| ૧૭. | શું કોવિડ થયા પછી થાપામાં દુ:ખાવો શરૂ થયો છે ? | ડો. વિક્રમ શાહ | ૩૮ |
| ૧૮. | વનસ્પતિનું "બીજ" કુદરતનું અદ્‌ભુત સર્જન! | હીરજી ભીંગરાડિયા | ૪૧ |
| ૧૯. | કાન ખજૂરાના બૂટ | ગિરા પિનાકીન ભટ્ટ | ૪૪ |
| ૨૦. | પ્રવૃત્તિ અહેવાલ | શૈલેષભાઈ પટેલ | ૪૫ |
| ૨૧. | સમાચાર | ડો. રૂપલબેન પટેલ | ૪૮ |


⌘ ⌘ ⌘



**પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર)**
લેખક VUFના ઉપપ્રમુખ, ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને વિવિધ સેવા યજ્ઞોના ઊંચા ગજાના દાતા છે.

# વેદોનો દિવ્ય સંદેશ

**ईदं विद्वानां जजन सत्यं वक्ष्यामि नानृतम ।**
**सनेयमश्वं गामहमात्मानं तव पुरुष ॥** (અથર્વવેદ ૭/૯/૪)

**ભાવાર્થ :** સંસારની વિચિત્રતાને ધ્યાનમાં રાખીને હમેશાં સત્ય બોલો અને આત્મબળ પ્રાપ્ત કરો.

**સંદેશ :** પરમેશ્વરે સંસારને અનેક પ્રકારની વિચિત્રતાઓથી પૂર્ણ રીતે ભરી દીધો છે. પોતાના બુદ્ધિબળ દ્વારા માનવી આ રહસ્યોને પામવા માટેના પ્રયત્નો કરી રહ્યો છે. 'અસતો મા સદ્‌ગમય' અસત્યને છોડીને સત્ય તરફ આગળ વધવા માટેની તે ઈચ્છા કરી રહ્યો છે.

સંસારમાં સત્યની ખૂબ જ પ્રતિષ્ઠા અને મહિમા છે. સત્ય ખૂબ જ ઉત્તમ બળ અને શક્તિ છે. સત્યવાદી બનવાથી વધારે શ્રેયસ્કર બીજું કશું જ નથી. સત્યનો અર્થ છે - જે પદાર્થ જેવો છે તેને તેવો જ જાણવો અને બીજાઓની સામે પ્રગટ કરવો. શાસ્ત્રોએ સત્યને તપ અને ધર્મનું નામ આપ્યું છે. સત્યના અભાવમાં મનુષ્ય મનુષ્ય રહી શકતો નથી. અસત્યવાદીના મુખમંડળ પર તેજ ટકતું નથી. સત્ય ન બોલનાર પરથી દરેકનો વિશ્વાસ ઊઠી જાય છે. મનુષ્યે હંમેશાં સત્ય બોલવાનું વ્રત લેવું જોઈએ, પરંતુ સાથે સાથે એ બાબતનું પણ ધ્યાન રાખવું જોઈએ કે મનુષ્ય જે સત્ય બોલે તે કોઈને પીડા પહોંચાડે તેવું ન હોય. તે સત્ય બીજાઓનાં હૃદયને ઘા ન કરે, તે હિતકારી હોય અને સાથે સાથે પ્રિય પણ હોય.

'સત્યમેવ જયતે નાનૃતમ્' – સત્યનો જય થાય છે, અસત્યનો કદાપિ નહિ. આ આપણા રાષ્ટ્રનું મહાન ધ્યેયવાક્ય છે.



આપણા અંતઃકરણના ઊંડાણમાં જઈને આપણે જોવું જોઈએ કે આપણે આ વાક્યનું કેટલે અંશે પાલન કરી રહ્યાં છીએ.

સત્ય બોલવાથી મનુષ્ય સંસારનાં મોટામાં મોટાં પાપકર્મોથી બચી જાય છે અને સન્માર્ગનો સાચો મુસાફર બની જાય છે. સત્યમાં પ્રચંડ શક્તિ છે. સત્યનો મહિમા અપરંપાર છે. સત્ય સૌથી મોટો ધર્મ અને સ્વર્ગ માટેની સીડી છે. સત્ય જ તપસ્યા અને યોગ છે, સત્ય સૌથી શ્રેષ્ઠ યજ્ઞ છે. મહાભારતમાં તો એટલે સુધી કહેવામાં આવ્યું છે કે સત્યથી વધારે મોટો બીજો કોઈ ધર્મ નથી અને અસત્ય જેવું બીજું કોઈ મોટું પાપ નથી. આથી અસત્યને છોડીને સત્યને ધારણ કરો. સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર, સ્વામી દયાનંદ સરસ્વતી અને મહાત્મા ગાંધીએ સત્યના શ્રેષ્ઠ પ્રયોગો દ્વારા માનવતાને ગૌરવશાળી બનાવી દીધી છે.

સત્ય સ્વયં અગ્નિ છે. તેને આગ પણ અસર કરી શકતી નથી. 'સાંચ કો આંચ નહિ,' સત્યનો અગ્નિ દોષદુર્ગુણને ભસ્મીભૂત કરી નાખે છે અને મનુષ્યના અંતઃકરણને શુદ્ધ, નિર્મળ અને પવિત્ર બનાવી દે છે. એટલા માટે જ અગ્નિને પાવકના નામથી ઓળખવામાં આવે છે. અસત્યવાદીના જુઠા આક્ષેપોની સત્યવાદી ઉપર કોઈ જ અસર થતી નથી. પોતાનો સ્વાર્થ પૂરો કરવા માટે અથવા તો પછી માત્ર બીજાઓના દોષો શોધવાના આશયથી જૂઠું બોલવામાં આવે છે. આ બંને સ્થિતિમાં મનુષ્ય છેવટે પોતાના પતનનું કારણ બની જાય છે. બીજાઓના દોષ જોનાર અને કડવાં વચન બોલનાર મનુષ્ય સમાજની દૃષ્ટિએ નકામો બની જાય છે. આવા મનુષ્યોનું આચરણ પોતે જ તેમનો વિનાશ કરે છે.

સત્યનું આચરણ કરનાર મનુષ્ય જ સદાચારી હોય છે. તેવો મનુષ્ય હરહંમેશ શ્રેષ્ઠ માર્ગે આગળ વધતો રહે છે. અને યશસ્વી, વર્ચસ્વી તથા તેજસ્વી બનતો જાય છે. તેની કીર્તિની ધજા હંમેશાં ફરકતી જ રહે છે. તેની આંખોમાંથી હંમેશાં દિવ્યદૃષ્ટિનાં કિરણો નીકળતાં રહે છે. દુરાચારી મનુષ્ય તેમનો સામનો કરવાનું સાહસ જ કરી શકતો નથી અને સદાચારી તેમની શીતળતાથી ભાવવિભોર બની જાય છે. ■

## પ્રમુખશ્રીની કલમે

# શૈક્ષણિક પરીક્ષા જીંદગીનું અંતિમ લક્ષ્ય નથી

આ લેખનો ઓડિયો સાંભળવા QR સ્કેન કરો

વહાલા વિદ્યાર્થી મિત્રો અને વાલીઓ, સૌને નમસ્કાર,



**સફળતાની વ્યાખ્યા શું છે? :** આધુનિક શિક્ષણ વ્યવસ્થામાં પરીક્ષાઓનું મહત્ત્વ ઘણું મોટું છે, પરંતુ એક મહત્ત્વપૂર્ણ સત્ય એ છે કે જીવન માત્ર પરીક્ષાઓથી નક્કી થતું નથી. જીવન એક વિશાળ કેનવાસ છે, જેમાં અનેક રંગો છે - અનુભવો, સંબંધો, શોખ, સંઘર્ષ, સફળતા અને નિષ્ફળતા છે. પરીક્ષા માત્ર મર્યાદિત પ્રમાણમાં આપણા જ્ઞાન અને કુશળતાને માપી શકે છે. એટલે શૈક્ષણિક સફળતા મહત્ત્વપૂર્ણ છે, પણ તે જીવનની અંતિમ કસોટી નથી. કોઈપણ પરીક્ષા એ જીવનની આખરી પરીક્ષા નથી એ વાતનો સ્વીકાર કરવો અત્યંત જરૂરી છે.

માર્ચ અને એપ્રિલ મહિનાનો તડકો હજુ તો શરૂ થાય ત્યાં જ અત્યારે ઘરોમાં બોર્ડની પરીક્ષાનો તાપ વર્તાવા લાગે છે. પરિણામની ઘડીઓ જ્યારે નજીક આવે ત્યારે વિદ્યાર્થીઓમાં હૃદયના ધબકારા વધી જાય છે. સોશિયલ મીડિયા પર ગુણવત્તાની સરખામણી શરૂ થાય છે અને અચાનક આખું વાતાવરણ પરિણામલક્ષી બની જાય છે.

પરિણામનો દિવસ દેશમાં લાખો વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો માટે આશા, ઉત્સુકતા અને ચિંતા ભરેલો બની જાય છે. કેટલાક માટે આ દિવસ ખુશીની મજા લઈને આવે છે, જ્યારે કેટલાક માટે નિરાશા અને હતાશાનું કારણ બની જાય છે. દુર્ભાગ્યે કેટલાક વિદ્યાર્થીઓ આ નિરાશાને એટલી ગંભીરતાથી લે છે કે તેઓ જીવનનો અંત લાવવા જેવા આત્મઘાતી પગલાં ભરે છે (આ ઘટનાઓ સમાજ તરીકે આપણી નિષ્ફળતા છે). આ એક અત્યંત દુઃખદ અને ચિંતાજનક પરિસ્થિતિ છે.

પરંતુ અહીં એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ઊભો થાય છે કે - શું એક પરીક્ષા, એક પરિણામ જીવનનો અંતિમ નિર્ણય કરી શકે? શું જીવનનું મૂલ્ય માત્ર માર્કશીટની ટકાવારી અને રેન્કથી માપી શકાય? ધોરણ-૧૦ કે ૧૨ના માર્કશીટના આંકડા કદાચ તમને સારી કોલેજમાં પ્રવેશ અપાવી શકે, પણ એ આંકડા તમારા જીવનની સફળતા કે નિષ્ફળતાની અંતિમ મહોર નથી.

**પરીક્ષા જીવનનો એક પડાવ, અંતિમ મુકામ નહીં :** શૈક્ષણિક પરીક્ષાઓ ચોક્કસ મહત્વપૂર્ણ છે. તે વિદ્યાર્થીઓના જ્ઞાન, મહેનત અને શિસ્તનું મૂલ્યાંકન કરે છે. પરંતુ એ પરીક્ષાઓ જીવનની અંતિમ કસોટી નથી. આ માત્ર એક પડાવ છે. જીવન એક લાંબી યાત્રા છે, જેમાં અનેક વળાંકો, પડકારો અને ક્ષણો આવે છે. પરીક્ષામાં નિષ્ફળતા એ માત્ર એક ક્ષણિક અવરોધ છે, તે કોઈ વ્યક્તિની ક્ષમતા કે ભવિષ્યને નક્કી કરતું નથી. ઘણા મહાન લોકોના જીવનમાં પણ આવી નિષ્ફળતાઓ આવી છે, પરંતુ તેમણે તેને અંત માનવાને બદલે નવી શરૂઆત તરીકે સ્વીકારી છે. આપણે વિદ્યાર્થીઓને એ સમજાવવાની જરૂર છે કે બોર્ડની પરીક્ષા એ માત્ર એક શૈક્ષણિક પ્રક્રિયા છે. તે બુદ્ધિ માપવાનું એક સાધન હોઈ શકે, પણ તે જીવન જીવવાની ક્ષમતા માપવાનું સાધન નથી. જિંદગીથી વધારે કશું જ કિંમતી નથી. કોઈપણ માર્કશીટ તમારા લોહીના એક ટીપા કરતાં પણ સસ્તી છે. જે માતા-પિતાએ તમને ૧૫-૧૭ વર્ષ સુધી ઉછેરીને મોટા કર્યા છે, તેમના માટે તમારું હોવું એ દુનિયાના તમામ સુખ-સમૃદ્ધિ કરતા વધારે કિંમતી છે. પરિણામ ખરાબ આવે તો તેને સુધારી શકાય છે, પણ ગયેલું જીવન ક્યારેય પાછું આવતું નથી.

ઘણીવાર સમાજ, પરિવાર અને શાળાઓ પણ સારું પરિણામ લાવવા માટે વિદ્યાર્થીઓ પર વધુ દબાણ બનાવે છે. "સારા માર્ક્સ લાવવાના" દબાણ હેઠળ વિદ્યાર્થીઓ પોતાનું માનસિક સ્વાસ્થ્ય ગુમાવી દે છે. પરિણામ જીવન કરતાં મોટું નથી. અહીં દરેક વ્યક્તિ અનોખી છે. દરેકમાં અલગ-અલગ શક્તિઓ અને ક્ષમતાઓ હોય છે. કોઈ ગણિતમાં સારું હોય છે, તો કોઈ કલામાં, કોઈ વિજ્ઞાનમાં આગળ હોય છે, તો કોઈ રમતગમતમાં. એક પરીક્ષા આ બધા પાસાઓને સંપૂર્ણ રીતે માપી શકતી નથી.

**લક્ષ્ય અને દ્રઢ મનોબળ: સફળતાની ચાવી :** જીવનમાં સફળતા મેળવવા માટે સૌથી મહત્ત્વપૂર્ણ છે - સ્પષ્ટ લક્ષ્ય અને દ્રઢ મનોબળ. જો વ્યક્તિ પોતાનું લક્ષ્ય નક્કી કરે અને તેને પ્રાપ્ત કરવા માટે સતત પ્રયત્નશીલ રહે, તો સફળતા મળે જ. સફળતા તુરંત જ મળે એ જરૂરી નથી. ક્યારેક તે સમય લે છે, પરંતુ જે વ્યક્તિ હિંમત નથી હારતી અને સતત પ્રયત્ન કરતી રહે છે, તે એક દિવસ

જરૂર સફળ બને છે. જો તમારી પાસે દ્રઢ મનોબળ હોય, તો તમે શૂન્યમાંથી સર્જન કરી શકો છો. હિંમત હારીને બેસી જનારાને ક્યારેય નવું આકાશ મળતું નથી. સફળતા એ કોઈ અકસ્માત નથી, તે સતત કરેલી મહેનતનું પરિણામ છે.

**અવરોધો અંત નથી; તક :** જીવનમાં અવરોધો આવવા સ્વાભાવિક છે. કોઈ પણનું જીવન સંપૂર્ણ સરળ નથી હોતું. પરંતુ આ અવરોધો આપણને શીખવે છે, મજબૂત બનાવે છે અને આગળ વધવાની પ્રેરણા આપે છે. જો આપણે અવરોધોને અંત તરીકે નહીં, પરંતુ નવી તક તરીકે જોઈએ, તો જીવન વધુ સરળ બની શકે છે. નિષ્ફળતા આપણને બતાવે છે કે ક્યાં સુધારવાની જરૂર છે.

જો ધાર્યું પરિણામ ન મળે તો નવો 'રોડમેપ' (Plan B) તૈયાર કરવો જોઈએ. નિષ્ફળતાને છુપાવવાને બદલે સ્વીકાર કરવો એ પ્રગતિનું પ્રથમ પગથિયું છે. જો તમને વિશ્વાસ હોય તો રી-ચેકિંગ, રી-ટેસ્ટ કે ગુણ ચકાસણીનો વિકલ્પ પણ પસંદ કરી શકો છો અથવા પહેલા કરતાં બમણી તાકાતથી પૂરક પરીક્ષા પણ આપી શકો છો.

**જીવન અમૂલ્ય છે :** એક પરિણામ માટે જીવન ન ગુમાવીએ. જીવન એક અમૂલ્ય ભેટ છે. એક પરીક્ષા, એક પરિણામ કે એક નિષ્ફળતા માટે તેને ગુમાવવું ક્યારેય યોગ્ય નથી. દરેક અંધકાર પછી પ્રકાશ આવે જ છે, દરેક નિષ્ફળતા પછી નવી તક જન્મે છે. જીવનમાં ઉતાર-ચઢાવ આવતા રહે છે, પરંતુ તે જીવનને સુંદર બનાવે છે. વિદ્યાર્થીઓએ સમજવું જોઈએ કે તેઓ માત્ર માર્કશીટના આંકડા નથી - તેઓ અનંત સંભાવનાઓથી ભરેલા છે. ભારતમાં વધતી જતી આત્મહત્યાની ઘટનાઓ હવે ગંભીર સામાજિક અને માનસિક સમસ્યા બની ગઈ છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB) મુજબ ૨૦૨૨માં ૧૨,૫૨૩ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી. ૨૦૧૩ થી ૨૦૨૩ દરમિયાન તેમાં ૬૪% નો વધારો નોંધાયો છે જે ખૂબ જ ચિંતાજનક છે.

**વિદ્યાર્થીની આત્મહત્યાના મુખ્ય કારણો :** વિદ્યાર્થીની આત્મહત્યા માટે માત્ર પરિણામ જ નહીં પણ ઘણા પરિબળો જવાબદાર છે, જેમ કે: (૧) શૈક્ષણિક દબાણ - JEE/NEET જેવી પરીક્ષાઓમાં થોડા જ સફળ થાય છે, સ્પર્ધા કઠિન બને છે તેથી વિદ્યાર્થીઓમાં ભય અને તણાવ વધે છે. (૨) માતા-પિતાની અપેક્ષાઓ - સારા માર્ક્સ લાવવાનું દબાણ તથા અન્ય વિદ્યાર્થીઓ સાથે તુલના (૩) સમાજ અને પ્રતિષ્ઠા - "સાયન્સ જ લેવું જોઈએ", "ટોપર જ બનવું જોઈએ" જેવી માન્યતાઓ. (૪) પરિણામ પછીની સ્થિતિ - "હવે શું"નો પ્રશ્ન, "હું નિષ્ફળ છું", "મારા માતા-પિતાને નિરાશ કરી દીધા" વગેરે. (૫) માનસિક સ્વાસ્થ્ય : આ મુદ્દા તરફ ભાગ્યે જ કોઈ ધ્યાન આપે છે, વિદ્યાર્થીઓ ઘણીવાર અંદરથી તૂટતા હોય છે, બહારથી સામાન્ય દેખાવાનો પ્રયત્ન કરે છે. તણાવ, નિંદ્રાની સમસ્યા, સતત ચિંતા, એકલતા, આત્મવિશ્વાસમાં ઘટાડો, પરિવાર, શાળા અને સમાજ આ બધા પરિબળો મળીને અસર કરે છે. જ્યારે પરિણામ ખરાબ આવે ત્યારે થોડું દુ:ખ થવું સ્વાભાવિક છે, પરંતુ તેને સ્વીકારો. માતા-પિતા, મિત્રો તથા શિક્ષકો સાથે વાત કરો, પોતાને દોષ ન આપો, રિ-એક્ઝામ અને સ્કિલ ડેવલપમેન્ટની તૈયારી કરો, નવા વિકલ્પો શોધો.

**પરીક્ષા સિસ્ટમની મર્યાદાઓ :** આજની શિક્ષણ પ્રણાલીમાં કેટલીક મૂળભૂત ખામીઓ છે - રટણ આધારિત અભ્યાસ, ક્રિએટિવિટી અને કૌશલ્યને ઓછું મહત્ત્વ, માત્ર માર્ક્સ પર જ ભાર. વિદ્યાર્થીઓને શીખવા કરતાં 'સ્કોર' કરવા માટે તૈયાર કરવામાં આવે છે. આ કારણે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ ઘટે છે તથા ભય અને નિષ્ફળતાનો ડર વધે છે.

**નિષ્ફળતા : સફળતાની સીડીનું પ્રથમ પગથિયું** : વિશ્વના ઇતિહાસ પર નજર નાખો, જે લોકોએ દુનિયા બદલી છે, તેમાંથી બિલ ગેટ્સ, રજનીકાંત, મહેન્દ્રસિંહ ધોની મોટાભાગના લોકો શાળા કે કોલેજમાં 'એવરેજ' વિદ્યાર્થીઓ જ હતા.

**ડો. અબ્દુલ કલામ :** શાળાના દિવસોમાં તેઓ તેજસ્વી વિદ્યાર્થી ન હતા, પરંતુ ખૂબ જ મહેનતુ અને જિજ્ઞાસુ હોવાને કારણે મોટા વૈજ્ઞાનિક બની 'અગ્નિ' અને 'પૃથ્વી'જેવી મિસાઈલો વિકસાવી મિસાઈલ મેન તરીકે ઓળખાયા. ભારતના રાષ્ટ્રપતિ તરીકે પણ યશસ્વી કામગીરી સંભાળી.

**થોમસ આલ્વા એડિસન :** જેમને 'મંદબુદ્ધિ' કહીને શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા, તેમણે વીજળીના બલ્બની શોધ કરી.

**આલ્બર્ટ આઈન્સ્ટાઈન :** જેમને બોલવામાં તકલીફ હતી અને ગણિત સિવાયના વિષયોમાં નબળા હતા, તેઓ વિશ્વના મહાન વૈજ્ઞાનિક બન્યા. **સ્ટીવ જોબ્સ કે બિલ ગેટ્સ :** આ બધાએ પણ શિક્ષણના ચીલાચાલુ માળખામાં નિષ્ફળતા જોઈ હતી, પણ તેમના દ્રઢ મનોબળ અને ચોક્કસ લક્ષ્યને કારણે આજે કરોડો લોકોના આદર્શ છે. નિષ્ફળતા એ સંકેત છે કે તમારે તમારી પદ્ધતિ બદલવાની જરૂર છે, તમારો હેતુ નહીં. **ધીરુભાઈ અંબાણી :** મેટ્રિક પાસ હતા, છતાં વિશ્વના ટોચના ઉદ્યોગપતિ બન્યા.

**આજના સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ :** ભારતના અનેક 'યુનિકોર્ન' કંપનીના માલિકો કોલેજ ડ્રોપઆઉટ અથવા સાધારણ શૈક્ષણિક બેકગ્રાઉન્ડ ધરાવે છે. વિશ્વના ઘણા ઉદ્યોગપતિઓ પરીક્ષામાં નિષ્ફળ થયા હતા, પરંતુ તેમણે હાર સ્વીકારી નહીં.

**કારકિર્દીના અગણિત વિકલ્પો :** ઘણા વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા એમ માને છે કે જો કોઈ ચોક્કસ કોલેજ કે કોર્સમાં એડમિશન ન મળે, તો ભવિષ્ય અંધકારમય બની જાય છે. પરંતુ હકીકતમાં એવું નથી. આજના સમયમાં કારકિર્દી માટે અનેક વિકલ્પો ઉપલબ્ધ છે. આજના સમયમાં કારકિર્દી એટલે માત્ર ડોક્ટર કે એન્જિનિયર બનવું એ જૂની વિચારધારા છે. પરંપરાગત ક્ષેત્રો સિવાય પણ અનેક નવા ક્ષેત્રો ઊભા થયા છે - ડિજિટલ મીડિયા, ગ્રાફિક ડિઝાઇનિંગ, એનિમેશન, ઉદ્યોગ સાહસિકતા, ટેકનોલોજી, કલા, સ્કિલ આધારિત કારકિર્દી, ડેટા સાયન્સ, કન્ટેન્ટ રાઈટિંગ, ડિજિટલ માર્કેટિંગ, યુટ્યુબિંગ જેવા ક્ષેત્રોમાં આજે લાખોની કમાણી છે. આઈ.ટી.આઈ. (ITI) કે અન્ય વોકેશનલ ટ્રેનિંગ લઈને પણ વ્યક્તિ સ્વનિર્ભર બની શકે છે. આ ઉપરાંત રમતગમત, સંગીત, ડાન્સ, પેઈન્ટિંગ કે સ્પોર્ટ્સમાં જો રુચિ હોય, તો તેમાં પણ પ્રોફેશનલ ડિગ્રીઓ ઉપલબ્ધ છે. એક દરવાજો બંધ થાય તો બીજા અનેક ખૂલી જાય છે.

**વાલીઓ માટે એક નમ્ર અપીલ :** આ લેખના માધ્યમથી વાલીઓને એક સંદેશ આપવો છે. તમારા બાળક પર અપેક્ષાઓનો બોજ એટલો ન વધારો કે તે દબાઈ જાય. પાડોશીના છોકરા કે સગા-સંબંધીઓના પરિણામ સાથે તમારા બાળકની સરખામણી કરવાનું બંધ કરો. દરેક બાળક અલગ છે, તેમની ક્ષમતાઓ અને રસ-રુચિ અલગ હોય છે. કોઈ ગણિતમાં કાચું હોય તો કોઈ કવિતામાં પાકું હોઈ શકે છે. જ્યારે પરિણામ ઓછું આવે ત્યારે તેને ઠપકો આપવાને બદલે તેની સાથે બેસો, તેને હિંમત આપો અને કહો કે, 'બેટા, ચિંતા ન કર, અમે તારી સાથે છીએ. આ તો માત્ર શરૂઆત છે.' તમારો આટલો ટેકો તેને આત્મહત્યા જેવા ખોટા વિચારોથી બચાવી લેશે. પ્રેમ, સમર્થન અને સમજણ - આ ત્રણ બાબતો વિદ્યાર્થીઓને કોઈપણ મુશ્કેલીમાંથી બહાર કાઢી શકે છે.

**આપણા સમાજમાં એક બહુ મોટી સમસ્યા છે :** 'લોકો શું કહેશે?' જ્યારે પરિણામ આવે છે ત્યારે વિદ્યાર્થીને પોતાના માર્ક્સનું દુઃખ ઓછું હોય છે, પણ પાડોશી કે સગા-વહાલાના ફોન આવશે ત્યારે શું જવાબ આપવો તેનો ડર વધારે હોય છે. તુલના કરવા કરતાં પ્રોત્સાહન આપવું વધુ જરૂરી છે. બાળકને શરતી પ્રેમ ન કરો (જો તું આટલા ટકા લાવીશ તો જ તને સાયકલ અપાવીશ). પરિણામના દિવસે ઘરે ઉત્સવ જેવું વાતાવરણ રાખો, ભલે માર્ક્સ ઓછા હોય. તેને અહેસાસ કરાવો કે તમે તેના માર્ક્સને નહીં પણ તેને પ્રેમ કરો છો. તેની નબળાઈને બદલે તેની શક્તિ વિશે વાત કરો. તેણે કરેલા પ્રયત્નો બિરદાવવા જોઈએ.

**અંતિમ સંદેશ :** જો પરિણામ અપેક્ષા મુજબ ન આવે, તો થોડું દુઃખ થવું સ્વાભાવિક છે, પરંતુ ત્યાં અટકી જવું યોગ્ય નથી. જીવન લાંબુ છે અને તેમાં અનેક તકો છુપાયેલી છે. એક દરવાજો બંધ થાય તો બીજો જરૂર ખૂલે છે. એક પરીક્ષામાં ઓછા માર્ક્સ એ તમારી લાયકાતનો આખરી ચુકાદો નથી. નવું લક્ષ્ય નક્કી કરો અને ફરી એકવાર ઉડવા માટે તૈયાર થઈ જાવ. આત્મવિશ્વાસ રાખો, મહેનત કરો અને હિંમત ન હારો. સફળતા વહેલી કે મોડી તમારા કદમ ચૂમશે જ.

**યાદ રાખો:** 'હારીને બેસી જનાર ઇતિહાસ નથી રચતા, પણ હારને પચાવીને ફરી બેઠા થનાર ઇતિહાસ બદલી નાખે છે!'

**સિવિલ સર્વિસમાં સ્નાતક :** ધો. ૧૨ પછી શું? આ દરેકને મૂંઝવતો સવાલ છે. જે વિદ્યાર્થીને ડોક્ટર બનવું છે તે મેડિકલમાં એડમિશન લેશે, જેને એન્જિનિયર બનવું છે તે એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ લેશે. એ જ રીતે અલગ-અલગ રસ-રુચિ પ્રમાણે કોર્સની વ્યવસ્થા છે. પરંતુ જેને સરકારી તંત્રમાં ઓફિસર બનવું છે તેના માટે કોઈ ડિગ્રી કોર્સ નથી. અને એટલા માટે જ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને ગયા વર્ષથી **'ગ્રેજ્યુએશન ઇન સિવિલ સર્વિસ'** નામનો ચાર વર્ષનો ડિગ્રી કોર્સ ડિઝાઇન કર્યો છે. જેમાં વિદ્યાર્થીને ચાર વર્ષ માત્ર ને માત્ર સિવિલ સર્વિસના અનુસંધાને જ અભ્યાસ કરવાનો રહે છે. ગ્રેજ્યુએશન સાથે જ સનદી અધિકારી બનવાની આ સુવર્ણ તક છે. આ માટે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને ઇન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ રિસર્ચ (IAR) યુનિ. ગાંધીનગર સાથે M.O.U. કર્યું છે. એટલે તમે જો UPSC કે GPSC અંતર્ગત કોઈપણ પરીક્ષા આપીને સનદી ઓફિસર થવા માંગતા હો તો આ કોર્સ તમારા માટે છે, જેનું નામ છે બેચલર ઓફ આર્ટ્સ ઇન સિવિલ સર્વિસીસ (B.A. Civil Services). આ કોર્સ તમામ સ્ટ્રીમ (આર્ટ્સ, કોમર્સ, સાયન્સ) ના વિદ્યાર્થીઓ માટે ખુલ્લો છે, જે એક વિશેષ તક પૂરી પાડે છે. ગુજરાતમાં આ પ્રથમ વિશિષ્ટ ગ્રેજ્યુએશન પ્રોગ્રામ છે.

આ કોર્સ શા માટે પસંદ કરવો? ડિગ્રીની સાથે UPSC/GPSCની સંપૂર્ણ તૈયારી. ગ્રેજ્યુએશનના ૩ વર્ષ દરમિયાન જ પ્રિલિમ્સ, મેન્સ અને ઇન્ટરવ્યૂની તૈયારી થતી હોવાથી વધારાના વર્ષો બગડે નહીં અને ડિગ્રી તો ખરી જ. ગુજરાત સરકાર દ્વારા માન્ય ડિગ્રી હોવાથી તમામ સરકારી નોકરી માટે લાયક છે. વધુ માહિતી માટે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની વેબસાઈટની મુલાકાત લો અથવા પ્રવેશ માટે સંસ્થાએ નક્કી કરેલ યુનિટનો સંપર્ક કરો.

**Institute of Advanced Research:** iar.ac.in
**Swaminarayan University:** swaminarayanuniversity.ac.in

**આર. પી. પટેલ - પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી**
**વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - અમદાવાદ**

## ધર્મ સૃષ્ટિ



**સંપાદક : ડો. પ્રભુદાસ પટેલ**
લેખક ઉમાસૃષ્ટિના મેનેજીંગ એડીટર તથા પૂર્વ તંત્રી, શ્રેષ્ઠ શિક્ષણ એવોર્ડ, શ્રેષ્ઠ શિક્ષકનો નેશનલ એવોર્ડ તથા ગુજરાત ગરિમા એવોર્ડ વિજેતા અને જાણીતા કેળવણીકાર છે.

# શ્રી રામચરિતમાનસ કથાસાર

### ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ

**પૂર્વકથા :** શ્રી રામચંદ્રજીએ લક્ષ્મણને પણ સાથે આવવા સંમતિ આપી. કહ્યું હે ભાઈ ! જઈને માતાથી વિદાય લઈ આવો. અને જલદી વનમાં ચાલો. લક્ષ્મણજી ઘણા આનંદિત થઈ ગયા.

**હવે આગળ :**

हरषित हृदयँ मातु पहिं आए ।
मनहुँ अंध फिरि लोचन पाए ॥

લક્ષ્મણજી માતા સુમિત્રાની પાસે આવ્યા, જાણે આંધળો ફરીથી નેત્ર પામી ગયો હોય, માતાના ચરણોમાં માથું નમાવ્યું; પરંતુ તેમનું મન શ્રી રામજી અને જાનકીજીની સાથે હતું માતાએ કારણ પૂછ્યું, સુમિત્રાજી કઠોર વચનો સાંભળી ચોંકી ઉઠ્યાં.

धीरजु धरेउ कुअवसर जानी ।
सहज सुहृद बोली मृदु बानी ॥

પરંતુ કુસમય જાણી ધીરજ ધારણ કરી સુમિત્રાજી કોમળ વાણી બોલ્યાં હે તાત ! જાનકીજી તમારાં માતા છે. દરેક રીતે સ્નેહ રાખનાર શ્રી રામજી તમારા પિતા છે. શ્રી રામજી જ્યાં હોય ત્યાં જ અયોધ્યા છે. જો ખરેખર શ્રી રામજી અને સીતાજી વનમાં જ્યાં હોય તો અયોધ્યામાં તમારું કોઈ કામ જ નથી.

गुर पितु मातु बंधु सुर साईं ।
सेइअहिं सकल प्रान की नाईं ॥

ગુરૂ, પિતા, માતા, ભાઈ દેવના અને સ્વામી આ બધાની સેવા પ્રાણ સમાન કરવી જોઈએ. વળી, શ્રી રામજી તો પોતાના પ્રાણ કરતાં પણ વધુ પ્રિય છે. હૃદયમાં આવું સમજીને હે તાત ! તેમની સાથે વનમાં જાઓ. રાગ, રોષ, ઈર્ષા અને મોહને સ્વપ્નમાં પણ ન જોઈએ. બધી રીતે વિકારોને ત્યજીને મન, વચન, કર્મથી શ્રી સીતારામજીની સેવા કરજો.

गए लखनु जहँ जानकिनाथू ।
भे मन मुदित पाइ प्रिय साथू ॥

માતાના ચરણોમાં માથું નમાવી લક્ષ્મણજી જ્યાં રામજી હતા ત્યાં ગયા. શ્રી રામજી અને સીતાજીના સુંદર ચરણોની વંદના કરી તેઓ એમની સાથે ચાલ્યા અને રાજભવનમાં આવ્યા.

कहहिं परसपर पुर नर नारी ।
भलि बनाइ बिधि बात बिगारी ॥

નગરમાં સ્ત્રી પુરુષઓ કહી રહ્યાં છે કે વિધાતાએ સારી બનેલી વાત બગાડી નાખી ! રાજદ્વાર ઉપર ભીડ જામી રહી છે. અપાર વિષાદનું વર્ણન થઈ શકે તેમ નથી. બધા હાથ મસળી રહ્યા છે અને માથું કૂટીને પસ્તાઈ રહ્યા છે.

सचिवँ उठाइ राउ बैठारे ।
कहि प्रिय बचन रामु पगु धारे ॥



શ્રી રામજી પધાર્યા છે. પ્રિય વચનો કહી મંત્રીએ રાજાને ઉઠાડીને બેસાડ્યા. સીતા સહિત બંને પુત્રોને વનગમન માટે તૈયાર થયેલા જોઈએ રાજા ઘણા વ્યાકુળ થયા સીતા સહિત બંને સુંદર પુત્રોને જોઈને. રાજા અકળાય છે. અને સ્નેહવશ વારંવાર તેમને હૃદયે ચોંપે છે. રાજા વ્યાકુળ છે ; બોલી પણ શકતા નથી.

पितु असीस आयसु मोहि दीजै ।
हरष समय बिसमउ कत कीजै ॥

શ્રી રામજીએ શીષ નમાવી ઉભા થઈ વિદાય માંગી હે પિતાજી ! મને આશીર્વાદ અને આજ્ઞા આપો. હર્ષના સમયે આપ શોક કેમ કરી રહ્યા છો! હે તાત ! કર્તવ્ય કર્મમાં ત્રુટિ કરવાથી જગતમાં જશ જતો રહેશે અને નિંદા થશે. ■

(ક્રમશઃ આવતા અંકમાં)

## ધર્મ સૃષ્ટિ




**શ્રી ભાણદેવજી**
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

# હરિ એ હાર પહેરાવ્યો

નરસિંહના પુત્ર શામળનું અવસાન બહુ નાની વયે થયું. તેમને કોઈ સંતાન હતું નહિ. નરસિંહના ધર્મપત્ની માણેકબાઈનું અવસાન પણ વહેલું જ થયું છે. ઘરમાં બે જ જણ છે. ભક્ત નરસિંહ અને પુત્રવધુ રતન !

**નરસિંહ લખે છે :**

**પત્નીને પુત્ર તો છે મરણ પામિયાં,**
**નગરના લોક કરતાં રૂદન ;**
**અવધ જેની થઈ, તેહ જાયે સહી,**
**લેશ નહિ શોક કરતું રે મન.''**




નરસિંહે જીવનમાં સમતા પ્રાપ્ત કરી લીધી છે. નરસિંહ સર્વથા શાંત અને સ્વસ્થ છે. નરસિંહે ''વૈષ્ણવ જન''નું પદ ગાયું છે, તે માત્ર પદ જ ગાયું નથી. તેમનું જીવન પણ તેવા જ સાચા વૈષ્ણવને શોભે તેવું જ હતું. નરસિંહે આ બધું વિચારીને લખ્યું નથી, જીવીને લખ્યું છે.

નરસિંહ ભગવત ભજન કરે છે અને શાંતિથી જીવે છે; પરંતુ આ દુનિયા ! આ દુનિયાના લોકો ભક્તને શાંતિથી રહેવા દેતા નથી. ભક્ત માટે કાંઈકને કાંઈક વિટંબણા તેઓ ઉભી કરે જ છે ! આમ આ ક્રમ પ્રમાણે નરસિંહના જીવનમાં એક બીજી વિટંબણા પણ આવે છે.

આ વિટંબણા તે 'હાર નો પ્રસંગ' છે. નરસિંહ હવે ભક્ત તરીકે, અધ્યાત્મ પુરુષ તરીકે સારી ખ્યાતિ પામ્યા છે. અનેક નરસિંહના દર્શન કરવા સત્સંગ પામવા આવે છે. જે વ્યક્તિ લોકપ્રિય બને, ખ્યાતિ પામે તે જ વ્યક્તિ કોઈકની ઈર્ષ્યાનું પાત્ર પણ બને જ. નરસિંહનું પણ એવું જ બન્યું. ઈર્ષાળુ જનો તો પ્રત્યેક સમાજમાં હોય છે. વળી નરસિંહ શુદ્ધ સાત્વિક જીવન જીવતાં હોવા છતાં સામાજિક રૂઢ પરંપરા પ્રમાણે જ જીવે અને વર્તે, તેમ પણ બનતું નથી. નરસિંહ તો ભર બજારે નાચે અને ગાય; નરસિંહ તો હરિજનવાસમાં પણ ભજન ગાવા જાય; નરસિંહ તો શ્રૃંગાર ભક્તિના પદો રચે અને ગાય પણ ખરા ! આમ ઈર્ષાળુજનોને નરસિંહની નિંદા કરવાના અને નરસિંહ વિરુધ્ધ ફરિયાદ કરવાના બહાના પણ મળી ગયા. જેમનું કામ જ ખામી શોધવાનું તેઓ ગમે તેમ કરીને ફરિયાદ શોધી જ લે છે.

ખામીઓ શોધી કાઢી, ચણભણ શરૂ થઈ અને કેટલાક વગદાર માણસોએ ફરિયાદ જૂનાગઢના રાજા રા'માંડલિક પાસે પહોંચાડી દીધી. આ લોકોએ રા'માંડલિકને નરસિંહ વિરુધ્ધ ઉશ્કેર્યો પણ ખરો ! રામાંડલિક કાચા કાનનો અને વિવેકહીન રાજા હતો. ચૂગલીખોર માનવોની ચૂગલીમાં માંડલિક ફસાઈ ગયો અને તેણે નરસિંહ મહેતાની કસોટી કરવાનો નિશ્ચય કર્યો. માંડલિકે પોતાના સેવકોને હુકમ કર્યો.

''નરસિંહને પકડીને અહીં હાજર કરો'' રાજ્યના સેવકો ભક્ત નરસિંહને પકડીને રાજાના દરબારમાં લઈ ગયા. આ આખા કાવતરામાં રા'માંડલિકનો મંત્રી ભીમ મુખ્ય હતો. રા'માંડલિક ભક્ત નરસિંહને આજ્ઞા કરે છે -

દામોદરાયજી મૂર્તિને જે હાર પહેરાવીએ તે જ હાર દામોદરાયજી તારા કંઠે આરોપે, તો જ તારાં ભજનકીર્તન અને સખીઓ સહ તારું વર્તન ભક્તિનું સ્વરૂપ છે, એમ ગણના થશે. અને તેમ નહિ બને તો તારો શિરચ્છેદ થશે !

આ પ્રસંગે રા'માંડલિકની રાજસભામાં સાધુ-સંતો, ભીમમંત્રી, અન્ય દરબારીઓ અને નરસિંહના વિરોધીઓ પણ હાજર હતા.

# ધર્મ સૃષ્ટિ

આ તો નરસિંહ મહેતા અને તેમની ઈશ્વરનિષ્ઠા સામે પડકાર હતો. નરસિંહ મહેતા તો સરળ અને નમ્ર છે. તેમનામાં આવા પડકાર ઝીલવાની કોઈ વૃત્તિ નથી; પરંતુ ભક્તવત્સલતા પર પડકાર હતો. નરસિંહ મહેતા વિચારે છે આ તો મારા પ્રભુની કૃપા અને પ્રભુના સામર્થ્ય સામે પડકાર છે. એટલે આ પડકાર તો મારે મારા ભગવાન માટે પણ ઝીલી જ લેવો જોઈએ.

નરસિંહ ભક્ત પડકાર ઝીલી લે છે અને પોતાના પ્રભુને પોકારવા માટે સજ્જ થાય છે. નરસિંહ ભગતના અંતરની વાણી સમાન ભજનોનો પ્રારંભ થાય છે.

નરસિંહ ભગત આખી રાત અનેક રાગમાં અનેક પદો ગાય છે. પ્રભાત પંચમ ધનાશ્રી, મારુ, દેવગાંધાર, બિલાવલ, હોરી - આમ અનેક રાગમાં નરસિંહ તલ્લીન બનીને એકપછી એક ભજનો ગાય છે. પરંતુ નરસિંહ ભગતનું શ્રીકૃષ્ણને ભૂતલ ઉપર ઉતારવાનું સામર્થ્ય તો 'કેદાર' રાગના સૂરોમાં જ છે. કેદાર રાગમાં ભજન ગાઈને પ્રભુને બોલાવે તો જ પ્રભુ પ્રગટ થાય અને અત્યારે નરસિંહ 'કેદાર'માં કોઈ પદ ગાઈ શકે તેમ નથી.

કારણ શું ? કારણ એમ હતું કે નરસિંહે ધરણીધર મહેતાને ઘેર 'કેદાર' ગીરો મૂકેલ છે. નરસિંહ ભગત સમક્ષ ધર્મ સંકટ આવ્યું છે. પ્રભુ પ્રગટ થયા વિના હાર નરસિંહના ગળામાં પહેરાવે નહિં. અને પ્રભુ હાર ન પહેરાવે તો રા'માંડલિક શિરચ્છેદ કરે. પરંતુ કેદાર રાગમાં પદ ગાયા વિના પ્રભુ પ્રગટ થાય નહિં અને 'કેદાર' રાગ રીતો મૂકેલો છે. કેદારરાગમાં પદ ગવાય કેવી રીતે ? કેદારરાગમાં ગીરો મૂકેલા કેદારને ગીરોમાંથી મુક્ત કરવા માટે જવું પણ કેવી રીતે ?

નરસિંહ સર્વ સમર્થ નથી. પરંતુ પ્રભુતો સર્વસમર્થ છે ને ! અને નરસિંહને પોતાના પ્રભુના સામર્થ્ય અને ભક્ત વત્સલતા પર પૂર્ણ શ્રધ્ધા છે. આ રાગ કેદાર ગીરો મૂકાયો કેવી રીતે ?

એકવાર ભક્ત નરસિંહ જૂનાગઢ થી પોતાની જન્મભૂમિ તળાજા ગયા હતા. તે વખતે "સોમચંદ" નામના એક વણિક નરસિંહ પાસે આવે છે. સોમચંદ આર્થિક મુશ્કેલીમાં છે, દેણામાં આવી ગયો છે. સોમચંદ નરસિંહને પાયે પડીને, કરગરીને કહે છે- "મહેતાજી" મને આ મુશ્કેલીમાંથી છોડાવો.

નરસિંહ પોતે તો અકિંચન છે, પરંતુ દયાળુ પણ છે જ ! નરસિંહ ધરણીધર મહેતા પાસેથી ત્રણસો રૂપિયા લઈને સોમચંદને આપે છે અને તે વખતે 'કેદાર'રાગ ગીરો તરીકે મૂકે છે. જ્યાં સુધી ધરણીધર મહેતાને ત્રણસો રૂપિયા અપાય નહિ ત્યાં સુધી 'કેદાર' રાગ ગઈ શકાય નહિં.

આ સંકટ છે ! મહેતા નરસિંહનું આ સંકટ છે ! પરંતુ સંકટ હરનાર પ્રભુ માટે કાંઈ જ અશક્ય નથી.

પ્રભુ પોતે જ ભક્ત નરસિંહનું રૂપ ધારણ કરીને ધરણીધર મહેતા પાસે ગયા અને તેમના ત્રણસો રૂપિયા આપી દીધા અને રૂપિયા ત્રણસો મળ્યા છે તથા 'કેદાર' ગીરોમાંથી મુક્ત છે આ અર્થનું લખાણ પણ લીધું. આ પહોંચ પ્રભુએ રા'માંડલિકના દરબારમાં મહેતાજીના હાથમાં આપી. પ્રભુના દર્શન તો ભક્ત નરસિંહને એક ને જ થયા, પરંતુ પહોંચ-પત્રના દર્શન તો સૌને થયા.

હવે 'કેદાર' રાગ મુક્ત થયો છે. ભક્ત નરસિંહ કેદાર રાગમાં પદો ગાય છે અને પોતાના વહાલા પ્રભુને પોકારે છે. ભક્તનો પોકાર સાંભળીને પ્રભુ પધારે છે. શ્રી દામોદરરાયજી પ્રગટ થયા અને પોતાના કંઠનો હાર સ્વહસ્તે નરસિંહના કંઠમાં પહેરાવ્યો.

સભામાં સૌ સ્તબ્ધ થઈ ગયા. રાજા રા'માંડલિક અને સૌ સભાજનો ભક્ત નરસિંહના ચરણોમાં મસ્તક નમાવે છે. તે વખતે સભામાં ઉપસ્થિત એક મહાન સાધુ રામાનંદ રા'માંડલિકને શાપ આપવા તત્પર થાય છે; પરંતુ નરસિંહ ભગત તેમને તેમ કરતાં રોકે છે. નરસિંહ પોતે જ લખે છે

**"મહેતાજી કહે એમ ન કીજે, ક્રોધ રામાનંદ મુન્યજી**
**રાય દામોદરે હાર જ આપ્યો, તે રાય માંડલિકનું પુન્યજી"**

ભક્ત નરસિંહ તો નમ્રતાની મૂર્તિ છે. નરસિંહ તો સૌને નમતા નમતા રા'માંડલિકના રાજદરબારમાંથી સ્વસ્થાને પધારે છે. અને ભગવાન શ્રીકૃષ્ણને સ્તુતિ પ્રાર્થના કરે છે. આ છે આપણઆ ભક્ત નરસિંહ મહેતા ! ■

કવર સ્ટોરી



**પ્રો. ડો. જે. એમ. પનારા**
તંત્રીશ્રી “ઉમાસૃષ્ટિ” સામયિક, VUF અમદાવાદ
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

# ગુજરાત સ્થાપના દિવસ : સંઘર્ષથી સમૃદ્ધિની યાત્રા

**પ્રસ્તાવના :** **“જ્યાં-જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં-ત્યાં સદાકાળ ગુજરાત.”** કવિ ખબરદારની આ પંક્તિઓ માત્ર શબ્દો નથી, પણ વિશ્વના ખૂણે-ખૂણે ફેલાયેલી ગુજરાતીઓની અસ્મિતાનો પડઘો છે. ૧ મે, ૧૯૬૦ના રોજ ભારતના નકશા પર ઉભરેલું આ રાજ્ય આજે ભારતનું જ નહીં, પણ વિશ્વનું એક મહત્ત્વનું આર્થિક અને સાંસ્કૃતિક કેન્દ્ર બની ગયું છે. આ દિવસ માત્ર એક રાજ્યની સ્થાપનાનો દિવસ નથી, પરંતુ તે ગુજરાતની અસ્મિતા, સંસ્કૃતિ અને એકતા માટેના સંઘર્ષનું પ્રતીક છે. આ દિવસ આપણને એ યાદ અપાવે છે કે ગુજરાતના લોકોએ કેવી રીતે પોતાના હક માટે એકજૂટ થઈને મહાગુજરાત આંદોલન ચલાવી અને આખરે પોતાનું સ્વતંત્ર રાજ્ય પ્રાપ્ત કર્યું. પરંતુ આ ગરવી ગુજરાતની સ્થાપના પાછળ એક લાંબો સંઘર્ષ, અનેક બલિદાનો અને દ્રઢ સંકલ્પશક્તિનો ઈતિહાસ છુપાયેલો છે.

**રાજ્યની સ્થાપના પહેલાની પૃષ્ઠભૂમિ :** સ્વતંત્રતા પહેલાં ગુજરાત બ્રિટિશ શાસન હેઠળ બોમ્બે પ્રેસિડન્સીનો ભાગ હતું. ભારતની આઝાદી સમયે દેશ અનેક રજવાડાંઓમાં વહેંચાયેલો હતો. લોખંડી પુરુષ અને ભારતના એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના અથાગ પ્રયત્નોથી રજવાડાંઓનું એકીકરણ થયું. ભારત સ્વતંત્ર થયું ત્યારે રાજ્યોનું વિભાજન ભાષાકીય ધોરણે થયું નહોતું. તે સમયે આજનું ગુજરાત અને મહારાષ્ટ્ર સાથે મળીને ‘બૃહદ મુંબઈ રાજ્ય’ (Bombay State) તરીકે ઓળખાતું હતું. અંગ્રેજોના શાસનકાળથી જ વહીવટી સરળતા માટે આ વ્યવસ્થા હતી, પરંતુ ભાષાવાર રાજ્યોની માંગણી દેશભરમાં પ્રબળ બની રહી હતી.

**અલગ રાજ્યની માંગ પાછળના કારણો :** ૧૯૫૬માં જ્યારે રાજ્ય પુનર્ગઠન આયોગ દ્વારા તેલુગુ ભાષીઓ માટે આંધ્રપ્રદેશની રચના કરવામાં આવી, ત્યારે ગુજરાત અને મહારાષ્ટ્રમાં પણ ભાષા આધારિત અલગ રાજ્યની માંગ ઉઠી. મુખ્ય કારણો નીચે મુજબ હતા.

**ભાષાકીય ઓળખ :** ગુજરાતી અને મરાઠી બંને પ્રજાની સંસ્કૃતિ, પરંપરા અને ભાષા ભિન્ન હતી.

**રાજકીય પ્રતિનિધિત્વ :** મુંબઈ રાજ્યમાં ગુજરાતીઓનું રાજકીય વર્ચસ્વ ઓછું હતું.

**આર્થિક અવગણના :** ગુજરાતના વિકાસને પૂરતું મહત્ત્વ મળતું ન હતું. ગુજરાતની પ્રજાને લાગતું હતું કે અલગ રાજ્ય બને તો જ પ્રાદેશિક સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકાય.


**સાંસ્કૃતિક ભિન્નતા :** મહારાષ્ટ્ર અને ગુજરાત વચ્ચે પરંપરાઓમાં તફાવત હતો.

**વહીવટી મુશ્કેલીઓ :** ‘બોમ્બે રાજ્ય‘ ઘણું વિશાળ હોવાથી યોગ્ય પ્રશાસન ચલાવવામાં મુશ્કેલી પડતી હતી.

**પ્રાદેશિક ગૌરવ :** ગુજરાતની જનતાને પોતાની આગવી ઓળખ બનાવવાની ભાવના હતી.

**મહાગુજરાત ચળવળ : લોકશક્તિનો ઉદય :** ગુજરાતને અલગ રાજ્ય બનાવવાની માંગ માટે ‘મહાગુજરાત ચળવળ’ શરૂ થઈ. જ્યારે કેન્દ્ર સરકારે મુંબઈને દ્વિભાષી રાજ્ય રાખવાનો નિર્ણય કર્યો, ત્યારે ગુજરાતના યુવાનો અને જનતામાં રોષ ફાટી નીકળ્યો. ગુજરાતને અલગ રાજ્ય બનાવવાની માંગ માટે “મહાગુજરાત ચળવળ” શરૂ થઈ. આ ચળવળનું મુખ્ય ધ્યેય હતું - ભાષાકીય આધાર પર ગુજરાત માટે અલગ રાજ્ય બનાવવું.

ચળવળ દરમિયાન અનેક રેલીઓ, વિરોધ પ્રદર્શન અને સત્યાગ્રહો યોજાયા. ૧૯૫૬ પછી આ આંદોલન વધુ તેજ બન્યું. ૧૯૫૬ થી ૧૯૬૦ દરમિયાન આ ચળવળે એક મહાન સ્વરૂપ ધારણ કર્યું, જેમાં વિદ્યાર્થીઓ, ખેડૂતો, વેપારીઓ અને સામાન્ય જનતા જોડાયા. આ રાજ્ય આપણને સહેલાઈથી મળ્યું નથી. આ રાજ્ય માટે આપણે લોકોએ સંઘર્ષ કર્યો છે. આ ચળવળમાં યુવાનો, ખેડૂતો, શ્રમિકો, વેપારીઓ બધાએ મળીને એક જ અવાજ ઉઠાવ્યો - **‘અમને આપો અલગ ગુજરાત’**.



પૂજ્ય રવિશંકર મહારાજ
ગુજરાત રાજ્યના ઉદ્‌ઘાટક

**ચળવળમાં મુખ્ય યોગદાન અને નેતાઓ :** આ લડાઈ માત્ર રાજકીય નહોતી, પણ જન આંદોલન હતું.

**ઈન્દુલાલ યાજ્ઞિક (ઈન્દુચાચા):** આ ચળવળમાં અગ્રણી નેતા તરીકે ઈન્દુલાલ યાજ્ઞિકનું નામ અગ્રસ્થાને આવે છે. તેમણે ''મહાગુજરાત જનતા પરિષદ'' ની સ્થાપના કરી અને ગામડે-ગામડે જઈને લોકોને જાગૃત કર્યા અને આંદોલનને દિશા આપી. તેમની લોકપ્રિયતા એવી હતી કે લોકો તેમને પ્રેમથી 'ઈન્દુચાચા' કહેતા. તેમણે ગુજરાતની જનતાને એકત્રિત કરી અને એક શક્તિશાળી જનઆંદોલન ઊભું કર્યું. તેઓ અગ્રણી સ્વતંત્રતા સેનાની પણ હતા, તેમણે પોતાનું સમગ્ર જીવન જનસેવા, સામાજિક કાર્ય અને ગુજરાતના વિકાસ માટે સમર્પિત કર્યું હતું. તેઓ જન આંદોલનના પ્રાણ હતા અને મહાગુજરાતના શિલ્પી હતા. તેમણે ગુજરાતની જનતામાં જાગૃતિ ફેલાવી અને **'જય જય ગરવી ગુજરાત'** નો નાદ ગુંજાવ્યો.

**બ્રહ્મકુમાર ભટ્ટ :** તેઓ યુવા નેતા હતા, જેમણે વિદ્યાર્થીઓને સંગઠિત કર્યા.

**સનત મહેતા :** તેમણે બૌદ્ધિક અને મેદાની સ્તરે લડત આપી હતી.

**દિનકર મહેતા :** શ્રમિક વર્ગના નેતા, આંદોલનમાં મજૂરોને જોડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા.

**હિંમતલાલ શુક્લ :** મહાગુજરાત જનતા પરિષદના સક્રિય કાર્યકર, વિરોધ પ્રદર્શન અને સંગઠન કાર્યમાં યોગદાન.

**જયંતિ દલાલ :** પ્રખ્યાત સાહિત્યકાર અને સમાજસેવક, ચળવળને સાહિત્ય અને વિચારધારા દ્વારા બળ આપ્યું.

**મોરારજી દેસાઈ :** આંદોલન સમયે તેઓ બોમ્બે રાજ્યના મુખ્યમંત્રી હતા. તેઓ આ ચળવળને દબાવી દેવા માંગતા હતા. તેમની નીતિઓ સામે ગુજરાતમાં વ્યાપક વિરોધ થયો, જેણે ચળવળને વેગ આપ્યો.

**ડો. જીવરાજ મહેતા :** ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી - ૧ મે ૧૯૬૦ થી ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૩ સુધી. તેમણે રાજ્યની રચના અને વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

**બળવંતરાય મહેતા :** તેમણે પણ રાજ્યની રચનામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેઓ ગુજરાતના બીજા મુખ્યમંત્રી બન્યા હતા, તેમનો કાર્યકાળ ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૩ થી ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૫ સુધી હતો.

**ચળવળના અમર શહીદો :-** મહાગુજરાતની સ્થાપના માટે યુવાનો અને જનતામાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. ૭ ઓગસ્ટ, ૧૯૫૬ના રોજ અમદાવાદના લાલ દરવાજા ખાતે વિદ્યાર્થીઓ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન શરૂ થયું હતું. **આ આંદોલન 'મહાગુજરાત આંદોલન'તરીકે ઈતિહાસમાં અમર થઈ ગયું.** કોઈપણ મોટી સિદ્ધિ બલિદાન વગર મળતી નથી. મહાગુજરાત આંદોલન દરમિયાન અનેક લોકોએ પોતાના જીવનનું બલિદાન આપ્યું છે. ખાસ કરીને ૮ ઓગસ્ટ, ૧૯૫૬માં કોંગ્રેસ હાઉસની બહાર થયેલા પોલીસ ફાયરિંગમાં અનેક નિર્દોષ લોકો શહીદ થયા હતા. શહીદોના લોહીથી સિંચાયેલું છે આપણું ગુજરાત. તેમના ત્યાગ વગર આજે આ દિવસ શક્ય ન હોત. **જે શહીદ થયા તેમાંના કેટલાંક પ્રતીકરૂપ નામ :- પૂનમચંદ કડિયા, કૌશિક વ્યાસ, સુરેશ ભટ્ટ, ચંદુલાલ પટેલ, મનહરલાલ પટેલ, કાન્તિલાલ શાહ, રમેશચંદ્ર વ્યાસ, ગંગારામ ચૌધરી, અબ્દુલ પીરભાઈ વગેરે.**

ઈતિહાસમાં બધા શહીદોના નામો સંપૂર્ણ રીતે દસ્તાવેજીકૃત થયા નથી, છતાં કુલ મળીને ૨૦૦ થી વધુ લોકોએ શહાદત આપી હોવાનું માનવામાં આવે છે. આ શહીદોની યાદમાં અમદાવાદમાં સ્મારક સ્થાપિત કરવામાં આવ્યું છે, જે આજે પણ આપણને તેમના ત્યાગની યાદ અપાવતું પવિત્ર સ્થાન છે. અહીં દર વર્ષે ૧ મે ના દિવસે શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે.

**૧ મે, ૧૯૬૦ નૂતન ગુજરાતનો ઉદય :** લાંબા સંઘર્ષ અને જન આંદોલન પછી આખરે જનતાના આક્રોશ સામે કેન્દ્ર સરકારને નમવું પડ્યું. **૧ મે, ૧૯૬૦ ના રોજ સાબરમતી આશ્રમ ખાતે પૂજ્ય રવિશંકર મહારાજના હસ્તે ગુજરાત રાજ્યનું ઉદ્‌ઘાટન થયું.** પ્રથમ



**ઈન્દુલાલ યાજ્ઞિક (ઈન્દુચાચા)**
**આધુનિક ગુજરાતના ઘડવૈયા**

મુખ્યમંત્રી તરીકે ડો. જીવરાજ મહેતાએ શપથ લીધા. મહારાજે આશીર્વચન આપતા કહ્યું હતું કે - **"ગુજરાત માત્ર વેપારીઓનું જ નહીં પણ વીરો અને સંતોનું રાજ્ય બને."** આ દિવસે ગુજરાત સતાવાર રીતે રાજ્ય બન્યું અને અમદાવાદ તત્કાલિન રાજધાની બન્યું. આ દિવસ ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થયો છે. આ દિવસે બોમ્બે રાજ્યનું વિભાજન કરીને બે અલગ રાજ્યો-ગુજરાતી ભાષીઓ માટે ગુજરાત અને મરાઠી ભાષીઓ માટે મહારાષ્ટ્ર બનાવવામાં આવ્યા. દર વર્ષે ગુજરાત સ્થાપના દિવસની ઉત્સાપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. ઈન્દુલાલ

**સ્થાપના પછી વિકાસની હરણફાળ :** સ્થાપના સમયે ગુજરાત પાસે મર્યાદિત સંસાધનો હતા, પરંતુ ગુજરાતીઓની મહેનત અને સાહસિક વૃત્તિએ રાજ્યને કાયાપલટ કરી દીધું. ગુજરાત રાજ્યની સ્થાપના પછી વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર અને ઝડપી પ્રગતિ થઈ છે. આ પ્રગતિ માત્ર આર્થિક જ નહીં, પરંતુ સામાજિક, શૈક્ષણિક, ઔદ્યોગિક ક્ષેત્રમાં ગુજરાતની વિકાસયાત્રા ખરેખર પ્રભાવશાળી રહી છે. ગુજરાતના વિકાસની મુખ્ય ઝાંખી નીચે મુજબ છે.

**૧. ઔદ્યોગિક અને આર્થિક વિકાસ :** ગુજરાત આજે ભારતના "ગ્રોથ એન્જિન" તરીકે ઓળખાય છે. અમદાવાદ, વડોદરા, સુરત, કચ્છ, વાપી, રાજકોટ, અંકલેશ્વર, જામનગર, હઝીરા જેવા વિસ્તારોમાં મોટા ઉદ્યોગ વિકસ્યા છે.

**મેન્યુફેક્ચરિંગ હબ :** ફાર્માસ્યુટિકલ, કેમિકલ અને પેટ્રોકેમિકલ્સ ક્ષેત્રે ગુજરાત દેશમાં મોખરે છે.

**હીરા અને ટેક્સટાઈલ :** ડાયમંડ સીટી સુરત વિશ્વના હીરા કટીંગ અને પોલિશિંગનું ૯૦% થી વધુ કામ કરે છે, જ્યારે અમદાવાદ 'ભારતનું માંચેસ્ટર' તરીકે જાણીતું છે.

**કંડલા અને મુન્દ્રા :** જેવા બંદરો દ્વારા વેપારમાં અનેકગણો વધારે થયો છે. **વાઈબ્રન્ટ ગુજરાત સમિટ** દ્વારા રાજ્યમાં મોટાભાગે વૈશ્વિક રોકાણનું આકર્ષણ વધ્યું છે. FDI લાવવામાં સિંહ ફાળો આપ્યો છે. MSME ક્ષેત્રમાં પણ મજબૂત વૃદ્ધ થઈ છે.

**૧. ગુજરાત આજે ભારતનું પેટ્રોકેમિકલ હબ છે.** જામનગરની રિફાઈનરીથી લઈને અંકલેશ્વર - વાપીના કેમિકલ ઝોન સુધી ગુજરાત ઉદ્યોગમાં અગ્રેસર છે. **૨. ડિજિટલ અને મોડર્ન ગુજરાત :** ગિફ્ટ સિટી, ધોલેરા SIR અને સ્ટેચ્યુ ઓફ યુનીટી જેવા પ્રોજેક્ટ્સ આજે ગુજરાતને વૈશ્વિક ફલક પર મૂકે છે. **૩. દેશના વિકાસમાં ગુજરાતનું યોગદાન :** ભારતના કુલ જીડીપી (GDP) માં ગુજરાતનો ફાળો આશરે ૮.૩% જેટલો છે. દેશની કુલ નિકાસમાં ગુજરાત ૩૦% થી વધુ હિસ્સો ધરાવે છે. ભારતને ૫ ટ્રિલિયન ઈકોનોમી બનાવવામાં ગુજરાત મુખ્ય એન્જિનની ભૂમિકા ભજવી રહ્યું છે. **સેમિકન્ડક્ટર હબ :** ધોલેરા અને સાણંદમાં સેમિકન્ડક્ટર પ્લાંટ્સ સાથે ગુજરાત ટેકનોલોજીનું નવું કેન્દ્ર બનશે. **૪. કૃષિ અને પશુપાલન :** ગુજરાતે પાણીની અછત છતાં કૃષિમાં નવીનતા અપનાવી છે. માઈક્રો ઈરિગેશન (ડ્રિપ અને સ્પ્રિંકલર)નો વ્યાપક ઉપયોગ કપાસ, જીરૂ, મગફળી એરંડા અને ઘઉં જેવા પાકોમાં ગુજરાત દેશમાં અગ્રેસર છે. સરદાર સરોવર દ્વારા ગુજરાતના છેવાડાના વિસ્તારો સુધી પીવાનું પાણી તથા સિંચાઈનું પાણી પહોંચાડવામાં આવ્યું છે. કૃષિ મહોત્સવ જેવી પહેલથઈ ખેડૂતોમાં આધુનિક ખેતી પ્રત્યે જાગૃતિ આવી છે. **શ્વેતક્રાંતિ :** ડો. વર્ગીસ કુરિયન અને ત્રિભુવનદાસ પટેલના નેતૃત્વમાં શરૂ થયેલી અમૂલ ડેરીની સહકારી પ્રવૃત્તિએ ગુજરાતને દૂધ ઉત્પાદનમાં વિશ્વસ્તરે નામના અપાવી છે. ગુજરાતે દેશને દૂધમાં આત્મનિર્ભર બનાવ્યો છે.

**સુજલામ સુફલામ યોજના :** જળ સંચયના અભિયાન દ્વારા ભૂગર્ભ જળ સ્તરમાં સુધારો કરવામાં આવ્યો છે.

**૫. ઉર્જા ક્ષેત્રમાં પ્રગતિ :(રીન્યુએબલ એનર્જી)** ગુજરાત ઉર્જાના ક્ષેત્રે 'સરપ્લસ' (વધારાની વિજળી ધરાવતું) રાજ્ય બન્યું છે. **પુનઃ પ્રાપ્ય ઉર્જા :** ચારણકા સોલાર પાર્ક અને વિન્ડ એનર્જી (પવન ઉર્જા) દ્વારા પર્યાવરણ ફ્રેન્ડલી ઉત્પાદનમાં ગુજરાત દેશમાં ટોચના સ્થાને છે. **જ્યોતિગ્રામ યોજના :** ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે જેણે જ્યોતિગ્રામ યોજના હેઠળ ગામડાઓમાં ૨૪ કલાક સતત વીજળી પૂરી પાડી છે.



ડો. જીવરાજ મહેતા
ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી

**૬. શિક્ષણ અને સામાજિક ક્ષેત્ર :** ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, પેટ્રોલયમ યુનિવર્સિટી અને રક્ષા શક્તિ યુનિવર્સિટી જેવી વિશિષ્ટ શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. ગુણોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રા જેવા કાર્યક્રમો દ્વારા સાક્ષરતા દરમાં ઉત્તરોઉત્તર વધારો થયો છે. IIT, IIM, NID જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ રાજયને ગૌરવ અપાવે છે.

**૭. આરોગ્ય સેવાઓ :** સરકારી હોસ્પિટલો અને આરોગ્ય સેવાઓમાં વધારો થયો છે. 'ચિરંજીવી યોજના' જેવી માતા બાળ આરોગ્ય યોજના મૂકવામાં આવી છે. એઈમ્સ જેવી સંસ્થા રાજયના ગૌરવ સમાન છે.**૮. ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ :** રાજયમાં ઉત્તમ રોડ નેટવર્ક અને હાઈવે, બંદરો, એરપોર્ટ, રેલવે વગેરે ક્ષેત્રોમાં ગુજરાત અગ્રેસર છે. કંડલા અને મુંદ્રા જેવા બંદરો આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્વ ધરાવે છે. **ગિફ્ટ સીટી આંતરરાષ્ટ્રીય** ફાઈનાન્સિયલ હબ તરીકે વિકસી રહ્યું છે.

**બુલેટ ટ્રેન :** મુંબઈ - અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પરિવહન ક્ષેત્રે ક્રાંતિ લાવશે.

**૯. પ્રવાસન અને સાંસ્કૃતિક વારસો :** "ખુશબૂ ગુજરાત કી" અભિયાન હેઠળ પ્રવાસન ક્ષેત્રે ક્રાંતિ આવી છે.

**સ્ટેચ્યુ ઓફ યુનીટી :** ભારતની એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. **સાંસ્કૃતિક ગૌરવ :** ગરબાને યુનેસ્કો દ્વારા અમૂર્ત સાંસ્કૃતિક વારસાનો દરજ્જો મળવો એ રાજયની સાંસ્કૃતિક ઓળખની મોટી સિદ્ધિ છે. ગીરના સિંહ, કચ્છનો રણોત્સવ, સોમનાથ, દ્વારકા અને અંબાજી જેવા ધાર્મિક સ્થળો દેશભરના પ્રવાસીઓને આકર્ષે છે. આ બધું મળીને ગુજરાતને "ધર્મ અને વિકાસ"નું અનોખું સંયોજન બનાવે છે.

**ગુજરાતની વિશેષતાઓ :** ગુજરાત અન્ય રાજ્યો કરતાં ઘણા મુદ્દાઓમાં આગવું સ્થાન ધરાવે છે.

**દરિયા કિનારો :** ભારતનો સૌથી લાંબો ૧૬૦૦ કિમી.નો દરિયા કિનારો ગુજરાત પાસે છે.

**ઉદ્યોગ સાહસિકતા :** ગુજરાતીઓના લોહીમાં વ્યાપાર છે. રીસ્ક લેવાની ક્ષમતા તેને બીજાથી અલગ પાડે છે.

**સલામતી :** મહિલાઓ માટે સૌથી સુરક્ષિત રાજ્ય, શાંતિપ્રિય અને પ્રગતિશીલ જનતા.

**પ્રવાસન :** સફેદ રણ (કચ્છ) થી લઈને ગીરના સિંહો સુધીની વિવિધતા.

**ઉત્સવ પ્રિયતા :** નવરાત્રી જેવો વિશ્વનો સૌથી લાંબો ચાલતો નૃત્ય મહોત્સવ.

**સમૃદ્ધ ઐતિહાસિક વારસો :** મહાન વ્યક્તિત્વોની ભૂમિ : અહીં મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા મહાનુભાવોનો જન્મ થયો છે.

**નિષ્કર્ષ :** ગુજરાત માત્ર એક જમીનનો ટુકડો નથી, પણ એક વિચારધારા છે - સત્ય, અહિંસા અને પુરુષાર્થની. ગાંધી અને સરદારની આ ભૂમિએ હંમેશા દેશને રસ્તો બતાવ્યો છે. ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ માત્ર એક ઐતિહાસિક દિવસ નથી, પરંતુ તે ગુજરાતની અસ્મિતા, એકતા અને વિકાસનું પ્રતીક છે. મહાગુજરાત ચળવળના શહીદો અને નેતાઓના સંઘર્ષના કારણે આજે આપણે એક સમૃદ્ધ અને પ્રગતિ શીલ ગુજરાતમાં જીવીએ છીએ. આ દિવસ માત્ર એક તારીખ નથી, આ દિવસ છે અસ્મિતા, સંઘર્ષ અને સ્વાભિમાનની જીતનો દિવસ, આ એ દિવસ છે જયારે ગુજરાતને પોતાની ઓળખ મળી.

આ દિવસ આપણને પ્રેરણા આપે છે કે આપણે પણ ગુજરાતના વિકાસમાં પોતાનો ફાળો આપીએ. ચાલો આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે આવનારા સમયમાં ગુજરાતને માત્ર ભારતનું જ નહીં, વિશ્વનું સર્વશ્રેષ્ઠ રાજ્ય બનાવીએ. આપણે સૌ પ્રાર્થના કરીએ કે ગુજરાત સતત પ્રગતિના માર્ગે આગળ વધતું રહે .....

**જય જય ગરવી ગુજરાત - જય હિન્દ - ભારતમાતા કી જય**



**ગુલાબભાઈ જાની**
લેખક જાણીતા શિક્ષણવિદ્, પ્રયોગશીલ કેળવણીકાર
અને સિસ્ટર નિવેદિતા સંકુલના સ્થાપક છે.

# સત્કર્મના વડલા ઉગાડનાર – શિક્ષક

એક ખૂણે બેસીને બાળકોમાં સંસ્કાર-સિંચન કરનાર શિક્ષક પણ ચેતનાની ખેતી કરતો ખેડૂત છે. શાંતિનું વાવેતર કરનાર માળી છે. અનાજનું વાવેતર કરનાર ખેડૂતોની આજે ચિંતા કરાય છે – સબસીડી અપાય છે, પરંતુ ચેતનાની ખેતી કરનાર શિક્ષક માટે સમાજ કે રાજ્ય ચિંતિત નથી. એ શોચનીય છે. કોઈ પણ સમાજની પ્રગતિની પારાશીશી તેની ભૌતિક સમૃદ્ધિ નહીં, પણ સાંસ્કૃતિક સમૃદ્ધિ છે. શિક્ષક પાસે નથી ધન, નથી સત્તા, છે માત્ર ભણાવવાનો ઉમંગ ને બાળકમાં જે શ્રદ્ધા, સામાન્ય દુનિયાદારીમાં રાચનારાને આની કિંમત નથી, પણ સમજુ છે તેને શિક્ષકોની કિંમત તો અણમોલ છે. સંસારની શાંતિ-આનંદના પાયામાં જ શિક્ષક છે.

આપણા પ્રખ્યાત કેળવણીકાર કાકાસાહેબ કાલેલકર કેળવણીનું મહત્ત્વ દર્શાવતા જણાવે છે કે, પ્રજાને તાબે કરવાનું કામ લશ્કર દારૂગોળાથી કરે છે, પોલીસખાતું દંડાથી કરે, કાયદો દંડ અને કેદનો ડર બતાવીને કરે છે, ધર્મ આ લોક અને પરલોકનું મનોહર અને ભયંકર ચિત્ર બતાવીને એ કામ છે, માત્ર કેળવણી જ બુદ્ધિને જાગ્રત કરીને, ટેવો પડાવીને કે બદલાવીને અને સેવાની વૃત્તિ ખીલવીને જીવનમાં કાયમનું પરિવર્તન કરીને કરે છે.

કેળવણી એ સમાજના હાથમાં મોટામાં મોટું અસ્ત્ર છે. જે કોઈ સમાજહિતનો વિરોધ કરે તેના પર અંતે આ અસ્ત્ર ફેંક્યા વિના આરો નથી. હિંદુઓ નિર્માલ્ય અને વહેમી થઈ ગયા છે - એમના ઉપર કેળવણીનું અસ્ત્ર ફેંકો. મુસલમાનો રાષ્ટ્રહિત સમજતા નથી - તેમના ઉપર પણ એ જ અસ્ત્ર ફેંકો. મા- બાપો છોકરાઓનું હિત બગાડે છે અને એમની પાંખો કાપે છે - ફેંકો કેળવણીનું અસ્ત્ર એ મા-બાપ વર્ગ ઉપર. કોઈ પણ વ્યક્તિગત કે સામાજિક દુ:ખ દૂર કરવા માટે સાચો અને કાયમી ઈલાજ તો કેળવણી જ છે.

આપણે કેળવણીકારો એકશસ્ત્રી છીએ. હૃદયપલટો કરાવવો અને તેને માટે અખૂટ ધીરજ રાખવી, એ એક જ શસ્ત્ર આપણી પાસે છે. જેની પાસે ધીરજ નથી, તે કેળવણીકાર નથી. આપણો વિશ્વાસ છે કે કેળવણી સિવાયનું બીજું કોઈ શસ્ત્ર છેવટ સુધી ચાલુ કામ આવવાનું નથી.

ઈંગ્લૅન્ડની એક શાળામાં રાજા મુલાકાતે આવે છે. એક શિક્ષક વર્ગમાં તલ્લીનતાથી ભણાવે છે. રાજા વર્ગ પાસેથી પસાર થાય છે ત્યારે પણ તે ભણાવવાનું ચાલુ રાખે છે. પિરિયડ પૂરો થયા બાદ તે રાજા પાસે જાય છે અને કહે છે આપ નામદારનું હું અભિવાદન કરું છું. આપ પસાર થયા ત્યારે મેં ભણાવવાનું કાર્ય અટકાવી અભિવાદન કર્યું ન હતું. તેમાં મારો કશો અવિનય ન હતો, પરંતુ હું મારા વિદ્યાર્થીઓની પાસે ખોટો આદર્શ મૂકવા માગતો ન હતો. વર્ગખંડમાં શિક્ષકથી મોટું કોઈ નથી. રાજા પણ નહીં. રાજા પણ આ વાત સાંભળી પ્રસન્ન થયા અને શિક્ષકની પીઠ થાબડી. આજે છે શિક્ષકનું પોત શિક્ષકત્વ. આજે એ પોત આપણે બનાવવાની જરૂર છે.

સૌ પોતાનાં બાળકોને તો ચાહે જ છે. એની પાછળખુવાર થવું એ એક તપશ્ચર્યા છે. ઊંચે ચડવાનું એ એક પગથિયું છે, પણ આગળ વધીને સૌના બાળકોને ચાહવું એમાં બાળકો અને આપણો ઊભયનો કલ્યાણનો માર્ગ છે. જેમ- જેમ આપણને બીજાનાં બાળકો તરફ પ્રેમ વધવા લાગે તેમ-તેમ આપણે વિશાળ થતા જઈએ છીએ. જગતનાં બાળકોમાં આપણાં બાળકોને સમાવી દેવાની શક્તિ એક ઉચ્ચ સિદ્ધિ છે અને તે સાત્ત્વિક છે. સાચા શિક્ષકો આવી સાત્ત્વિક સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

સત્કર્મના વડલાને ઊગતા તો વર્ષો લાગે છે, પણ ઊગ્યા પછી સેંકડો વર્ષો સુધી શીતળ છાયા તે આપ્યા કરે છે. શિક્ષકે સત્કર્મના વડલા ઉગાડવાનું કાર્ય કરવાનું છે.વ્યક્તિ કારકિર્દીનો પ્રારંભ શિક્ષક તરીકે કરે અને ઢળતી સંધ્યાએ શિક્ષક તરીકે અખંડ રાખી શકે એ ભરપૂર સાર્થકતા. આ દીર્ઘ સમયપટ જો શિક્ષકત્વની સાધના અને સુગંધથી ભરપૂર હોય, તો એ તપ શુષ્ક મટી મધુર બની જાય છે. તેમાં ઉંમર વધે છે, પણ યૌવન અખંડ રહે છે. તેમાં ચહેરા ઉપર કરચલીઓ તો પડે છે, પણ હૈયું તાજા પુષ્પ જેવું હોય છે. તેમાં અભાવ કે એકલવાયાપણાની જગ્યાએ સભ્યની સભરતા મ્હોરી ઊઠે છે. ઈંગ્લેન્ડની એક શાળામાં વિદ્યાર્થિઓને નિબંધ લખવા આપ્યો વિષય આપ્યો :

What can I do do that you can grow ? બ્રેડલે નામના વિદ્યાર્થીએ લખ્યું – "If You look at me gently, If you look at me and smile, and smile at me, I Will grow, I will grow."

આપણે આ કરવાનું છે. આટલું કરીશું તો શિક્ષક તરીકે આપણું જીવન સફળ થયું ગણાશે.

આપણા પ્રસિદ્ધ કવિ ઉશનસે તેના એક કાવ્યમાં કહ્યું છે, **'કો'ક જણે તો કરવું પડશે, ભાઈ, એક જણે તો કરવું પડશે, ભાઈ, કશુંયે ન કરવાની કેવી તામસ આ હરીફાઈ ?**

આપણે કવિએ કલ્પેલા, "કો"ક" બની વિદ્યાર્થીના જીવન-ઘડતરમાં આપણો ફાળો આપીએ એ જ અભ્યર્થના. ■



**પ્રફુલ્લ કાનાબાર**
સુપ્રસિદ્ધ લેખક, નવલિકાઓ, નવલકથા, લઘુનવલકથાના સર્જક, અનેક માન-સનમાન અને એવોર્ડથી વિભૂષિત છે.

# ઈતની શક્તિ હમે દેના દાતા...



"અંકુશ" ફિલ્મના આ પ્રાર્થના ગીતના એક એક શબ્દમાં જે ભાવ છે એ પ્રાર્થનાનો ભાવ છે. યાચનાનો ભાવ નથી. જીવન જીવતા શીખવાની વાત છે.. જ્ઞાનની રોશની આપવાની વાત છે!

**પ્રાર્થના ઈશ્વર પાસે ધન, વૈભવ કે ભૌતિક સુખ માંગવા માટેની ન હોવી જોઈએ.** ઈશ્વરે આપણને જે કાંઈ આપ્યું છે એના માટે આભારની લાગણી વ્યક્ત કરવાનો ભાવ હોય એ જ સાચી પ્રાર્થના. પ્રાર્થનામાં શબ્દો કરતાં ભાવ મહત્વનો છે. એક સાતેક વર્ષનો બાળક એના પપ્પા સાથે મંદીરમાં ગયો. પપ્પાને ખબર હતી કે બાળકને સ્તુતિ આવડતી નથી. બહાર નીકળીને એમણે દીકરાને પૂછ્યું "તું બંને હાથ જોડીને હોઠ ફફડાવતો હતો. શું બોલતો હતો?" નિર્દોષ દીકરો બોલી ઉઠ્યો "હું તો વારંવાર ABCD બોલતો હતો. ભગવાનને કહ્યું છે કે પ્રભુ, તને ગમે એ પ્રમાણે મારી પ્રાર્થનાના આલ્ફાબેટ ગોઠવી લેજે". આને કહેવાય શબ્દો વગરની ભાવપૂર્ણ પ્રાર્થના.

**આપણે ભગવાન પાસે માગણીનું એટલું લાંબુ લીસ્ટ લઈને જઈએ છીએ** કે મંદિરની બહાર બેઠેલા ભિક્ષુક અને આપણી વચ્ચે ભગવાનને કોઈ ફર્ક ભાગ્યેજ દેખાતો હશે. સુરેશ દલાલે એક વાર કહ્યું હતું કે ચાર રસ્તાના લાલ સિગ્નલ પાસે ભિક્ષુકોની યાચનાથી કંટાળીને આપણે જેમ કારના કાચ ચડાવી દઈએ છીએ એમ પ્રભુ પણ આપણી યાચનાનું લીસ્ટ જોઈને કંટાળી જતા હશે.

**એક જાણીતી લોકકથા છે.** અકબર બાદશાહ નમાજ પછી ખેરાત કરતાં. જે કોઈ ગરીબ માણસ આવ્યો હોય એને રાજી કરતા. એક વાર સવારની નમાજ ફરમાવ્યા બાદ અકબરે પાછળ ફરીને જોયું કે કોઈ આવ્યું નહોતું. એક ફકીર ધીમા પગલે પાછો જઈ રહ્યો હતો. બાદશાહે એને બોલાવ્યો. ફકીર સ્મિતસભર ચહેરે બોલ્યો **"હું તો આપને શહેનશાહ સમજીને આવ્યો હતો પણ નમાજ દરમ્યાન આપ પરવરદિગાર પાસે આપની સલ્તનત કાયમ રહે એના માટે જે રીતે ભીખ માંગતા હતા એ જોઇને પરત વળી ગયો હતો.** આમ જોઈએ તો હું નાનો ભિક્ષુક અને આપ મોટા. માફ કરજો મારે આપની પાસેથી કાંઈ જ જોઈતું નથી".

**મોરારીબાપુ એક સરસ દ્રષ્ટાંત આપે છે.** એક જર્જરિત મસ્જીદમાં એક ફકીર રહેતો. રોજ પાંચ નમાજ પઢે આવું વીસ વર્ષ સુધી ચાલ્યું. એક વાર નમાજ પઢતી વખતે આકાશમાંથી ગેબી અવાજ આવ્યો. હે ફકીર, ખુદાના દરબારમાં તારી એક પણ નમાજનો સ્વીકાર કરવામાં આવ્યો નથી. એ ગેબી અવાજ સાંભળીને ઓલિયો ફકીર ખુશીથી નાચવા લાગ્યો. કોઈકે કહ્યું "તારી એક પણ નમાજ કબૂલ થઇ નથી તારે તો અફસોસ કરવો જોઈએ". જવાબમાં ફકીર બોલ્યો "મારી બંદગી કબૂલ થાય કે ન થાય એની મને પરવા નથી. ફળ મળે કે ન મળે પણ બંદાની બંદગીની ખુદાને ખબર છે, એ જ આ ફકીર માટે મોટી વાત છે".

**પ્રાર્થના અને શ્રદ્ધા એક જ સિક્કાની બે બાજૂ જેવા છે.** ગાંધીજીને પણ ઈશ્વર પર અપાર શ્રદ્ધા હતી. પ્રાર્થનાનું મહત્વ જીવનમાં સહેજ પણ ઓછું નથી. પ્રાર્થના અને આધ્યાત્મિક શક્તિ આપણને સ્ફૂર્તિવંત રાખી શકે છે. ઈશ્વરે જે આપ્યું છે એનો સંતોષ હોય તો પ્રાર્થના પણ દીપી ઉઠે છે! ખરા હૃદયપૂર્વક કરેલી પ્રાર્થના આપણા મનની હાર્ડ ડિસ્કમાંથી નકારાત્મકતા ડીલીટ કરે છે અને હકારાત્મકતા ભરે છે! ■

## શિક્ષણ સૃષ્ટિ



**ડો. અમૃત કાંજિયા**
લેખક જાણીતા હાસ્ય - વ્યંગ્યકાર
અને નિબંધકાર છે.

# તાડન કે અધિકારી - અર્થનો અનર્થ

સૃષ્ટિની ઉત્પતિ 'શબ્દ'માંથી થઈ છે. શબ્દ અક્ષરથી બને છે તેથી અક્ષર એ અમર છે. શબ્દ એ 'બ્રહ્મ' છે. શબ્દને સમજે તે સૃષ્ટિના રહસ્યને જાણી શકે. શબ્દની ઉપાસના સિવાય જ્ઞાન શક્ય નથી. સમર્થ ગુરુ યોગ્ય શિષ્યમાં શબ્દ એટલે કે મંત્રની દીક્ષાના માધ્યમથી જ્ઞાનનો સંચાર કરે છે. જે યથા શ્રદ્ધા-ભક્તિ અને સાધનાના માધ્યમથી મુક્તિનું દ્વાર ખોલી આપે છે. આવા શબ્દના અર્થને જાણવો અને સમજવો જોઈએ. 'અર્થ'ના પણ અનેક અર્થ છે. 'અર્થ' એટલે ધનસંપત્તિ કે પૈસો, ગરજ, પ્રયોજન અને અર્થ એટલે શબ્દનું રહસ્ય કે શબ્દનો હેતુ. દરેક શબ્દને પોતાનો પ્રકાશ હોય છે. એ જ શબ્દની શક્તિ છે. શબ્દમાં રહેલી શક્તિ અનંત છે. શબ્દ જ યુદ્ધનું કારણ બની મહાવિનાશ કરી શકે છે. તો વળી જેનું સર્વસ્વ હરાઈ ચૂક્યું હોય, ચોતરફથી હતાશ થઈ આત્મહત્યાને આરે આવી ઊભેલી વ્યક્તિને દિલાસા રૂપે કહેવાતો શબ્દ નવી જિંદગી બની રહે છે. આમ, શબ્દથી સર્જન-વિસર્જન સુધ્ધાં થઈ શકે છે. એવા શબ્દને ખરી રીતે જાણવો તે 'અર્થ' અને પૂરો ન સમજવો કે ખોટા અર્થમાં ગ્રહણ કરવો તે 'અનર્થ'. શબ્દના અર્થનો અનર્થ હાનિ પણ પહોંચાડી શકે છે.

શાકભાજીના માર્કેટ યાર્ડમાં હું પસાર થઈ રહ્યો હતો. રસ્તામાં માલ ભરેલી એક છકડો રીક્ષા ઉભેલી. તેના ડ્રાઈવરે એક કાપલી મને બતાવતા પૂછ્યું; 'એ સાહેબ! જરાક આ વાંચી આપોને!...'

મેં કાપલી હાથમાં લેતા પૂછ્યું; 'તમે ભણેલા નથી?'

'તો તો તમારી પાસે શું કામ વંચાવું?' તે બોલ્યો.

મેં કાપલીના અક્ષરો ઉકેલ્યા તો ખરા, પણ મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. આથી મારે તેને પૂછવું પડ્યું; 'ભાઈ! આ છકડામાં છે શું?'

'આજે તો માત્ર મરચાં અને આદુના બાચકાં જ છે. દરરોજ અહીં વખારમાં શાકભાજી ઠાલવવા આવું છું.' તેણે કહ્યું.

'હા, બરાબર.' હું તેની વાત સાંભળતો રહ્યો. 'આજે આ શેઠને કંઈક જરૂરી કામ આવી પડતા વખારને તાળું મારીને જતા રહ્યા છે અને બાજુવાળાને આ ચિઠ્ઠી આપતા ગયા છે ને કહેતા ગયા છે કે છકડાવાળો ઠાલવવા આવે ત્યારે તેને આ ચિઠ્ઠી આપી દેજો. આ ચિઠ્ઠી બેત્રણ જણા પાસે વંચાવી. તેઓએ કહ્યું કે, 'આમાં લખ્યું છે કે મરચા આદુ કાનમાં નાખજે.'

'હા, ચિઠ્ઠીમાં તો એવું જ છે.' મેં કહ્યું. 'તમને શું લાગે છે?'

'મને એમ લાગે છે કે ગઈ કાલે છકડો લઈને આવતા થોડું મોડું થઈ ગયેલું એટલે માલની હરરાજી થઈ ગયેલી. આથી શેઠ ગુસ્સે થયેલા. મેં કહેલું કે હવે એવું નહીં બને. પણ મારી માઠી બેઠી હશે તે આજે રેલવે ફાટક બંધ હતું એટલે કાલની જેમ મોડું થયું છે. વળી, આજે શેઠને કામ આવી પડતા ખુદ તો હાજર નથી. બાજુવાળાને આ ચીઠ્ઠી મને આપવાનું કહીને ગયા છે. લાગે છે કે આજે પણ મોડું થવાથી તેઓ ગુસ્સે થયા છે એટલે જ આવી ચિઠ્ઠી લખી ગયા છે. મરચા આદુ કાનમાં નાખજે.'

મેં ફરીથી ચિઠ્ઠીમાંના અક્ષરો ઉકેલવાનો પ્રયાસ કર્યો. લખાણ એમ જ હતું પરંતુ શેઠના ઓછા ભણતર અને ઉતાવળને કારણે શબ્દોને છૂટા પાડવાની રીત સાચી નહોતી. 'મરચા આદુ કાનમાં નાખજે. મેં તેને કહ્યું; 'તારે મરચા આદુ આ ચિઠ્ઠી આપેલી હતી એ ભાઈની દુકાનમાં ઠાલવવાના છે એમ આ ચિઠ્ઠીમાં લખેલું છે.'

તેણે કહ્યું; 'એમ જ હશે. બાકી હું તો ભાઈ અભણ.' તેનું મોં ચમક્યું. તેણે છકડામાંના બાચકાં બાજુની એ દુકાનમાં ઉતાર્યા. આવી ગડમથલમાંથી તે આ રીતે કલાકેક પછી છૂટ્યો.

આગળ ચાલતા ચાલતા હું એ છકડાવાળાની પરેશાની વિશે વિચારતો રહ્યો. થોડા વખત પહેલાં જોયેલું કાપડની દુકાન પર ટાંગેલું એક પાટિયું યાદ આવ્યું: 'બીજે છેતરાવા કરતાં અહીં આવો.' દુકાનદારના સંદર્ભે તેનો અર્થ એવો હતો કે 'તમે બીજે છેતરાશો. અમે છેતરતા નથી.' વાંચનાર ગ્રાહકોના સંદર્ભે આ જ વાક્યનો અર્થ એવો પણ થતો હતો કે, 'તમે બીજે જઈને પણ છેતરાવાના જ છો તો અહીં જ છેતરાઓને! દૂર શા માટે જવું?' આમ શબ્દનો અર્થ સંદર્ભ સાથે અને વિચારપૂર્વક કરવામાં આવે તો જ કહેવાયેલી વાત યોગ્ય રીતે સમજી શકાય.

# શિક્ષણ સૃષ્ટિ

અક્ષરને શબ્દના સંદર્ભમાં સમજવો જોઈએ. શબ્દનો અર્થ આખા વાક્ય સાથે જોડીને સમજી શકાય છે. વાક્યનો અર્થ સમજવા માટે આગળ પાછળના પૂર્વાપર સંબંધના સંદર્ભ સાથે અર્થગ્રહણ કરવું જોઈએ. જેઓ ભાષા ભણ્યા છે તેઓ સારી રીતે જાણે છે કે એમાં વારંવાર બે પ્રશ્નો આવતા સંદર્ભ સમજાવો અને પૂર્વાપર સંબંધ આપી સમજાવો. આપણે આ જ્ઞાનનો ઉપયોગ કરીએ તો જ અર્થગ્રહણ અને અર્થઘટન ઉચિત થાય.

ઉપર કહેલા બે પ્રસંગ જેવો જ ગોટાળો આપણે તુલસીદાસની એક ચોપાઈમાં કરી મૂક્યો છે. રામચરિત માનસના સુંદરકાંડમાં એક પ્રસંગ છે. રામ લંકામાં જવાનો માર્ગ આપવા સમુદ્રને વિનવે છે. લાંબી પ્રતીક્ષા કર્યા છતાં સમુદ્ર તરફથી કોઈ પ્રતિભાવ મળતો નથી. અંતે રામ સાગરને સુકવી નાખવાના ઈરાદાથી ધનુષ્ય પર અગ્નેયાસ્ત્ર ચડાવે છે. આ જોઈને ભયભીત થયેલ સમુદ્ર માનવ રૂપ ધરી રામને શરણે આવે છે. પોતાના આવા વર્તન બદલ તે આત્મભર્તસ્ના કરે છે. એ વખતે તે રામને કહે છે -

**પ્રભુ ભલ કીન્હ મોહિ સિખ દીન્હી ?**
**મરજાદા પુનિ તુમ્હરી કીન્હી , ઢોલ ગવાંર સૂદ્ર પસુ નારી ?**
**સકલ તાડના કે અધિકારી ? (સુંદરકાંડ ૫૮-૪)**

આપણે અહીં ઢોલ, ગવાંર, પસુ, સુદ્ર અને નારી એમ પાંચ જાતિને તાડનાના અધિકારી (મારવા જેવા) સમજીએ છીએ. આવા અર્થને કારણે ઘણા વર્ષોથી તુલસીની આ ચોપાઈએ ઉહાપોહ મચાવ્યો છે. ઢોલ તો સમજ્યા બાકીના ચાર સજીવોને વિના દોષે ધોકાવવા એવો અર્થ કોઈની સમજમાં આવતો નથી. ખરેખર તુલસીને આવું અભિપ્રેત હશે ખરું? ઘણા વિદ્વાનો આ ચોપાઈને ક્ષેપક માનીને ત્યજી દે છે. તો કેટલાય પુરુષો બાયડીને ધમારતી વખતે આ મંત્રનું રટણ કરતા હોય છે! શું કહેવું આવા તુલસી ભક્તોને?

જો આ ચોપાઈને મૂળથી જ તુલસીની માનીએ તો ખરેખર શું તે ગવાંર, પશુ, શુદ્ર અને નારીને મારઝૂડ કરવાનો ઉપદેશ દે છે? સીતામાં જગતજનનીનું દર્શન કરનાર, રાવણ પત્ની મંદોદરીને પણ સતી તરીકે ઓળખાવનાર અને અનેક નારીઓના પતિવ્રતા તરીકેના ચરિત્રો આલેખનાર તુલસી સ્ત્રીને તાડનના અધિકારી ગણાવે ખરા? નિશાદરાજ અને શબરી જેવા એ કાળના શૂદ્રોને રામ દ્વારા પણ આદરમાન અપાવનાર કવિ શૂદ્રોને વગર વાંકે તાડન કરવાનું કહે ખરા? રીંછ અને વાનરોનું રામના વફાદાર સૈનિકો તરીકેનું આલેખન કરનાર તુલસી પશુઓ પર ત્રાસ ગુજારવાનો ઉપદેશ કરે ખરા? કદાચ હનુમાન વગર રામનો આટલો મહિમા હોત ખરો? હનુમાનનું આવું આદર્શ ચિત્ર આપનાર ભક્તકવિને મન પશુઓ માનવ કરતાં અધિક ઊંચેરા નથી શું? જટાયુ અને સંપાતિનું કાર્ય જુઓ! તુલસીની આ ચોપાઈ સમજવામાં આપણે ભૂલ કરીએ છીએ. ખરેખર તો -

**ઢોલ ગવાંર સૂદ્ર પસુ નારી, સકલ તાડના કે અધિકારી ॥**

આ ચોપાઈમાં મહાકવિએ ત્રણ જ બાબતો કહી છે. પ્રથમ છે - 'ઢોલ'. ઢોલ એક વાદ્ય છે. તેના પર પ્રહાર કરવામાં આવે તો જ તે વાગે છે, અવાજ ઉત્પન્ન કરે છે. સોનાચાંદીના વરખવાળો હોય તોય શું? તેને દાંડી લઈને પીટો તો જ સૂર નીકળે છે!

**બીજો શબ્દ છે - 'ગવાંર સૂદ્ર'** અહીં ગવાંર શબ્દ સૂદ્રનું વિશેષણ છે. સૂદ્ર અહીં વર્ણવાચકના અર્થમાં નથી. સૂદ્રનો અર્થ છે ક્ષુદ્ર કે હલકટ. એવા શુદ્રને સજા કરવી પડે જે ગમાર છે. ગમાર એટલે કે ભોટ હોય, જે વારંવાર ટોકવા છતાં કંઈ ધ્યાનમાં લેતો ન હોય. આવા હલકટને શિક્ષા કરવી જોઈએ. ટૂંકમાં, અહીં નાલાયક કે કજાત મનુષ્યનની મતિ ઠેકાણે લાવવા દંડનું પ્રવિધાન છે. મહાભારતમાં પણ આ જ ઉપદેશ ક્યાં નથી?...શઠં પ્રતિ શાઠયમ્...

**ત્રીજી બાબત છે 'પસુ નારી'** અહીં પસુ એ શબ્દ નારીનું વિશેષણ છે. આમ આ બે શબ્દ મળીને એક શબ્દ બન્યો છે, 'પસુ નારી'. પશુ જેવી અર્થાત જડમતિ હોય. વખતોવખત કહેવા છતાં જેનું આચરણ સારું ન હોય, જે સુધરવા માગતી ન હોય, એવી સ્ત્રી કે જે આંખ બતાવવા છતાં પોતાનું અભદ્ર આચરણ ન ત્યાગે તેને માટે ચૌદમાં રતનનો એકમાત્ર માર્ગ બચવા પામે છે... કુલટા સ્ત્રી કે જે પોતે તો દુરાચારી તો છે સાથે સાથે બીજાને પણ બગાડે છે. આમ થવાથી સામાજિક મર્યાદા અને શાંતિનો લોપ થાય છે. પ્રસ્થાપિત સમાજ મૂલ્યોની જાળવણી અર્થે આવી કુભારજાને દંડનીય ગણવી અયોગ્ય નથી આ નીતિશાસ્ત્ર છે. નીતિના અમુક સિદ્ધાંતોને દેશકાળની મર્યાદાનું પણ બંધન હોતું નથી. આધુનિક પશ્ચિમી વિદ્વાન મિ. નોએલ કાવર્ડે નોંધ્યું છે; "Certain Women should be struck

regularly like gongs!" તેમણે પણ અમુક સ્ત્રીઓને તાડન યોગ્ય ગણી છે.

રામાયણના સંદર્ભે જોઈએ તો અયોધ્યાના રાજપરિવારમાં કલહનું ઝેર રેડી આખા રાજ્યના આનંદ અને શાંતિ હરી લેનારી મંથરાને શત્રુઘ્ન વાળ પકડીને ઢસરડે એમાં કવિને કશું અજુગતું લાગતું નથી. રામ તાડકાનો વધ કરી રાક્ષસ જાતિની પેદાશનો નિગ્રહ કરે, લક્ષ્મણ શુપર્ણખાનું નાક કાપી તેની તેના અનુચિત વ્યવહારનું ભાન કરાવે કે જે નગરીમાં એક નિર્દોષ નારીને ગોંધી રખાયેલી છે એવી લંકાના દ્વારની રખેવાળી કરનારી લંકિનીનો હનુમાન મુષ્ટિપ્રહારથી વધ કરી નાખે તો તેમાં અયોગ્ય શું છે? અલંકારની દ્રષ્ટિએ પણ આ ચોપાઈમાં 'ગવાંર સુદ્ર' અને પસુ નારી' આ બંને શબ્દો માટે ઢોલ દ્રષ્ટાંતરૂપ છે. ઢોલ પોતાનું કાર્ય યોગ્ય રીતે તો જ કરે છે જો તેને પીટવામાં આવે. આમ પછીની બંને બાબતો માટે ઢોલનું દ્રષ્ટાંત મૂક્યું છે. કાવ્યની આ જ ખૂબી છે!

તુલસીદાસ આ ચોપાઈમાં આવું જ કહેવા માંગે છે એમ કેવી રીતે માની લેવું? આવો પ્રશ્ન પણ અસ્થાને નથી. તુલસીની કાવ્યકલાની આ પણ એક આગવી વિશેષતા છે. તે ઘણી વખત ત્રણ ત્રણ સત્યોને એક જ ચોપાઈમાં સમાવીને રજૂ કરે છે. હિન્દીની લિપિ દેવનાગરી છે. આ લિપિમાં અલ્પવિરામ નહોતો મુકાતો. માનસમાં તો ક્યાંય 'શ' પણ પ્રયોજાયો નથી!ત્રણ દ્રષ્ટાન્તો, ઉપમાઓ કે સત્યો એક સાથે મૂક્યા હોય એવા ઉદાહરણો માનસમાં અન્યત્ર પણ જોવા મળે છે,

**લોભી લોલુપ કલ કીરતિ ચહઈ ? અકલંકતા કિ કામી લહઈ ??**
**હરિ પદ બિમુખ પરમ ગતિ ચાહા?**
**તસ તુમ્હાર લાલચુ નરનાહા ?**

(બાલકાંડ ૨૬૬-૨)

સીતા માટે લાલાયિત અન્ય રાજાઓની લાલસા કેવી વ્યર્થ છે? કવિ અહીં ત્રણ દ્રષ્ટાંત મૂકે છે. લોભી-લાલચું મનુષ્ય સારી કીર્તિ ઈચ્છે, કામી મનુષ્ય નિષ્કલંકતાની આશા રાખે અને હરિના ચરણોથી વિમુખ રહેલો મનુષ્ય મોક્ષની કામના કરે એવી વ્યર્થ આશા આ રાજાઓ રાખી રહ્યા છે. અયોધ્યાકાંડમાં એક ચોપાઈ છે, સરુજ સરીર બાદિ બહુ ભોગા ?

**બિનુ હરિભગતિ જાયં જપ જોગા ?**
**જાયં જીવ બિનુ દેહ સુહાઈ ?**
**બાદિ મોર સબુ બિનુ રઘુરાઈ ?**

(અયોધ્યાકાંડ ૧૭૭-૩)

તુલસી કહે છે કે રઘુનાથજી વગર મારું સર્વસ્વ વ્યર્થ છે... અહીં ત્રણ ઉદાહરણો દ્વારા આ વ્યર્થતા વર્ણવે છે, જેમ રોગી શરીર માટે વિવિધ ભોગ નકામા છે, હરિભક્તિ વગર જપ અને યોગ પણ ફોગટ છે અને પ્રાણ વગરનો સુંદર દેહ પણ કશાય કામનો નથી તેવી રીતે.

**બીજું એક ઉદાહરણ જોઈએ. એક દોહો છે,**
**લોભ કે ઈચ્છા દંભ બલ કામ કેં કેવલ નારિ ?**
**ક્રોધ કેં પરુષ બચન બલ મુનિબર કહહિં બિચારી ??**

(અરણ્યકાંડ - ૩૮ ખ)

કવિએ અહીં ત્રણ સત્યો પ્રગટ કર્યા છે. લોભને ઈચ્છા અને દંભનું બળ હોય છે. કામને માત્ર સ્ત્રીનું બળ હોય છે અને ક્રોધને કઠોર વચનોનું બળ હોય છે. શ્રેષ્ઠ મુનિઓ વિચાર કરીને આમ કહે છે.

આમ તુલસીદાસે ઘણા દોહા-ચોપાઈમાં એક સાથે ત્રણ ત્રણ સત્યો ઉદઘાટિત કર્યા છે. કવિઓનું કહેવાનું તાત્પર્ય ગદ્યના જેટલું સરળ અને સ્પષ્ટ નથી હોતું. કાવ્યમાંના શબ્દોનો સાચો અર્થ સમજવા માટે પ્રસંગ, પાત્ર અને પરિસ્થિતિનો સંદર્ભ ભૂલવો ન જોઈએ. માનસમાં રામ વિશે રાવણે અપમાનજનક શબ્દો વાપર્યા હોય તો તેનો અર્થ એવો હરગિજ નથી કે રામ માટે તુલસીનો પોતાનો આ અભિપ્રાય છે.

કાવ્ય સ્વયં એક કલા છે. તેનો આસ્વાદ નાળિયેર જેવો હોય છે. ફળ હોવા છતાં નાળિયેરને સફરજન, જમરુખ કે ચીકુની જેમ સીધું જ મોંમાં મૂકીને આરોગી નથી શકાતું. તેના છોતરાં કાઢીને વધેરવાની મથામણ કરવી પડે છે. પાણી ન વહી જાય તે રીતે જાળવીને ફોડવું પડે છે. ફોડ્યા પછીયે કોપરું અને કાછલું અલગ કરવાની મહેનત કરવી પડે છે. આટલી મહેનત અને પ્રતીક્ષા પછી જ આ ફળનો સ્વાદ લઈ શકાય છે. કાવ્યનું પણ એવું જ છે. પછી તે રામચરિત માનસ હોય, શ્રીમદ્ ભાગવત હોય કે ભગવદ્ ગીતા ! ■

## શિક્ષણ સૃષ્ટિ




**ભાવેશભાઈ એમ. આખજા**
લેખક : આચાર્યશ્રી પ્રા. શાળા
મતિરાળા, તા.લાઠી, જી. અમરેલી


# કેવી, શાળા સારી ?

શાળાઓમાં પરીક્ષાની મોસમ પુરી થશે. પરિણામની મોસમ ખીલશે. સમાજમાં ચર્ચા અને ચિંતન ખીલશે. ‘ કેવી શાળા સારી ?’ અમારું સંતાન ,આટલામું પાસ થયું.હવે આગળના અભ્યાસ માટે કેવી / કઈ શાળામાં દાખલ કરવું ?

સવાલનો જવાબ અઘરો થઈ પડે છે. કારણ ? “ જુદી જિંદગી છે મિજાજે - મિજાજે ; જુદી બંદગી છે નમાજે - નમાજે.”( ગાફિલ).રેડી મેઈડ આન્સર આપવાના બદલે , પ્રતિ પ્રશ્ન પૂછાય જાય. ‘ હે , કેળવણી પ્રેમી સજ્જન ! ,આપ શ્રી આપના લાડલા સંતાનને શા માટે ભણાવો છો?’ ‘તમને ભણતર - ગણતર , શિક્ષણ પાસે શું અપેક્ષા છે ?’ ‘ તમે સારી શાળા કોને કહો છો ?’ ‘ શાળાને માપવાનો તમારો માપદંડ શું ?’ અને..બહુધા માવતરોની કોમન માન્યતા હોય છે. “ જ્યાં વધારે સારી સુવિધા અને આધુનિક સાધનોની ઉપલબ્ધી હોય અને વધારે ફી વસુલતી હોય એવી મોંઘી શાળા એ સારી શાળા.”આવા જવાબ સાંભળવા મળે એમાં એ ઉત્તરદાતાનો વાંક નથી. આ યુગના વાતાવરણમાં જ આવી , અવૈજ્ઞાનિક માન્યતા ઘર કરી ગઇ છે.પછી તો એક શિક્ષક તરીકે એવું થાય કે.. “મજેદાર કોઈ બહાનું મળે, અને આંખમાં કાંક છાનું મળે ! (મકરંદ દવે)

મિત્રો , શાળાને ઓળખવાના / નાણવાંના બે પરિમાણો છે.

(૧) બાહ્ય દેખાવ , ભૌતિક માળખું એટલે કે અંદરની સગવડતાઓ.(ખોળિયું)

(૨) આંતરિક ક્લેવર. શાળાનું, શૈક્ષણિક, માનવીય અને સંવેદનશીલ, ચૈતન્યસભર પર્યાવરણ ( પ્રાણ તત્ત્વ). પહેલાં, બહારની ટાપટીપની ચર્ચા કરીએ. આજકાલ અખબારોની કે અન્ય જાહેરાતોમાં વાંચવા મળે છે. અમારી સ્કૂલમાં આટલી સગવડતાઓ , આધુનિક ટેકનોલોજી સભર શૈક્ષણિક ઉપકરણો અને વાતાનુકૂલિન વર્ગખંડ છે .આવું કોને ન ગમે ? પણ..આપણે સંતાનોને ત્યાં સુવિધાઓ ભોગવીને જલ્સા કરવા નથી મોકલતા. અધ્યેતાના ભાવિ જીવન પથ પર, શું ગુલાબના પુષ્પોની પાંખડીઓ બીછાવેલી હશે ? કે તાણ્ય -તફાણ્ય , સંઘર્ષ અને તડકી નહીં આવે ? એવી કપરી વેળાએ..સુવાળપ અને સાહ્યબી વાળુ ભણતર ,ઉકેલરૂપ નહીં પણ બોજારૂપ બનશે હો.એવું કહીશું ? શાળાના બાહ્ય કલેવરને જ સર્વસ્વ ગણવામાં ડહાપણ નથી.ઈ શાળાનું આંતરિક ક્લેવર. જરાક માપપટ્ટીથી માપીએ.

(૧) શાળામાં રમતગમત માટે વિશાળ મેદાન છે ? શાળા પરિસર કુદરતના લાડકા સંતાન એવા હરિયાળા વૃક્ષોથી સભર છે ? એના ઉછેરમાં વિદ્યાર્થીઓની સહભાગીતા છે?

(૨) શાળામાં શરીર શ્રમનું મહત્વ છે ? એ માટે સમય ફાળવે છે ?

(૩) સાક્ષરી વિષયો ઉપરાંતના અન્ય કલા- કૌશલ્ય અને શારીરિક ઘડતર માટે પ્રાયોગિક કાર્યોની સુયોગ્ય વ્યવસ્થા છે ?

(૪) આધુનિક યુગમાં સાક્ષરી વિષયો તો , કમ્પ્યુટર , સ્માર્ટ ક્લાસ , એ.આઇ. ,ગુગલ , ચેટ જીટીપી ઈ બધાય શીખવી દેશે. પણ..માનવીય મૂલ્યો સંસ્કાર અને ઉત્તમ રહેણીકરણી, વિનયી રીતભાત એ બધું , પોતાના આચરણથી શીખવે એવા આચાર વિચારની એકતા ધરાવતા ગુરુજનોનું સાનિધ્ય મળે છે ?

(૫) શાળાના ભાવાવરણમાંથી અનુબંધિત કેળવણી પ્રાપ્ત થાય એવું છે? સમૂહ જીવનથી સહજીવન. શિક્ષક - વિધાર્થીઓ , શિક્ષકો- શિક્ષકો વચ્ચે આધુનિક આભડછેટ તો નથી ને ? ઉંચ - નીચ, જ્ઞાતિ - જાતિ, ધર્મ - કોમ , આવા સાંકડાં અને નેગેટિવ કુંડાળા નથી ને ? નહીં તો .. આપણું સંતાન વૈશ્વિક, ઉત્પાદક, જાગૃત અને કેળવાયેલો નાગરિક કેમ બને ?

(૬) શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે વાત્સલ્યભાવ અને પારિવારિક ભાવના છે ?

(૭) છાત્રને ખીલવા , ખુલવાની તક અને વિચાર અભિવ્યક્તિની આઝાદી છે ખરી ?

ઉપરના માપદંડો નમૂનારૂપ છે.આમા તમો સુધારો - વધારો કરી શકો છો.આજના ઉતાવળિયા , ઘોંઘાટિયા , ભેળસેળિયા યુગમાં જ્યારે માણસ પોતાનું માણસપણું ગુમાવી રહ્યો છે ત્યારે બચવા માટે આવી કેળવણીવાળી શાળા જ ઉગારી શકશે.

શું આવી શાળાઓ ક્યાંય હયાત છે ખરી ? આવી શોધ અઘરી જરૂર પણ અશક્ય નથી. દોસ્તો , આ મારું અંગત નમ્ર મંતવ્ય છે. દરેક માણસ સહમત થાય એ જરૂરી નથી. “ **મન આપનું છે , આપની મરજીની વાત છે. કંચનની જેમ રાખો કે રાખો કે કથીરની જેમ!**” (અમૃત ઘાયલ) ■

नारी सृष्टि



શ્રીમતી ગીતા ઉનડકટ
ભારતીય સંસ્કૃતિની પક્ષધર અને
નારીવાદી લેખિકા, રાજકોટ.

# શું સ્ત્રી અને પુરુષ સમાન છે ?

આપણા સમાજમાં યુગોથી સ્ત્રીઓને અબળા કહીને તેનું અપમાન કરવામાં આવ્યું છે. નારી તાડનકી અધિકારી - નારી નરકનું દ્વાર કે પછી સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ આવું બધું કહીને સ્ત્રીના અવગુણ દર્શાવવામાં આવ્યા છે. આ બધાં કારણથી જ છેલ્લાં કેટલાંક વર્ષોથી - - ''નારી મુક્તિ આંદોલન' જોરશોરથી ચાલુ છે. જેમાં સ્ત્રી પુરુષને એકસમાન રાજકીય, સામાજિક અને આર્થિક હક્કો મળે તે માટે વિચારવાનું કહેવાય છે. સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ કહેનારા એટલું સમજતા નથી કે પગની પાની ઉપર જ શરીરનું અસ્તિત્વ ટકી રહ્યું છે.

સ્ત્રીએ પુરુષ સમોવડી બનવાની ભૂલ કરવાની જરાયે જરૂર નથી. સ્ત્રી ક્યારેય પુરુષ સમાન બની જ ના શકે અને બંને વચ્ચે સરખામણી કરવી એ જ સરાસર ગલત છે. ભગવાને સ્ત્રીને સ્ત્રીનો અવતાર આપી ધન્ય કરી દીધી છે. ખરેખર તો એ માટે ગૌરવ હોવું જોઈએ દુઃખ નહી. સ્ત્રીઓમાં જ કલાત્મકતા, કલ્પનાશીલતા, ચંચળતા, ચપળતા, સહનશીલતા, પ્રેમ-સ્નેહ અને લાગણી તથા દયા અને ક્ષમા છે. કોઈ પણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં અડગ રહેવાની તાકાત અને મનોબળ ઈશ્વરે સ્ત્રીઓને બક્ષ્યાં છે. એ બધાનું મહત્ત્વ અનેકગણું વધારે છે. ખરેખર સર્જનહારે સ્ત્રીઓને આ બધા સાથે સૌંદર્ય આપ્યું છે. હકીકત એ છે કે સ્ત્રીઓની અગમ્ય અને અકલ્પ્ય શક્તિઓને લીધે જ આજની નારી તેની કાર્યશક્તિની મર્યાદાને ઝડપથી તોડવા મથી રહી છે. પોતાની શક્તિથી સમાજનાં અને કુટુંબનાં હિત અને વિકાસ માટે અથાગ પ્રયત્નો કરી રહી છે.

સ્ત્રીઓ વિશેનું સંશોધન એક સ્ત્રી વૈજ્ઞાનિક ડૉ. હેલન ફિશરે કરેલું છે. મૅડમ હેલને પુરુષ અને સ્ત્રીના મગજનો અભ્યાસ કરીને કહ્યું છે કે સ્ત્રીઓનું મગજ વધુ સતેજ હોય છે. અને તે વધુ વિચાર કરી શકે છે. અને વિચારોને વ્યક્ત પણ કરી શકે છે. સ્ત્રીની અંતઃપ્રજ્ઞા વધારે બળવાન હોય છે.

સ્ત્રીઓની છઠ્ઠી ઈન્દ્રિય વધુ સજાગ હોય છે જેના કારણે તે સામેની વ્યક્તિના મનને એક નજરમાં પારખી શકે છે, તેમ છતાંયે પુરુષો વારંવાર સ્ત્રીને છેતરી શકે છે. તેની પાછળ સ્ત્રીસ્વભાવની વધુ પડતી લાગણીશીલતા જવાબદાર છે. પુરુષ દિમાગથી વિચાર કરે છે. જ્યારે સ્ત્રી દિલથી વિચાર કરે છે. સ્ત્રીઓનું આ મજબૂત, બળવાન પાસું છે, પણ તેનું નબળું પાસું એ છે કે સ્ત્રીઓ પોતાની લાગણી ઉપર વર્ચસ્વ રાખી શકતી નથી. પણ લાગણી તેના ઉપર વર્ચસ્વ રાખે છે. જોકે પુરુષો પણ સ્ત્રીઓ જેટલા જ ઈમોશનલ હોય છે. સ્ત્રીની આંખમાં આંસુ પુરુષો ક્યારેય જોઈ શકતા નથી એટલે પુરુષો હંમેશા સ્વાર્થી અને લાગણીહીન હોય છે એ માન્યતા પણ ખોટી છે.

ઈશ્વરે સ્ત્રીને જ સર્જનક્ષમતા આપેલ છે. માતૃત્વ પદના ઉપહારને તો સ્ત્રીનું પરમ સૌભાગ્ય ગણવામાં આવે છે. મા બનવું, બાળકને ઉછેરવું, દેહમાંથી દેહ અને જીવમાંથી જીવનું સર્જન કરી પોષણ કરવું, એ બધું કેટલા ગૌરવની વાત છે ! સ્ત્રીનું હૈયું એટલે પ્રેમનું પ્રતીક અને આ પ્રેમ જ સ્ત્રી પુરુષને સમાન બનાવી શકે એ સિવાય દુનિયામાં બીજું કોઈ રસાયણ નથી જે સ્ત્રી-પુરુષને સમાન કક્ષાએ લાવી શકે. કુદરતે તો સ્ત્રીને ચડિયાતી જ બનાવી છે.

આ બધું હોવા છતાંયે જેમ દરેક સફળ પુરુષોની પ્રેરણામૂર્તિ તરીકે પત્નીનો સાથ હોય છે. તે જ પ્રમાણે દરેક સ્ત્રી જાણે છે કે પોતાની સફળતા પાછળ પણ તેના પતિનો જ સાથ છે. એક સમજદાર વિશાળ હૃદયના માલિક એવા પતિનાં પ્રયત્નો અને પ્રોત્સાહનથી જ એક સ્ત્રી સમાજમાં આગળ આવીને કંઈક કરી શકે છે. જો પતિ ના ઈચ્છે અને સાથ ના આપે તો જીદ કરીને સફળ થવાનું કાંઈ મૂલ્ય કે કાંઈ ખુશી રહેતી નથી. પ્રત્યેક પુરુષ માટે સ્ત્રી જીવનનું અનિવાર્ય અંગ છે. સ્ત્રી વિનાનો સંસાર એટલે સૂકા ઝાડનું ઠૂંઠું અને સ્ત્રી, મા, બહેન, પત્ની કે દીકરીનું સાંનિધ્ય એટલે ફળ, ફૂલ, પાન અને પંખી સાથે હિલોળા લેતું લીલુંછમ વૃક્ષ.

એમ જ સ્ત્રીના જીવનમાં પણ પુરુષનું સ્થાન રહેવાનું છે. એક પિતા, પતિ, પુત્ર, ભાઈ, સંબંધી કે મિત્ર કોઈ પણ રૂપે પુરુષનું સ્થાન સ્ત્રીના જીવનમાં રહેવાનું જ છે. એક પતિનાં પ્યાર, આત્મીયતા, હૂંફ અને સાથ-સહકાર વિના સ્ત્રી અધૂરી જ છે. ખરેખર, તો સ્ત્રી અને પુરુષ એકબીજાના પૂરક છે. ચુંબકના બંને ધ્રુવો વચ્ચેની અસમાનતાથી જ ચુંબકનું અસ્તિત્વ છે તેમ સ્ત્રી-પુરુષની અસમાનતા જ એમની પૂરકતા છે. ખરેખર તો સમાનતા નહિ પણ શાંતિ અને સમજપૂર્વકના સહઅસ્તિત્વની જ જરૂર છે. ■



**પ્રાગજીભાઈ પટેલ**
લેખક : નારી શક્તિના પ્રખર પક્ષધર છે.

# સ્ત્રીના જીવનમાંથી પ્રેમ બાદ થાય તો બાકી કાંઈ ન રહે

પુરુષને આજે સ્ત્રીની જરૂર છે. એટલી અગાઉ ક્યારેય ન હતી. પુરુષોના ઉછેરમાં કશીક ઊણપ છે. તેની કેળવણીમાં કશીક કચાસ રહી ગઈ છે. પુરુષ વ્યાકુળ છે. ચિંતાગ્રસ્ત છે. આધુનિક પુરુષ હજુ આધુનિક નારી સાથે શી રીતે પનારું પાડવું તે પૂરું શીખી શક્યો નથી. આનંદ આપી શકતો નથી. તે માત્ર ફાંફાં મારે છે.

વીસમી સદીના ચોથા ચરણમાં પુરુષ આજે નર્વસ છે. તે ચોમેરથી ઘેરાયેલો હોય તેમ તેને કશીક, અગમ્ય ચીજનો ડર લાગે છે. આજનો પુરુષ કમજોર છે. સ્ત્રી ખૂબજ બળવાન છે. બુદ્ધિ અને ટકાઉ પણામાં સ્ત્રી પુરુષથી ચઢિયાતી છે. માટે પુરુષ પ્રયત્નપૂર્વક સ્ત્રીને બંધનમાં કે ગુલામીની બેડીઓમાં જકડી રાખવા માગે છે. છેલ્લા બે દાયકામાં સ્ત્રીઓએ ઠીક ઠીક પ્રમાણમાં આઝાદી હાંસલ કરી છે. એથી પુરુષ બેબાકળો બન્યો છે. તે સીસોટી વગાડે છે, ગંદી ટીકાઓ કરે છે. છેડતી કરે છે. પણ તેઓ સ્ત્રીઓની નજીક જતાં દાઝે છે. પુરુષ આ ફૂલોને સૂંઘતા ડરે છે. પોતાની ઊર્મિઓની આડે બંધ બાંધે છે. જમા થયેલી લાગણીઓનું પૂર પછી હાર્ટએટેક લાવે છે. પુરુષ સીટી વગાડે ત્યારે તેને તિરસ્કારશો નહીં, એને બાપડાને ધિક્કારની નહિ, કોમળતાની તાતી જરૂર છે.

સ્ત્રીને સામાન્ય રીતે પ્રેમ અને કરુણાની જ મૂર્તિ ગણાવવામાં આવે છે. હૃદયની ઋજુતા ભાવપૂર્ણતા અને કોમળતા સ્ત્રીના આગવા ગુણો છે.

સામાન્ય રીતે સ્વીકૃત સત્ય એ છે કે પોતે તો પ્રેમમૂર્તિ કરુણામૂર્તિ હોય છે, એટલું જ નહિં પ્રેમ વિના તે પોતે પણ જીવી શકતી નથી. સ્ત્રીના જીવનમાંથી પ્રેમ બાદ થાય તો બાકી કાંઈ ન રહે કેવળ શૂન્ય. જ્યારે સ્ત્રીનું હૃદય પવિત્રતાનો સાગર બની જાય છે એ સમયે એનાથી વધુ કોમળ વસ્તુ જગતમાં નથી હોતી.

પ્રિયપાત્રની મર્યાદાને વહાલ કરનાર જીવનસાથી સૌના નસીબમાં ન જ હોય. આવા પતિ-પત્નીને વંદન કરવા યોગ્ય ઠરાવી




શકાય. જીવનસાથીને પોતાના તરફ ખેંચાણ રહે એ માટેનો રસ્તો સ્નેહનો જ હોઈ શકે.

પરમ સત્યની સાથે સંબંધ રાખનારું એક માત્ર તત્ત્વ આ ધરતી ઉપર ફક્ત પ્રેમ જ છે. એને ટાળીને કોઈ પરમસત્યને કદી પ્રાપ્ત કરી શકે નહીં, કારણ કે પ્રેમ એ પ્રારંભ છે. સત્યને જાણવા માટેનો. આરંભને ટાળીને કોઇ અંતને પામી શકે ખરો ? કદી સંભવ નથી. ક્યારેય એવું બન્યું નથી, તેમ કદી બનવાનું નથી.

સારો અને આદર્શ સમાજ પણ આવા નક્કર અને વાસ્તવિક પ્રેમથી જ રચી શકાય. અને એમાં સમાજને જે જોઈએ છે અને વ્યક્તિને જોઈએ છે તે બધું જ આવા પ્રેમ દ્વારા મળી શકે. સમગ્ર જગતનું સંચાલન પ્રેમથી જ થઈ શકે તેમ છે. આજના યુવાનને એવા પ્રેમની ઝંખના છે. બદલાતા સમયના વહેણ સાથે બદલાતાં જીવનમૂલ્યો અંગે વિચારવાનો સમય પાકી ગયો છે. પ્રેમ એ જીવનનું મધ્યવર્તી મૂલ્ય છે. ભૌતિક મૂલ્યોની સામે પ્રેમનું મૂલ્ય એકલે હાથે અત્યારે ઝઝુમી રહ્યું છે.

માણસ પ્રેમના પાસાં વિકસાવે છે. એના સ્વરૂપો બદલ્યા કરે છે. તેનું કારણ એટલે જ કે માણસ આજે પ્રેમ કરવાની ક્ષમતા ગુમાવી બેઠો છે. અનેક અશક્તિઓને કારણે માણસ એટલો સંકુચિત અને સ્વાર્થી બની જાય છે કે પોતાના અહમના ક્ષેત્રમાં બીજા કોઈને પ્રવેશવા દેતો નથી. પછી પ્રેમ કરવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી.

# નારી સૃષ્ટિ

આવી વ્યક્તિઓ વત્તે-ઓછે અંશે પોતાની લાચારી કે સામાજિક પરતંત્રતા, આક્રમક અને ઝનૂની જાતીયતા વગેરે બાબતોના મિશ્રણને પ્રેમ માનવા લાગે છે, અને એના ઉપર પ્રેમનુ લૅબલ મારીને જીવે છે.

અઢી અક્ષરનો શબ્દ પ્રેમ કદાચ કોઈને જટિલ લાગે પણ એની અનુભૂતિ થાય તો એનું સ્વરૂપ બાળક જેટલું સરળ અને નિર્દોષ છે.

સમાજના કોઈ ખૂણામાં એક વર્તુળ એવું પણ રચાયું હોય, જેમાં રોમાન્સને પ્રેમ માનવામાં આવ્યો. રોમાન્સનું સ્વરૂપ પણ ધીરે ધીરે એના સ્તર પરથી એટલું નીચું ઊતરવા લાગ્યું કે એ પ્રેમ 'ફિલ્મી પ્રેમ ' તરીકે વર્ગોવાઈ ગયો. આજના યુવાનને કોઈ જવાબદારી વિનાનો, બંધન વિનાનો અને સંદર્ભ વિનાનો પ્રેમ જોઈએ છે. એના ખ્યાલો એ નબળા માણસના ખ્યાલો છે. સમજદારી અને જવાબદારી વિના પ્રેમ થઈ જ ન શકે. મન બહેલાવવા પ્રેમનું સ્વરૂપ ભલે ગમે તેમ ચીતરી શકાતું હોય પણ જીવવા માટે તો સમજદારીભર્યા વાસ્તવિક પ્રેમની જરૂર છે.

જેમ શ્વાસોચ્છવાસ વિના જીવતા રહેવું માનવી માટે અશક્ય છે, જેમ અન્ન-પાણી વિના જીવન ટકાવી રાખવું અશક્ય છે. તેમ જીવનમાં કોઈનો સાચેસાચો અને પૂરેપૂરો પ્રેમ પામ્યા વિના જીવનને આનંદભેર અને સંતોષકારક જીવવાનું લગભગ અશક્ય છે. શ્વાસ, અન્ન અને પાણી જેમ શરીરને જીવતું અને ચેતનવંતું રાખવા માટે અનિવાર્ય છે તેમ પ્રેમ એ શરીર દ્વારા જીવાતા જીવનને જીવંત અને ચેતનવંતું રાખવા અનિવાર્ય છે, આ એક સ્વયંસિદ્ધ હકીકત છે. જેનો ઈન્કાર થઈ શકે નહીં.

જે લોકો પ્રેમ નથી કરી શકતા અને પરમ તત્ત્વને પામવાની કોશિશ કરી છે, તેમણે માત્ર શાબ્દિક બડબડાટથી વધુ કાંઈ કર્યું નથી. મગજથી, બુદ્ધિથી, વાતો કરી છે પરમાત્માની. પરમાત્માનો સંબંધ છે હૃદયની સાથે. પરમાત્મા એવી ભાષાથી પર છે. તે તો ફક્ત એક જ ભાષા જાણે છે અને એનું નામ છે પ્રેમ.

પરમાત્મા પુરુષ ચિત્તથી વધારે સ્ત્રી ચિત્તની ભાષા સમજે છે. સ્ત્રી ચિત્ત હૃદયથી વધુ નજીક છે. વિચારો કરતાં ભાવોને પરમાત્મા વધુ સમજે છે અને આંસુને એથી વધુ સમજી શકે છે. કદી જો માણસ પૂરા હૃદયથી રહી શકે તો તે ભાષા પરમાત્માને માટે સમજવી સહેલી છે. અને એથીયે આગળ માણસ જો નૃત્ય કરી શકે તો વળી ઘણું સુંદર, પરંતુ શબ્દોથી ગમે તેટલું બોલશો તો કોઈ સમજશે નહીં એટલું પાકું સમજી લેવાનું.

પરમાત્મા મૌનની ભાષા પણ સારી રીતે સમજી શકે છે. અને એટલા માટે કે પ્રેમની ભાષા મૌન છે. ગહન પ્રેમમાં મૌન હોય છે. બોલાવાની કોઈ જરૂર નથી. પ્રાર્થના પણ મૌન જ હોય. પ્રેમ બે વ્યક્તિઓ વચ્ચેનું મૌન છે. પ્રાર્થના એ સમસ્ત અને વ્યક્તિ વચ્ચેનું મૌન છે. સમષ્ટિની અખંડ સંપૂર્ણતા જ છે પ્રેમ, પ્રેમથી બચવાનો જેમણે પ્રયત્ન કર્યો છે તે પરમાત્માને કદી પામી નથી શક્યા.

આજ સુધી આ ધરતી પર બધાએ માણસને સુધારવાના જ પ્રયત્નો કર્યા છે અને છતાં માણસ હજુ પૂરેપૂરો સુધરી નથી શક્યો. ફક્ત પ્રેમ જ એવી ચીજ છે જે માણસને સુધારવાની કોશિશ નહીં કરે, પરંતુ માત્ર સ્વીકાર જ કરશે. પ્રેમ ફક્ત સ્વીકાર જ છે અને એ સ્વીકૃતિ દ્વારા જ રૂપાંતરણની એક ઘટના ઘટે છે, એટલે માણસને સુધારવા માટે પણ પ્રેમ કરતાં મોટું ઓજાર આ દુનિયામાં બીજું એકે નથી.





**ડો. ભાવેશ જેતપરિયા**
લેખક, સંશોધક, સંપાદક, અધ્યાપક,
સભાસંચાલક અને પ્રવક્તા
(પૂર્વ પ્રોફેસર જે. એ. પટેલ મહિલા કોલેજ - મોરબી)

# દિકરી : તે જ તરાપો

દીકરીનું આગમન એટલે રોજ દિવાળી. જાણે ખુશીઓનો ખજાનો ખૂલી જાય છે. વેદનાઓ વચ્ચે જીવી શકે છે એટલે દીકરી ગુલાબ છે. દીકરી ચંદન છે એટલે તેની હયાતીથી ઘરમાં સુગંધ ફેલાઈ જાય છે. ગમે તેવું દર્દ દીકરી છૂપાવી શકે છે. દર્દ કહેવા આવી હોય છતાં બારણેથી વિદાય લે ત્યાં સુધી મૌન રહી શકે છે. તેની વેદના, ડૂમા, ડૂસકાં, અરમાન ઉકેલી ન શકીએ એવું બનવા સંભવ છે.

પરિવારમાં દીકરી એક જુદા રંગ ધરાવનાર સદસ્ય છે. દીકરીને કાળજા કેરો કટકો' કહેવામાં આવે છે. **પરિવારમાં દીકરી માતાનું હૃદય છે અને પિતાનો આત્મા છે,** નારી એટલે સ્વસુરપક્ષ અનેપિતૃપક્ષ એ બેય કાંઠાને જોડતી સરિતા. દીકરી બે પરંપરા અને બે પરિવાર જોડી આપે છે એટલે સમરસતાનો સેતુ પણ છે. દીકરીને અનેક ઉપમા આપવામાં આવે છે. દીકરી વ્હાલનો દરિયો, સ્નેહ વરસાવતું ઝરણું છે. તે સમયની ધારા સાથે સુખદુઃખ સહન કરતી આનંદ રસ વરસાવતી વાદલડી છે.

પરિવારમાં દીકરીરૂપે લક્ષ્મીનું અવતરણ થાય એ ઘરને ભાગ્યવંત માનવામાં આવે છે. ચાર-પાંચ દીકરીના માતાપિતા મધ્યમ કે ગરીબ પરિવારો જોયા છે. એના ભણતર કે પ્રસંગો ભાર વિના ઉજવાઇ ગયેલા જોયા છે. એ ઘરમાં માતા-પિતા દીકરીના વ્યવહારથી ક્યારેય દુઃખી થયા નથી જેટલા એકબે દીકરાના માતા-પિતા દુઃખી થયા હોય. જે ઘરમાં દીકરીને આવતી અટકાવી હશે એનો માંયલો આજીવન ચેનથી રહેવા દેતો નથી.

આજે તો દીકરી ઘર સંભાળે છે અને અભ્યાસમાં ઉત્તમ પરિણામ લાવે છે. પુરુષ સમોવડી બનીને ઉજાગર થઈ છે. સરહદ પર, અવકાશ પર અને હિમાલયની ટોચે પહોંચી ગઈ છે. દીકરી એક સાથે અનેક જવાબદારીઓ નિભાવવામાં સક્ષમ છે. બેત્રણ દીકરાના માતા-પિતા અનાથ આશ્રમમાં હોવાનું સંભવિત છે. ત્રણચાર દીકરીના માતાપિતા અનાથઆશ્રમમાં હોવાનું જાણવા મળ્યું નથી. ખરેખર એ દિવસને શુકનવંતો માનવો જોઈએ કે જે દિવસે દીકરીનું આગમન થયું હોય.

ઘણા સમજદાર માતાપિતા દીકરીનાં આગમન પછી જન્મોત્સવ ઉજવે છે. દીકરીને બચાવી લેવા ભ્રુણહત્યા' માટે સરકારીનિયમન પણઆવી ગયું છે.નારી સશક્તિકરણવિશે જાગૃતિ પણ આવી છે. એનામાં રહેલી પ્રતિભાને પ્રોત્સાહિત કરવા માટે પ્રયત્નો પણ કરવામાં આવે છે. છેલ્લા ઘણા વર્ષોથી, બેટી બચાવો, બેટી પઢાઓ એ અભિયાનરૂપે ચાલે છે. દરેકને જન્મવાનો ઈશ્વરી છે. જ્યાં જન્મ ધારણ કરે ત્યાં સ્વીકાર મળે, પોષણ મળે વિકસવાની તક મળે અને સંરક્ષણ મળે એ નૈતિક ફરજ પણ છે. દીકરીને સમાન દરજ્જાનો બંધારણીય હક્ક પણ છે.

**એક સમયે સમાજમાં 'દીકરી પારકી થાપણ છે :** એવી દૃઢ માન્યતા હતી. પરિણામે દીકરીના જન્મથી એને જોવાની અને ઉછેરવાની રીત બદલાતી ગઈ. હું પારકી થાપણ છું, માટે પારકે ઘેર જવાનુંછે એવુંસાંભળતા અને સતત વિચારતા એના ઉછળતા ઉમંગો શાંત થતાં જાય છે. 'આ મારું છે અને મારું નથી. હાલ આ મારું છે એ કાલ અન્ય નારીનું હશે. એ કોચલું એને ગોંધી રાખે છે. ધીમેધીમે ક્યાં જવાનું થશે? એ સવાલો શરૂ થતા એક ખૂણે આવીને ભાવિ તરફ નજર કરવી શરૂ કરે છે. મારી રીતે જવું કે પારિવારિક પરંપરાની રીતે જવું? આ સવાલથી ટર્નીંગ પોઈન્ટ આવે છે. જાણે કે એ બર્નીંગ ટ્રેઈન બનતી જાય છે. જીવનના બેય પાટા પર બળતી, ગૂંચવાતી, અથડાતી, ગતિ કરતી જાય છે. આ સમયમાં એને કોઈ સમજે, એનાં મૂળરૂપને સ્વીકારે એવી ઝંખના હોય છે. સમજદાર માતાપિતા આ પરિસ્થિતિને સમજીને જવાબદારી સ્વીકારી લે તો દીકરી પુનિત પાવન ગંગા બની જાય છે. જે દીકરી પરિવારનું નામ રોશન કરવા પ્રયત્નશીલ રહે તે દીકરી મજાની મૂરત બની જાય છે.

**દીકરી સાસરે હોય તો પણ પીયરના આંબાની કોયલ બનીને રહે છે.** એનાં લગ્ન સુધી જ પરિવારની જવાબદારી પૂર્ણ થતી નથી. તમામ સારા માઠા પ્રસંગોથી દીકરી આજીવન પેઢી દર પેઢી જોડાયેલી રહે છે. દીકરીની ખેવના રાખવાની હોય છે. એની કદર કરવાની હોય છે. નજીક હોય કે દૂર, દેશમાં હોય કે પરદેશ એને પીયરનો આંબો જ શીતળ લાગશે. પરિવારનો આંબો અને બળ એને હિંમત આપે છે. દીકરી માટે કરૂણતા એ છે કે, સાસરે પારકી જણી માનવામાં આવે છે એટલે જન્મ સમયે ઘરની લક્ષ્મી અને પછી 'પપ્પાની પરી' તરીકે સ્વીકારવામાં આવે છે. મોટી થવા લાગે પછી એનાં ઘડતર કરતાં કરતાં. ધીમેધીમે 'પારકે ઘેર જવાનું છે.' એ વાયરસ ઘૂસી જાય છે પછી એનું 'પરીરૂપ'વિલાતું જાય છે. નાસમજ લોકો સાપનો ભારો માને છે.

પરિવારમાં દીકરી પિતા તરફ વિશેષ ઢળેલી હોય છે. કોઈનું ન માને એવો જીદ્દી કે માથાફરેલ પિતા દીકરી કહે એટલે ટપ માની જાય છે. પિતા માટે દીકરી દવા અને દૂવા છે. ગમે તેવા કઠણ કાળજાનો પિતા કન્યાવિદાય સમયે રડ્યા વિના રહી શકતો નથી. કન્યાવિદાય પછી દીકરી વિનાનાં ઘરની વ્યથા અનુભવી શકાય છે. દીકરી માતાની અપેક્ષા છે અને હૈયું પણ છે. દીકરી પિતાની ધડકન છે. ગમે તે ઉંમરે પહોંચેલી

# નારી સૃષ્ટિ

દીકરી સાસરેથી આંટો દેવા માટે આવે ત્યારે ફળિયામાં પગ મુકતા જ કલશોર કરતી દીકરી બની જાય છે. ઈશ્વરે દીકરીને પરિસ્થિતિ મુજબ રૂપરંગ બદલવાની શક્તિ આપી છે. પાનેતર પહેરતા પરીમાં જોબન ફૂટી નીકળે છે. કહી શકાય કે

**એક આંખે તુફાન એક આંખે મુશ્કાન, એનાં હૈયામાં મ્હોરે સાનભાન..**

દીકરી ઘરની કોયલ છે. એને વાર્તાકાર ચુનિલાલ મડિયાએ 'વાની મારી કોયલ' કહી છે. ઘરરૂપી માળામાં એનું અનાયાસ આગમન થાય છે. દીકરી ઘરનું બુલબુલ છે. ફૂળડાળનું ફૂલ છે. જેમ શાખા ઝુલાવે એમ તે ઝુલે છે. દીકરી દાદાનાં આંગણાનો તુલસીકયારો છે. દીકરી પરદેશી પંખી બનીને જાય છે ત્યારે ઘરમાળો સૂનો થઈ જાય છે. દીકરી ગભરું અને ભોળું પારેવડું બની જાય છે ત્યારે કોઈ શિકારી નજર કરી લેતો હોય છે. એવી નજરને નાથવાની પરિવાર અને સમાજની ફરજ છે.

નારી વિશે નબળા વિચારો અને નબળી ધારાઓ કરવામાં આવે તે ખોટું છે. નારી નરકની ખાણ.. એવું કહેવામાં વ્યક્તિગત વિઝન દોષ છે. એક કહે એટલે બધાએ માની લેવું વ્યાજબી પણ નથી. જેના પર પરમ કૃપાળુ પરમાત્માની કૃપા ઊતરી હોય ત્યાં દીકરી અવતરે છે. ઈશ્વર કૃપા એને કહેવાય કે ઘરમાં દીકરીનો પ્રભાવ હોય એનો ઉજાશ હોય. દીકરી લક્ષ્મીરૂપે છે. જેનાં આગમન માટે ઘર ઉમંગ બતાવે એને ઘેર દીકરી અવતરે છે.

દીકરી એનાં નિર્દોષ ચાહત ભરેલાં હૈયાથી પરિવાર સાથે સાવ નજીક રહી શકે છે. દીકરો લગ્ન પછી બદલે ખરો પણ દીકરી જિંદગીભર સાથ નિભાવે છે. દીકરી વિનાનું ઘર મંદિર નથી પણ સ્મશાન છે. પરદેશમાં રહેતી દીકરી પિતાનો અવાજ સાંભળીને જ એના હાલ હવાલ જાણી શકે એટલી નજીક હોય છે. પુત્ર અપેક્ષાનું પોટલું છે. એની નવી નવી ફરમાઈશ પૂર્ણ થતી જાય એ ઘટમાળ જ્યાં સુધી લંબાય ત્યાં સુધી મજા મજા અને ન જળવાય ત્યારથી બદલાવ આવે છે. પિતાની આંખો વાંચવા માટે દીકરી હોશિંયાર હોય છે અને દીકરો ચહેરો જોઈને સમજી ન શકે એટલે ઊંચા અવાજથી સમજાવવો પડે છે.

દીકરી સમજણની ચાવી છે. એની ઠાવકી શીખામણ ઘરને સમજદાર બનાવે છે. રીસાઈ ગયેલો ભઈલો કોઈનું ન માને ત્યારે બેન એને મીઠાશથી સમજાવી દેશે. વસ્તુની ખરીદી કરવા ગયા હોય ત્યારે એની અસ્સલ સમજને પામી જવાય છે. એ બહાર ફરવા જશે એટલે દરેક સભ્યો માટે વસ્તુઓ લાવશે જે અનુકૂળ થઈ જશે. દીકરો ફરવા જશે અને જે વસ્તુઓ લાવશે એની તુલના કરીએ એટલે દીકરીની સમજદારીને પામી શકાશે. અભણ દીકરી હોંશિયાર હોય છે પણ જો એને ભણાવો તો એની સમજણના દીવા પ્રગટ્યા વિના રહેશે નહિ. નારીનું ઓજસ નંદવાઈ જાય, સંસ્કાર લુપ્ત થઈ જાય ત્યારે ઘર ધજાગરે ચડે છે, વહુને દીકરી તરીકેનો દરજ્જો આપવામાં આવે તો ઘર સ્વર્ગ બની જાય છે.

દીકરાની સાપેક્ષમાં દીકરી સાથે પરિવારનો વ્યવહાર બદલે છે ત્યારે દીકરી મુક્ત ગગનનું પંખી હોવા છતાં પીંજરનું પંખી બની જાય છે. એને ઢીંગલી કે વસ્તુ માનીને જ્યાં ત્યાં ગોઠવી દેવામાં આવે તો અનર્થ થઈ જાય છે. દીકરી પરી હશે ત્યાં સુધી જ એની લાડલીલા ચાલે પછી કેમ નહિ? દીકરી વ્યક્ત થઈ શકશે ત્યાં જ ખીલશે. એનું સ્નેહ ઝરણું વહેતું રહે એ જરૂરી છે. એનું સ્નેહ ઝરણું ઘરમાં જ વહે એવી કાળજી રાખવી હિતાવહ છે. ઘરમાં કન્યાને બોજ સમજે અને સ્વસુર પક્ષ પારકી જણી માનીને વ્યવહાર કરવા લાગે એટલે ઉભયપક્ષે ઉત્પાત શરૂ થાય છે. પુત્ર જન્મ પિંડદાન માટે અને પેઢી આગળ વધારવા માટે છે. પુત્ર 'પુ' નામનાં નરકમાંથી છોડાવે છે. એવી માન્યતા છે. દીકરી ઘરને જ સ્વર્ગ બનાવી દે છે. દીકરી ભાગ્યવંતને બારણે રિદ્ધિ સિદ્ધિનું તોરણ બાંધે છે. દીકરીએ ભાગ્યનું બારણું અને પુણ્યની પરબ છે. પુણ્યશાળી દીકરીના માતા-પિતાને સીધું જ સ્વર્ગ મળે છે.

દીકરીનું ઘડતર કરવા માટે માતા, પિતા, દાદા, દાદી, નાના કે નાની વિશેષ સક્ષમ છે. દીકરી પારકે ઘેર જવાની છે એટલું નિશ્ચિત હોવાથી એનું વ્યવસ્થિત ઘડતર માતા દ્વારા થાય છે. ખાણનો પથ્થર હીરો બને એ પહેલા પહેલ પાડવામાં આવે છે. એમ દીકરીનાં ઘડતર માટે નાની મોટી સલાહ સૂચન કે કોઈ બીજી રીતે મા અને દીકરીને વાદ-વિવાદ સંઘર્ષ થાય છે. જ્યારે મા બિમાર હોય ત્યારે તે સ્કૂલે નહિ જાય, ટૂરમાં નહિજાય, કોઈ પણ અનિવાર્ય કાર્યક્રમ કેન્સલ કરે છે. દીકરી મા પાસે જ રહેશે, હૈયું ખોલો અને હેતાળ વાતોથી હૈયું ભરી દે છે. દીકરી પિયરમાં પિતાની નજીક હોય છે અને સાસરે ગયા પછી માતાની નજીક હોય છે.

ઘર એટલે મુંગી સિતાર અને દીકરી એટલે વીણાનો ઝણકાર, દીકરી અંધારામાં અટવાતા ઘરની રોશની છે. દીકરી એટલે વસંત, દીકરી એટલે શીતળ હેતની સરવાણી, દીકરી એટલે ઘરની રોનક, દીકરીરૂપી કસ્તુરીથી આખું ઘર મઘમઘી ઊઠે છે. જેની ભાગ્યરેખા બળવાન હોય એને ઘેર દીકરી અવતરે છે. ઘર લાઈટથી નહિ પણ દીકરીથી ઝળહળ થાય છે. દીકરી સાસરિયું અને પિયરિયું બેય કુળને તારે છે અને બેય કુળને રોશન કરે છે એટલે દીકરી તેજ તરાપો છે. ■


BIS
HUID JEWELLERY
JC SONI JEWELLERS TM
PVT.LTD
INDIA | USA
Soni Jayendrakumar Chunilal
(Paliyadwala)
Pride of The Bride
WEDDING COLLECTION
OPP. HARIDARSHAN SOCIETY,
RAMJI MANDIR, RANIP, AHMEDABAD 382480
+91 97129 73101
412, HARDING PI ST 103,
NASHVILLE, TN 37211
+1 615 802 8650
12197 LEBANON RD,
SHARONVILLE, CINCINNATI, OH 45241
+1 224 415 4678

## સમાજ સૃષ્ટિ



**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને
સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી વિભૂષિત છે.

# સંબંધો સર્જવા સહેલા છે, નિભાવવા અઘરા છે !

'કરતો જાળ કરોળિયો' એ પંક્તિનું સ્મરણ થતાં જ દોઢ-બે ઇંચનો દેહધારી અને આઠ પગ ધરાવતો સ્વેચ્છાચારી કરોળિયો યાદ આવી જાય. દીવાલના ખૂણામાં, કબાટની આડશમાં, બંધ બારી-બારણાંમાં - જ્યાં જુઓ ત્યાં કરોળિયાનાં જાળાં જોવા મળે. એમ લાગે કે આ વામન કદનો કરોળિયો પોતાના પેટના સ્નાયુઓના દબાણથી સતત કેવી મોટી-મોટી જાળ ગૂંથતો હોય છે !

આ કરોળિયાની માફક ઘણી વ્યક્તિઓ ચોપાસ સંબંધોનાં જાળાં ગૂંથતી હોય છે. કરોળિયાની પેઠે અતિ ઉત્સાહભેર ઉષ્માભર્યા સંબંધોની ગૂંથણી કરતી હોય છે. આને માટે ક્લબો અને પાર્ટીઓમાં ઘૂમી વળતી હોય છે. 'સોસ્યાલાઇટ' થતી હોય છે પણ પછી બને છે એવું કે સમય જતાં એ સ્વયં એના તાંતણાઓમાં ચોપાસ સપડાઈ જાય છે. સંબંધો સાચવવાની પળોજણમાં અને દોડધામમાં જાળામાં કેદ થયેલા કરોળિયાની જેમ જીવતો હોય છે. એવું પણ થાય છે કે એના સંબંધો મુક્ત, નિરાંતભર્યા જીવન પર બોજ બનીને એને મૂંઝવે છે અને એ સંબંધોની રાખ-રખાપતમાં જ એના જીવનની અંતિમ ક્રિયા સંપન્ન થઈ જાય છે.

માનવીના પરસ્પર સંબંધો કેવા અને કેટલા હોય, એ માનવજીવનની અતિ ગુઢ સમસ્યા છે. કારણ એટલું જ કે આપણે જાણકારી, ઓળખાણ અને મિત્રતા વચ્ચેના ભેદોને પારખી શક્તા નથી. કોઈ વ્યક્તિને એકાદ વખત અલપઝલપ મળ્યા હોઈએ અને એને વિશે આપણને સામાન્ય જાણકારી હોય. જાણીતી વ્યક્તિઓની સામાન્ય જાણકારી ધરાવનાર પણ એની સાથેના ગાઢ સંબંધોનો દાવો કરતી હોય છે. માત્ર થોડીક ક્ષણોની ઓળખાણ થઈ હોય અને હજી એકબીજાના હૃદયની તો શું, પરંતુ વિચારનું કોઈ વિનિમય થયું ન હોય અને આપણે એને ગાઢ મૈત્રી માની જીવીએ છીએ. લગીર પ્રેમ ધરાવનાર પોતાના સંબંધોમાં સાત ભવનો નાતો જોતો હોય છે. મૈત્રી તમારી પાસે સતત સ્નેહ ચાહતી હોય છે. જો તમારી મૈત્રીને વિચાર અને લાગણીથી દઢ નહીં કરો, તો થોડા સમય પછી એ મૈત્રીની ચમક-દમક ઓછી થઈ જશે. નિશાળના આપણા ગોઠિયાઓ કૉલેજકાળમાં ભુલાઈ જાય છે અને જિંદગીમાં એવી ઘણી વ્યક્તિઓ હશે કે જેની સાથે એક વાર




પ્રગાઢ દોસ્તી હોય અને પછી વર્ષો સુધી બંને વચ્ચે અજ્ઞાતનો વણભેદ્યો પડદો હોય.

સાચી મૈત્રી એ સતત તમારી પાસે હૂંફની માગણી કરતી હોય છે. જેમ દીપકમાં સતત તેલ પૂરવામાં આવે અને એને આપણે પ્રકાશિત રાખીએ છીએ. એ જ રીતે મિત્રતાના દીપકને પ્રકાશિત રાખવા માટે સતત હૂંફાળી લાગણીનું તેલ પૂરવું આવશ્યક છે.

આજની મિત્રતા તો માત્ર ટૅક્નૉલૉમાં સીમિત થઈ ગઈ છે. મોબાઇલ, વૉટ્સએપ અને ચેટિંગના માધ્યમે બંધાતી કૉમેડી જેવી લાગતી મિત્રતા કેવી પોકળ અને ક્ષણજીવી હોય છે. અંતે જીવનમાં એ ટ્રેજેડી સર્જતી હોય છે. મોબાઇલ કે ચેટિંગથી લાંબી લાંબી વાતો કરનાર એ જાણકારી, ઓળખાણ અને મૈત્રી વચ્ચેનો ભેદ ભુલી જાય છે. આમાં વાતો પુષ્કળ થતી હોય છે, પરંતુ એ માત્ર વ્યવહારની સ્થૂળ વાતો હોય છે. એમાં ઉષ્માનો કે લાગણીનો લેશમાત્ર સ્પર્શ હોતો નથી, બલ્કે બને છે એવું કે સાવ બિનજરૂરી વાતોમાં માણસ સમય બરબાદ કરતો હોય છે.

ટૅક્નૉલૉજી વ્યક્તિના રોજિંદા જીવનમાં સુવિધા આપવા માટે પ્રવેશે છે અને સમય જતાં એ વ્યક્તિના સમયની બરબાદીનું કારણ પણ બને છે. 'વોકમેન' અને 'ડિસ્કમૅન' જેવાં જગતવ્યાપી સાધનોને ભંગારમાં વેંચવાં પડે એવી સ્થિતિ લાવનાર આઈ-પોડ, આઈ-ફોન અને એ પછી આઈ-પેડના શોધક સ્ટીવ જોબ્સ પોતાનાં જ બાળકોને આઈપેડ, કમ્પ્યૂટર કે બીજાં સાધનોનું વ્યસન ન થાય તે માટે સતત સાવચેત રહેતા. માત્ર સ્ટીવ જોબ્સ જ નહીં, પણ એમના કેટલાય

સાથીદારો તેમનાં બાળકોના ડાઇનિંગ ટેબલ પર ક્યારેય કોઈ ટૅક્નૉલૉજીની પ્રોડક્ટને આવવા દેતા નહીં. સ્ટીવ જોબ્સને પૂછવામાં આવ્યું કે 'તમારાં બાળકોને આઈ-પોડ કે આઈ-પેડ જેવા હેરોઇનના બંધાણી બનવા દેશો?' ત્યારે સ્ટીવ જોબ્સનો જવાબ હતો, 'કદી નહીં.'

કેલિફૉર્નિયાની પ્રસિદ્ધ સિલિકોન વેલીમાં આ સાધનો તૈયાર કરનારા જગતના ચુનંદા અને કુશાગ્ર બુદ્ધિ ધરાવનાર એન્જિનિયરોએ પોતાનાં સંતાનોને માટે આ ટૅક્નૉલૉજી સામે અંકુશયુક્ત કવચ ઊભું કર્યું હતું. સ્ટીવ જોબ્સનો એ રોજિંદો ક્રમ હતો કે રોજ સાંજે વિશાળ ડાઇનિંગ ટેબલ પર ભોજન માટે બેસતા, ત્યારે સંતાનો સાથે સારા પુસ્તકો, ઇતિહાસ અને બીજી બાબતોની ચર્ચા કરતા અને આ સમયે આઈ-પેડ કે મોબાઇલનો સ્પર્શ પણ ન થાય તે ધ્યાન રાખતા. સંતાનોને માટે માત્ર આઈપોડ જ નહીં, પરંતુ ઇન્ટરનેટનો ઉપયોગ પણ મર્યાદિત કર્યો હતો અને તેઓ પોતાના ઘરમાં પોતાનાં સંતાનોને પરસ્પર સાથે વાતચીત કરવા માટે સદૈવ પ્રોત્સાહિત કરતા હતા.

સબંધ જેટલો પ્રત્યક્ષ, એટલો વધુ ટકાઉ. મિત્રતા બાંધવા માટે જેટલો પ્રયત્ન કરીએ છીએ, એનાથી દસમા ભાગનો પ્રયત્ન પણ મિત્રતા ટકાવવા માટે કરતા નથી. સંબંધનો પ્રારંભ સ્નેહથી થાય છે, પણ થોડાક સમયમાં મિત્રતા પ્રત્યે અધિકાર કે પોતાના 'કૉપીરાઇટ'નો ભાવ જાગે છે. મિત્ર બનેલી વ્યક્તિ સાથેના સંબંધોમાં આપણે બધું જ Take it for granted કરવા લાગીએ છીએ. સ્નેહમાં કોઈ વૃદ્ધિ થાય એવું કશું કરતા નથી. લાગણીના તંતુ દૃઢ બને એવી ખેવના રાખતા નથી. આથી 'રગશિયાં ગાડા જેવી સ્થિતિ ઊભી થતાં મૈત્રીમાંથી તાજગી અને પ્રસન્નતાની બાદબાકી થતી જાય છે અને પછી એની કોઈ માવજત થતી નથી. બલ્કે, એવું પણ બને છે કે ધીરે ધીરે મૈત્રી અપેક્ષાઓના બોજ હેઠળ દબાઈ જાય છે.

મારો મિત્ર છે એટલે એણે મારું આ કામ કરવું જ જોઈએ, ભલે એ ખોટું હોય.' અથવા તો 'મારા સગા તરીકે એમની આ જવાબદારી છે, કોઈ પણ ભોગે એમણે આ જવાબદારી નિભાવવી જોઈએ.' આ રીતે નિખાલસ મૈત્રી પર અપેક્ષાઓ સવાર થતાં મિત્રના એ આનંદ કે પ્રસન્નતાનું વાતાવરણ સર્જવાને બદલે ચિંતા, બોજ કે ભયનું કારણ બને છે. આમાં રાખવામાં આવતી અપેક્ષાઓ એ એકમાર્ગી રસ્તે ચાલતી હોય છે. પોતે અપેક્ષા વધે છે, પરંતુ સામેની વ્યક્તિ પ્રત્યે મારી શી અપેક્ષાઓ છે એનો વિચાર કરવામાં આવતો નથી. આને કારણે કાં તો મિત્રતા માગણી બની જાય છે અથવા તો માગણીભર્યો બોજ બની જાય છે. એવું પણ બને કે પછી એ પરસ્પરની ખામી શોધવા લાગે છે અને ચંદ્રની શીતળ ચાંદની દેખાતી નથી, માત્ર ચંદ્રના ડાઘ જ નજરે પડે છે.

માત્ર સંબંધો સર્જવા એટલું પૂરતું નથી, પણ એ સંબંધોને દૃઢમૂલ કરીને એની માવજત અને ઘડતર જરૂરી છે. સંબંધોમાં પોતાની અપેક્ષાઓ જ આગળ ધરીએ તો એ સંબંધ દુઃખદાયી બની રહે છે. સામેની વ્યક્તિ પ્રત્યેની આપણી અપેક્ષાનો આપણે વિચાર કરીએ તો સુવાસિત થાય છે. આપણે આપણી સુખાકારી માટે પ્રાર્થના કરતા હોઈએ છીએ, પરંતુ આપણા કોઈ સંબંધી બીમાર પડ્યા હોય અને એના સ્વાસ્થ્યની સુખાકારી માટે પ્રાર્થના કરીએ, ત્યારે કેવો ભિન્ન ભાવાનુભવ થાય છે! આની જાણ જ્યારે એ વ્યક્તિને થશે, ત્યારે એનું હૃદય તમારા પ્રત્યે કેટલું લાગણીસભર અને પ્રસન્ન બનશે! જે ક્ષણે તમારે માટે શું કર્યું તે નહીં, પણ તમે એમને માટે શું કર્યું અને તમારે શું કરવું જોઈએ એવા વિચારનો પ્રારંભ કરશો એટલે સંબંધની સૃષ્ટિમાં નવી ઊર્જા, તાજગી અને સુવાસ પ્રસરવા લાગશે. ■



## સમાજ સૃષ્ટિ



હરજીવન રંગપરિયા

# નાણા વગરનો નાથિયો, નાણે નાથાલાલ

લેખકના સાહિત્યિક તથા ચિંતનાત્મક લેખો વિભિન્ન સામયિકોમાં નિયમિત રીતે પ્રકાશિત થાય છે. “હરખને હિંડોળે” અને “જિંદગી જીવી લઈએ” જેવા પ્રસિદ્ધ પુસ્તકોના લેખક છે. ચીફ મેનેજર (નિવૃત) એસ. બી. આઈ.

આ કહેવત સાંભળી હશે જ, કારણ કે એ વર્ષોથી લોક જીભે ચડેલી છે ને જીવનનાં નગ્ન સત્યને રજૂ કરે છે. પહેલાના જમાનામાં જરૂરી વસ્તુઓના ખરીદ- વેચાણ વસ્તુઓનાં આદાન-પ્રદાન એટલે કે વિનિમય પ્રથાથી થતાં, કારણ કે નાણાંની શોધ થઈ નહોતી. આ વિનમય પ્રથામાં પારાવાર મુશ્કેલીઓ હતી.




આવી મુશ્કેલીઓ નિવારવા કોઈ માધ્યમની શોધખોળ શરુ થઈ હશે, જેનાં ફળ સ્વરુપે આ માધ્યમ એટલે કે નાણું મળ્યું હશે. નાણાંની શોધનો ઈરાદો હતો તો સારો. પરંતુ, તેનું પરિણામ કોઈએ વિચાર્યુ નહીં હોય તેવું આવ્યું. આર્થિક અસમાનતા સર્જાઈ. માણસમાં રહેલી સંગ્રહવૃતિને કારણે નાણાં સંગ્રહ કરવાનું સાધન બની ગયાં. બીજાથી વધુ સંપત્તિવાન થવાની હોડે નાણાનું ઓર મહત્વ વધારી દીધું.

બધી ભાંજગડ નાણાંની આ સંગ્રહવૃતિ તથા વધુ સંપત્તિવાન બની જવાની મહત્વાકાંક્ષાને કારણે થઈ. જેમ જેમ નાણાનું મહત્વ વધતું ગયું તેમ તેમ નાણું ભેગું કરવા માટે માણસ ગમે તેવાં કાર્યો કરવાં લાગ્યો. નાણાંના માપદંડે સમાજમાં બે વર્ગો પાડી દીધા, સંપત્તિવાન અને ગરીબ. સંપત્તિવાને વિશાળ આર્થિક સામ્રાજ્યો સ્થાપ્યાં.

પૈસો એટલો શક્તિશાળી બની ગયો કે સંપતિવાન પૈસાના જોરે બધાં સુખ, સગવડો, માન -સન્માન, પદ, પ્રતિષ્ઠા, ભોગવતાં થયાં. જ્યારે ગરીબોને રોટી, કપડાં, મકાન જેવી પ્રાથમિક જરુરિયાતો સંતોષવાનું પણ મુશ્કેલ બન્યું. આ વિષમતાએ ગરીબોની લાચારી વધારી દીધી. તેઓ નિમ્ન કક્ષાનાં કાર્યો કરવા તથા અપમાનજનક, શોષણભરી, નર્કાગાર જેવી જિંદગી જીવવા મજબૂર બન્યાં. સંપત્તિવાન નાણાંના જોરે ગરીબોનું અનેક રીતે શોષણ કરવાં લાગ્યાં. આવાં શોષણનો ભોગ થયેલા એક ગરીબની વાત કરીએ. ગરીબને વળી નામ શું ને ઠામ શું? છતાં પણ, બધાંને નામ હોય તેમ આ ગરીબનું પણ નામ તો હોય જ. એ ન્યાયે, એનું નામ હતું નાથાલાલ. ગરીબને આવું સન્માનજનક નામ સારું ન લાગે, તેથી લોકો તેને તુચ્છકારથી નાથિયો કહેતા. ઠેકાણું હતું, એક મોટાં શહેરની વિશાળ ઝુપડપટ્ટીમાં રસ્તાના કિનારે આવેલું દસ બાય આઠનું ફાટેલાં તૂટેલાં કંતાનથી બાંધેલું એક ઝૂંપડું. એ ઝૂંપડામાં એક તૂટેલો ખાટલો, ચારેક ફાટેલાં ગોદડાં, તૂટેલી પ્લાસ્ટિકની ડોલ, પાણીનું માટલું, ચાર -પાંચ થાળી, વાટકા, ગ્લાસ અને ખૂણામાં પતરાની તૂટેલી બેગમાં ભરેલાં ચાર-પાંચ જોડી જૂનાં કપડાં. આ તેની ઘરવખરી હતી. આ ઝૂંપડામાં નાથિયો, તેના દુબળાં, મા-બાપ અને તેને નાની બહેન રહેતાં.

નાથિયો જન્મ્યો ત્યારે તેની દુબળી પાતળી મા માંડ માંડ સુવાવડમાં બચેલી. ગરીબાઈ ખૂબ, એટલે આરામ કરવાનું એનાં નશીબમાં નો'તું. નાથિયાના જન્મનાં આગલા દિવસ સુધી તે મજૂરી કરતી રહેલી. માંડ બે ટંકનો રોટલો મળતો હોય એમાં પૌષ્ટિક ખોરાક કે જરૂરી તબીબી સારવાર લેવાનો તો સવાલ જ નો'તો. સુવાવડ પણ

# સમાજ સૃષ્ટિ

જેવું તેવું જાણતી દાયણે તેના ગંધાતાં ઝુંપડામાં જ કરાવેલી. સુવાવડ પછી પૂરતો આરામ કરવાની સાહેબી ભોગવવાનો સવાલ જ નહોતો. સાતેક દિવસના નાથિયાને ઝૂંપડામાં રડતો મૂકી એ સાત આઠ ઘરનાં કામ કરવાં નીકળી પડતી. તેનો સુકલકડી બાપ પણ છૂટક મજૂરી કામ કરતો. જે દિવસે કામ ન મળે તે દિવસે હાથમાં કોથળો લઈને ગંધાતા કચરાનાં ઢગલામાંથી પ્લાસ્ટિકની ગંધાતી થેલીઓ અને બોટલો ગોતી, થેલીમાં ભરી ભંગારવાળાને ત્યાં વેચી આવતો. બેયને જે મળે તેમાંથી ચારેયનું પેટ ભરાતું. રોજનું કમાઈને રોજનું ખાવાનું. કામ ન મળે તો ભૂખ્યા રહીને કે સૂકો રોટલો પાણી સાથે ખાઈ સૂવાનો વારો પણ આવતો.

બાજુમાંથી પસાર થતી ગંધાતી ગટર પર બણબણતાં મચ્છરોનાં ચટકાં વેઠી, ગંધાતા કચરાના ઢગલા તથા ગટરમાંથી ઉભરાતાં ગંદા પાણીનાં કિચડ વચ્ચે સાજા માંદા થતા, અવાવરું ટાંકાંનું પાણી પીને તથા સુકો રોટલો, ચટણી, ડુંગળી ખાઈને નાથિયાનું બચપણ વિતેલું. દહીં, દૂધ કે છાસ ખાવાની સાહબી તેણે ભોગવી નહોતી.

સવારે ઉઠતાં વેંત જ યાતનાઓ શરૂ થઈ જતી. જાહેર નળે અડધો કલાક ઊભા રહે ત્યારે માંડ એકાદ ડોલ પાણી મળતું, કુદરતી હાજત માટે ઝૂંપડપટ્ટીની બાજુની ઝાડીમાં ખુલ્લામાં જવું પડતું. ગેસ સ્ટવ હતો નહીં એટલે સુકાયેલાં લાકડાં કે છાણાંથી ચૂલો ચાલુ થતો. દરરોજ નહાવાનો કોઈ સવાલ નહોતો, કારણ કે માંડ પીવા પૂરતું પાણી મળતું. ક્યારેક નળમાં વધુ પાણી આવે તો બહાર ઝૂંપડાની બાજુમાં ખૂલ્લામાં પથ્થર ઉપર બેસીને ચારેયને ન્હાવા મળતું.

નાથિયાએ શિયાળાની કડકડતી ઠંડીમાં ધ્રૂજતા, ઉકળતા ઉનાળામાં પરસેવાથી નીતરતા, મુશળધાર ચોમાસામાં ઝૂંપડામાંથી ટપકતાં પાણી વચ્ચે કેટલીયે રાતો ગુજારેલી. રસ્તા પરથી લોકો પસાર થતાં. તેઓને જોતાં, પણ લાગણીહીન નજરે. પોતા તરફ ફેંકાતી લોકોની તીરછી નજરમાં છૂપાયેલી નિષ્ઠુરતાને એ લોકો લાચારી સાથે જોયા કરતાં. નાથિયાનાં દિલમાં ઘૂંટાતાં અશબ્દ દર્દની દઝાડતી પીડા, લાચાર આંખોમાં થીજી ગયેલી વેદના વાંચવાનો કોઈને સમય નો'તો કે ઈચ્છા નો'તી. માણસ જેવા માણસની વેદનાથી સંવેદનહીન રાહદારીઓનું રુંવાડુંય ન ફરકતું.

નાથિયો પાંચેક વર્ષનો થયો ત્યારે ઝૂંપડા પાસે ઉભો ઉભો, રંગબેરંગી યુનિફોર્મ પહેરી, ખભા પર દફતર રાખી, સ્કૂટર, સાયકલ કે કારમાં બેસી સ્કૂલે જતાં વિદ્યાર્થીઓને જોતો ત્યારે, તેને એ નહોતું સમજાતું કે, તે પણ આ છોકરાઓ જેવડો હોવા છતાં, નિશાળે કેમ જઈ ન શકે ? દફતરમાં ભરેલા ચોપડામાં શું લખ્યું હશે અને નિશાળમાં સાહેબ વિદ્યાર્થીઓને શું શીખવતા હશે ? તે વિશે તેને કુતૂહલ થયાં કરતું. કયારેક નાથિયો માને પોતે સ્કૂલે કેમ ન જઈ શકે તેનું કારણ પૂછતો, તો માં તેને, "બહુ થયો ભણવાવાળો. છાનોમાનો બેસ", કહી ધમકાવી ચૂપ કરી દેતી.

નાથિયાની દૂબળી પાતળી માં છોકરાઓને ઘરે રેઢા મૂકી સવારથી સાંજ સુધી પારકાં ઘરકામ કરવાં નીકળી પડતી. માં થી કામમાં મોડું થાય, નાની સરખી ભૂલ થાય કે ક્યારેક કોઈ વાસણ તૂટે તો, શેઠાણી નાથિયાની માને ખખડાવી નાખતી. કચકચાટ તો ચાલુ જ હોય. માંદગીમાં, કોઈ પ્રસંગમાં જવા માટે કે સગાં ઘરે આવે તો નાછૂટકે બે ત્રણ દિવસની રજા માંગવાની થતી ત્યારે નાથિયાની માનું આવી બનતું. બે હાથ જોડી આજીજી કરે ત્યારે પાષાણ હૃદયની શેઠાણી માંડ પીગળતી, ને તે પણ કામમાંથી કાઢી મૂકવાની ધમકી સાથે. બાપની હાલત પણ આવી જ હતી. તનતોડ મહેનત કરવા છતાં અપમાન, અત્યાચાર, શોષણ સહન કરવાં પડતાં.

ઘણી વખત નાથિયો શેઠ, શેઠાણીને તેમનાં નાની ઉંમરનાં બાળકોને પોતાનાં મા, બાપને "તુંકારા" થી બોલાવતાં જોતો, ત્યારે નાથિયાને ગમતું નહીં. માને આનું કારણ પૂછતો, ત્યારે માં તેને કહેતી કે, પૈસાવાળાં મોટાં માણસો કહેવાય એટલે આપણને ગરીબને "તું" કહીને જ બોલાવે. પરંતુ, ત્યારે નાથીયાને, પૈસા હોય તે "મોટો" અને ના હોય તે "નાનો", એવો નાણાંનો ભેદભાવભર્યો "માપદંડ" સમજાયો નો'તો.

નાથિયો છ એક વર્ષનો થયો ત્યારે અચાનક તેને ભણવાની તક મળી ગઈ. શહેરની એક સરકાર માન્ય એન. જી. ઓ. સંસ્થા ઝૂંપડપટ્ટીનાં ગરીબ બાળકોને રાત્રે શિક્ષણ આપવાનું કામ કરતી. નાથિયાની ઝૂપડપટ્ટીમાં પણ રાત્રી શિક્ષણ ચાલુ થયું. નાથિયો તેમાં જોડાઈ ગયો. તેઓ કાયદેસર રીતે વાર્ષિક પરીક્ષા પણ લેતા. નાથિયો

બાર વર્ષનો થયો ત્યાં સુધીમાં સાત ધોરણ પાસ થઈ ગયો.

બાર વર્ષનો થયો એટલે બાપે તેને એક ચાની લારી પર કામે રાખી દીધો. તે સવારે છ વાગ્યે લારીએ પહોંચી જતો. આખો દિવસ ચા વેંચતો, ગંદા કપ, રકાબી સાફ કરતો. ચા ઢોળાય, કપ રકાબી તૂટે કે નાની મોટી ભૂલ થાય તો શેઠ તેને બેફામ ગાળો આપતો ને ક્યારેક મારકૂટ પણ કરતો. નાથીયાએ ઘણી વખત લક્ઝરી કારમાંથી ડોકું બહાર કાઢી જતાં ને શેઠના વિશાળ બંગલામાં વૈભવી બેડ પર આળોટતાં કૂતરાઓને જોતો, ત્યારે તેના આશ્ચર્યનો પાર ન રહેતો. તેને ઘણી વખત વિચાર પણ આવતો કે તે માણસને બદલે આવો કૂતરો થયો હોત તો તેને પણ જાત જાતના સ્વાદિષ્ટ ભોજન અને આવા વૈભવી બંગલાના વૈભવી વિશાળ બેડ ઉપર સુવા મળત. માણસ તરીકેની પોતાની નર્કાગાર જેવી જિંદગી તથા કૂતરાંની આવી વૈભવી જિંદગી વચ્ચે રહેલા આટલા મોટા તફાવતનો તાળો તેને ન મળ્યો તે ન જ મળ્યો.

ઘણી વખત તે બત્રીસ જાતનાં ભોજન, સુકામેવા અને ડ્રાયફ્રુટસની વાતો સાંભળતો ત્યારે તેના મોંમાં પાણી આવી જતું. તેણે ઘણી વખત જાતજાતનાં સ્વાદિષ્ટ ભોજનની વાતો પણ સાંભળેલી. મા સાથે શેઠના બંગલે ઘરકામ કરવામાં મદદ કરવા જતો ત્યારે શેઠના પરિવારને વિશાળ ડાઈનિંગ ટેબલ ઉપર વિવિધ વાનગીઓ ખાતા જોતો ત્યારે તેને ઘણી વખત મોમાં પાણી આવી જતું. આ બધાં ભોજન કેવાં સ્વાદિષ્ટ હશે અને પોતાને ખાવા મળે તો મજા પડી જાય તેવું વિચારતો.

એક વખત નાથીયાને આવી વાનગી જોવાનો મોકો મળી ગયો. નાથીયાની માની શેઠાણીને મંદિરે મહોત્સવમાં પૂજા કરવા જવાનું હશે, તે તેને શેઠાણી સાથે સામાન ઉપાડી મંદિરે જવાનું થયું. શેઠાણીએ બત્રીસ જાતનાં ભોજનનો થાળ ભગવાનને ધર્યો. પહેલી વખત આવા ભોજન જોઈને તેની આંખો પહોળી થઈ ગઈ. તેના મોમાં પાણી આવી ગયું. તે દૂર ઊભો રહી બે હાથ જોડી ભગવાનને પ્રાર્થના કરતો વિચારે ચડ્યો, “શું ભગવાન આ બધી વાનગીઓ આરોગતા હશે ? થોડીવાર પછી તેણે આંખો ખોલી. ભગવાનની મૂર્તિ એમ જ ઉભી હતી. થાળમાંથી ભગવાને કોઈ વાનગીઓ આરોગી નો‘તી. ભોજનથાળ એમને એમ જ ભરેલો હતો. તે દંગ રહી ગયો. વિચારે ચડ્યો, “ભગવાન ભોજન આરોગતા જ નહિ હોય, નહિતર ભોજનનો થાળ એમને એમ ભરેલો જ કેમ રહે ? જો ભગવાન ભોજન આરોગતા જ ન હોય, તો ભોજનથાળ ભગવાનને કેમ ધરાવતા હશે ? શેઠાણીએ ભગવાનને બદલે અમારા જેવાં ગરીબોને આપી દીધો હોત તો ભગવાન પણ ચોક્કસ ખુશ થાત. નાથિયાને શેઠાણીનો ભગવાનને ભોજનથાળ ધરાવવાનો મતલબ સમજાયો નહિ.

નાથીયો આ બનાવથી દુ:ખી થઈ ગયો. તેનું મન બંડ પોકારી ઉઠયું. તેણે મા પાસે સાંભળેલું કે ભગવાન બધાંની પ્રાર્થના સાંભળે છે. તેની પાસે બધાં સરખાં છે. બધાંને સરખાં ગણવાની આ વાત તેને ગળે ન ઉતરી. તે બે હાથ જોડી, દુ:ખી હૃદયે, રડતી આંખે ભગવાનને મનોમન ફરિયાદ કરવા લાગ્યો, “અમુકને બંગલા, ગાડી, વૈભવી સગવડો અને અમોને ઝૂંપડપટી, ભૂખમરો અને નર્કાગાર જેવી યાતના ભરેલી જિંદગી. અમુકને માન, સન્માન અને અમોને અપમાન, તિરસ્કાર, નફરત. કોઈ માલિક તો કોઈ નોકર. આવો ભેદભાવ શા માટે?

અમોને નિશાળે જવાનો, બચપણ માણવાનો, સારાં કપડાં પહેરવાનો હક્ક કેમ નહીં ? રાત દિવસ તનતોડ મહેનત કરતા મારા મા- બાપનું આટલું શોષણ શાં માટે ? માણસ જેમ સન્માનપૂર્વક જીવવાનો અમોને હક્ક કેમ નહીં ? અમારી સાથે આટલો ઘોર અન્યાય શા માટે? તનતોડ મહેનત કરવા છતાં શા માટે આટલી ગરીબી? આટલા દુ:ખ, દર્દ ને આટલી પીડા? નાથિયાએ વર્ષોથી દબાવી રાખેલી ફરિયાદોનો ભગવાન પાસે ઢગલો કરી દીધો. તેણે આશા સાથે આંખો ખોલી. ભગવાન તરફથી તેને કોઈ પ્રતિસાદ ન મળ્યો હોય તેમ લાગ્યું. પોતાના દુ:ખ, દર્દમાંથી બહાર નીકળવાનો ભગવાન એક આધાર હતો. આજે તેનો આ વિશ્વાસ પણ તૂટી ગયો. તે નિરાશ થઈ ગયો.

ગરીબાઈમાં પસાર થતાં નાથિયાનાં જીવનમાં અચાનક પરિવર્તન આવે છે. ને નાથિયો નાથિયામાંથી નાથાલાલ બની જાય છે. તે આવતાં અંકમા.

મો. ૮૯૦૫૦૮૮૭૨૭



ડૉ. નરેભરામ જે. રાંકજા
મેમ્બર ફોર બોર્ડ ઓફ સ્ટડીઝ,
મારવાડી યુનિવર્સિટી, રાજકોટ અને પૂર્વ પ્રોફેસર,
જુનાગઢ કૃષિયુનિવર્સિટી, જુનાગઢ

# આત્મનિર્ભરતા : એક આવકારદાયક અભિયાન

આજે આપણી વિચારસરણીમાં ખુબજ પરિવર્તન આવી ગયેલ છે, જેમાં કંઈક અંશે પશ્ચીમી સંસ્કૃતિનું આંધળુ અનુકરણ પણ જવાબદાર છે. આ સંસ્કૃતિએ આજના યુવા વર્ગને પોતાના માતા પિતા અને શિક્ષકવર્ગ થી દર ધકેલી દીધો છે. આજના યુવા વર્ગ ને બધુજ તાત્કાલિક જોઈએ છે અને તાત્કાલિક સફળતા મેળવવી છે. આ વર્ગ બુધ્ધિમાન, મહત્વાકાંક્ષી અને ઉત્સાહી છે પરંતુ તેમને નાની નાની બાબતમાં ધીરજપુર્વક સામનો કરી, જીવન જીવવાની કળા શીખવવામાં આવેલ નથી કે કેળવણી આપવામાં આવેલ નથી. આજની શિક્ષણ પધ્ધતીમાં પણ મૂલ્યો અને કેરીયર અંગેના શિક્ષણ ની જોઈએ તેવી જોગવાઈ નથી પરીણામે તેઓમા હતાશા અને નિરાશા આવતી જાય છે. આવી પરીસ્થિતીમાંથી યુવા વર્ગ ને બહાર લાવવો જરૂરી છે. અત્યારની પરીસ્થિતી મુજબ અને આવા સમયમાં આત્મશ્રધા અને આત્મનિર્ભરતા થી આવી મુશ્કેલી માંથી બહાર નીકળી શકાય તેમ છે. આના માટે પહેલા આળશ ખંખેરી, હતાશા અને નિરાશા દુર કરી, ફકત નશીબ ઉપર નહી પરંતુ સખત પુરૂષાર્થ થી આત્મનિર્ભરતા કેળવીને જીવનની દરેક સમસ્યાનો સામનો બહાદુરી પૂર્વક કરવો પડશે. આપણે સંપૂર્ણપણે બીજા ઉપર આધારીત રહેવું જોઈએ નહી પરંતુ આત્મવિશ્વાસ થી આત્મનિર્ભર બનવું જોઈએ. આપણે કયારેક જરૂર કરતા વધારે પડતા બીજાની મદદ, સહાનુભૂતી અને હમદર્દી મેળવતા હોઈએ છીએ, પરંતુ આવી ટેવ લાંબાગાળે નુકશાનકર્તા છે. આનાથી આપણી શકિત અને આત્મવિશ્વાસ ઘટે છે. સંપૂર્ણપણે બીજા ઉપર આધાર રાખીને આપણે આપણી જાતને તિરસ્કાર રૂપ કે હાસ્યસ્પદ બનાવીએ છીએ.

માણસની મહાનતા તેના પ્રયત્નોથી જોવામાં આવે છે નહી કે તેની સફળતા કે નિષ્ફળતા ઉપર. કોઈ વસ્તુ આપણ ને કોઈના ઉપકાર થી મળેલ હોય તો તેમાં આપણુ આત્મસન્માન જળવાતુ નથી અને શાંતિથી તેનો ઉપભોગ પણ કરી શકતા નથી, જયારે એજ વસ્તુ આપણે પોતે મહેનત કરી, ખર્ચ કરી અને આત્મનિર્ભર બની ને મેળવીએ છીએ ત્યારે આપણને પોતાને આત્મસંતોષ ની સાથે તે વસ્તુને શાંતિથી ભોગવી શકીએ છીએ. આત્મનિર્ભરતા નો એક અર્થ એવો થાય છે કે આપણી પોતાની શકિત, ક્ષમતા કે પ્રયત્નો ઉપર આધારીત રહીને કોઈ પણ કાર્ય કરી તેમાં સફળતા મેળવવી. જો આ ગુણ દરેક વ્યકિતમાં આવી જાય તો બીજાની મદદની જરૂરીયાત રહેતી નથી. પોતાને આત્મનિર્ભર બનવા માટે તીવ્ર ઈચ્છા શકિત તેમજ કઠોર પરીશ્રમ કરવો જરૂરી બને છે. આપણે એ પણ યાદ રાખવું જોઈએ કે આત્મનિર્ભરતા ના પાઠ કોઈ સ્કુલ કે યુનિ.માં ભણાવવામાં આવતા નથી, તેમજ કોઈ ઉપદેશ થી મળતા નથી પરંતુ જીવનની આવશ્યકતાજ ધીમે ધીમે આત્મનિર્ભરતાની ભાવના તરફ દોરી જાય છે. આત્મનિર્ભર વ્યકિત કયારેય બીજા ઉપર કે ભાગ્ય ઉપર છોડતા નથી પરંતુ પોતાના પરીશ્રમ ઉપર આધાર રાખે છે પછી ભલે તેમાં સફળતા મળે તો તેનો સુખદ અનુભવ કરે છે અને કયારેક નિષ્ફળતા મળે તો પણ તેમાંથી બોધ લઈને કે પોતાની ખામીઓ દૂર કરી ને સફળતા માટે નવા નવા માર્ગ ગોતે છે અને પ્રયત્ન કરે છે. મહેનત કરવાથી કોઈ પણ કાર્યમાં સફળતા મળે છે, નહી કે ફકત આપણા મનની ઈચ્છાથી. દેશમાં કે વિશ્વમાં જેટલા મહા પુરૂષો છે. તેઓ પોતે આત્મનિર્ભરતાથી આગળ આવેલ છે નહી કે બીજાના ઉપકારથી અને તેઓ આખા દેશમાં કે દુનિયામાં પ્રેરણારૂપ બનેલા છે. જેમ કે અબ્રાહીમ લીંકન જે એક ઝુંપડીમાંથી પોતાની રીતે અમેરીકાના રાષ્ટ્રપતી બનેલ. નેપોલીઅન કે સાવ ગરીબ કુટુંબ માથી આવેલ ને પોતાના આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતા થી અડધી દુનિયા ઉપર રાજ કરેલ. એકલવ્ય જે પોતાની રીતે ધનુર્વિદ્યા શીખીને પંડીત બની ગયો. આપણા દેશની વાત કરીએ તો લાલ બહાદુર શાસ્ત્રી, મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, અબ્દુલ કલામ અને હાલના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ સામાન્ય કુટુંબમાંથી આવી પોતાની આત્મનિર્ભરતા થકી મહાન બનેલ છે.

આત્મનિર્ભર વ્યકિત ને પોતાના પ્રત્યેક કાર્યો ઉપર ખુબજ વિશ્વાસ હોય છે કેમકે તેમના દરેક કાર્ય પોતાના પ્રયત્નો ને આધારીત હોય છે. આવી વ્યકિતઓ પોતાના જીવનમાં આવેલ તકને ઝડપી લે છે. જો તેને આવી તક ન મળે તો પોતે આવી તકો ઉભી કરે છે અને દરેક કાર્યમાં સફળતા મેળવે છે. મનુષ્ય જીવન એક સંઘર્ષ છે, આ સંઘર્ષ માં મનુષ્યને સમાજ તરફથી પણ પુરતો સહયોગ મળે છે. જો આ સહયોગ જરૂર કરતા વધુ મેળવવામાં આવે તો બીજા ઉપર આધારીત થવાની આદત પડી જાય છે અને બીજા ઉપર આધાર રાખવો તે તેમની પરતંત્રતાનું કારણ બની જાય છે. આત્મનિર્ભરતા ફકત વ્યકિત માટેજ નહી પરંતુ આખા રાષ્ટ્ર માટે પણ જરૂરી છે. સ્વતંત્રતા બાદ ભારત ઘણા સમય સુધી ખાધ પદાર્થો કે અન્ન માટે બીજા દેશ ઉપર આધારીત હતો, જેને કારણે ઘણી બધી મુશ્કેલીઓ નો સામનો કરવો પડતો હતો, પરંતુ સાઈઠના દાયકા બાદ ભારત અનાજની બાબતમાં આત્મનિર્ભર બની ગયેલ છે. દેશની શક્તિની

# સમાજ સૃષ્ટિ

પરખ તેની આત્મનિર્ભરતા ઉપર હોય છે નહી કે કોઈ પાસેથી ઉધાર લઈને દેશ ચલાવવામાં. માણસને આત્મનિર્ભર બનવાની તમન્ના જ તેની પ્રગતીનું કારણ બને છે. આજના યુવાનોની બેરોજગારી દુર કરવા માટે આખા દેશમાં વ્યવસાયિક શિક્ષણ ઉપર વધુ ભાર મુકવો જરૂરી છે. જયારે ભારતમાં સ્વતંત્રતા આવી ન હતી ત્યારે આપણે સંપૂર્ણ પણે અંગ્રેજો ઉપર આધારીત હતા, જેથી આપણે પોતાનું કે દેશનુ ભલુ કરવા ઈચ્છતા હોવા છતા કશુ જ કરી શકતા નહી.

આઝાદી પછી આત્મનિર્ભરતા બાબતે આપણે ઘણી બધી પ્રગતી કરીને આજે વિકસીત દેશોની હરોળમાં આવીને ઉભા રહયા છીએ. ઘણા બધા મહાપુરૂષોના જીવનમાંથી પણ આપણને આત્મનિર્ભરતાની પ્રેરણા મળે છે. ભારતને આત્મનિર્ભર બનાવવાનું જે સપનું છે તે મહાત્મા ગાંધીજીએ આઝાદી પછી સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવા ઉપર ભાર મુકીને સેવેલ હતું પરંતુ તે સમયે વધારે પડતી ગરીબી અને ભુખમરા ને કારણે જોઈએ તેવી સફળતા મળેલ નથી. બીજા ઉપર આધારીત રહેવાથી આપણને તે મુજબની ટેવ પડી જાય છે. આપણી પોતાની વિચારસરણી અને આત્મવિશ્વાસ ઓછા થઈ જાય છે. આપણને ખુદને એવું લાગવા લાગે છે કે હું કંઈજ કરી શકું તેમ નથી, જેથી આપણી પ્રગતી રૂંધાઈ જાય છે. સ્વયંમના પરીશ્રમથી જે કંઈ મેળવીએ છીએ તેનો આનંદ કઈક જુદોજ હોય છે. જો આપણે કોઈનો સહારો લેવા માંગતા હોઈએ તો આપણી અંદર છુપાયેલા યોગ્યતા, મનોબળ અને આત્મવિશ્વાસ નો સહારો લેવો જોઈએ, જેનાથી આપણે આત્મનિર્ભર બની શકીએ, આવી આત્મનિર્ભર વ્યકિત માટે સફળતાના દરવાજા હંમેશા ખુલા હોય છે. દેશને આત્મનિર્ભર બનાવવાનો અર્થ એ થાય કે દેશને દરેક ક્ષેત્રમાં પોતાના ઉપર આધારીત રહેવું. ભારત દેશમાં જ દરેક વસ્તું બનવી જોઈએ અને તેનો ઉપયોગ થવો જોઈએ.

આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ પણ એજ છે કે આપણા દેશના જ સંસાધનો થી બનાવવામા આવેલ દરેક વસ્તુઓનો દેશમાં ઉપયોગ થવો જોઈએ. ભારતની સંસ્કૃતી અને કલાના વારસા ઉપરથી સ્પષ્ટ થાય છે કે ભારત દેશ પ્રાચીન કાળથી આત્મનિર્ભર છે. આમ જુઓતો આત્મનિર્ભરતા એ કઈ નવું નથી, જેમ કે શહેર અને ગામ્ય વિસ્તારમાં સરળતાથી મળી શકે એવી વસ્તુઓ, કુદરતી સંશાધનો અને કાચા માલનો ઉપયોગ કરીને નાના અને કુટીર ઉધોગો દ્વારા સામાન કે વસ્તુઓ બનાવીને વેચી તેમાંથી જે પૈસા કમાઈએ તેના દ્વારા કુટુંબનું ગુજરાન ચલાવવું તેને આત્મનિર્ભરતા કહે છે. જો આ સામગ્રી સારી ગુણવતા વાળી બનાવવામાં આવે તો બીજી બજારમાં વહેંચીને વધારે પૈસા પણ કમાઈ શકાય છે. ખેતી, પશુપાલન, મત્સ્યોદ્યોગ તેમજ આંગણવાડી અને ગૃહ ઉધોગો માં બનાવવામાં આવતી વસ્તુઓ દ્વારા આપણે આપણા પરીવારને ગામ સાથે, ગામને તાલુકા સાથે, તાલુકાને જીલ્લા સાથે અને જીલ્લાને રાજય તેમજ દેશ સાથે જોડીને આત્મનિર્ભર રાષ્ટ્રનું નિર્માણ કરી શકીએ છીએ. દેશની દરેક વ્યકિત આત્મનિર્ભર બનીને પોતાની સાથે સાથે પોતાના કુટુંબ તેમજ દેશના વિકાસ માં પોતાનો સહયોગ આપી શકે છે. ભારત એક એવો દેશ છે કે જયાં પ્રાચીન કાળથી કુદરતી સંશાધનો પુરતા પ્રમાણમાં છે. અહીં દરેક પ્રકારની ચીજ વસ્તુઓ બનાવી તેનો આપણા જીવનમાં ઉપયોગ કરીને રાષ્ટ્રના નિર્માણમાં મદદરૂપ થઈ શકાય છે ને આત્મનિર્ભરતા ના સપના સાકાર કરી શકાય છે. કોરોના જેવી મહામારીના કારણે આખુ વિશ્વ લગભગ બંધ જેવી સ્થિતીમાં આવી ગયું હતું, જેને કારણે નાના માં નાના માણસથી માંડીને અમીર વર્ગ ને ભારે નુકશાની તેમજ પરેશાનીનો સામનો કરવો પડયો હતો. ખાસ કરીને આપણે ત્યાં ગરીબ અને મધ્યમ વર્ગ પરીવારને કમાવાનો વિકટ પ્રશ્ન બની ગયો હતો. આ દરમ્યાન એક બીજા દેશના આદાન પ્રદાન ની પ્રવૃતી પણ બંધ થઈ ગઈ હતી. આવા સંજોગોમાં માનનીય પ્રધાનમંત્રી દ્વારા દેશને આત્મનિર્ભર બનાવવાનો અભિયાન ચલાવવાની ઘોષણા કરવામાં આવેલ અને તેમાં સ્થાનીકમાં બનાવવામાં આવેલ વસ્તુઓનો ઉપયોગ કરી તેનો પ્રચાર કરી એક નામ ઉભું કરવાની ઝુંબેશ ઉપાડવામાં આવેલ. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ એ છે કે ભારતના સંશાધનોથી બનાવેલ વસ્તુઓનો ભારતમાં ઉપયોગ કરવો તેમજ આપણા સ્થાનિક ઉદ્યોગોનો વિકાસ કરી યુવાનોને રોજગારી ઉભી કરવી તેમજ ગરીબો માટે પુરતું ખાવાનું મળી રહે તેવુ આયોજન કરવું.

કોરોના મહામારી દરમ્યાન આપણા દેશમાં આત્મનિર્ભરતા બાબતે ઘણું બધું કરેલ છે. આ મહામારી સામે લડવા માટે પીપીઈ કીટ, વેન્ટીલેટર, સેનેટાઈઝર, કે એન-૫ માસ્કનુ ઉત્પાદન આપણા દેશમા શરૂ કરી દેવામાં આવેલ જે એક આત્મનિર્ભરતા અભિયાનનું આવકારદાયક પગલું કહેવાય. આપણા દેશની પરિસ્થિતી મુજબ આત્મનિર્ભરતા થી દેશનો વિકાસ થઈ શકે તેમ છે. ઈરાન, ઈઝરાયલ અને અમેરીકાના યુધ્ધ ને લીધે ગેસ, ઓઈલ તેમજ અન્ય વસ્તુઓ ની અછત ને લીધે જે મુશ્કેલી પડે છે તેને આવા અભિયાન થી અન્ય વિકલ્પ શોધીને નીવારી શકાય છે. આ દિશામાં સામુહીક અને સહીયારા પ્રયાસથી આગળ વધવામાં આવશે તો આત્મનિર્ભરતા એ એક આદર્શ અભિયાન છે તે સાબીત કરવામાં શંકાને કોઈજ સ્થાન નથી. ■

SMART EXHAUST ZERO ELECTRICITY ECONOMICAL DURABLE




રસીક પટેલ (ટુંડાવવાળા)
૯૮૨૫૪ ૨૧૨૨૦

વીકી પટેલ
૯૭૨૬૩૮૪૫૬૪

Mfg. Corrugated Sheets, Plane Sheets, Decorative Sheets, Skylight dome, Parking Shade, FRP Moulded Items

Shree BALAJI
FIBRE GLASS

2, Jogeshwari Estate, Nr. Revabhai Estate, Opp. Kevdawadi, C.T.M., Amraiwadi, Ahmedabad-26.

Ph. : 079-25852018, M. : 98254 21220, 97263 84564

Web : www.balajifiberglass.com • Email : info@balajifiberglass.com








યાત્રા સૃષ્ટિ



**પ્રા. ડૉ. યશવંત કે. ગોસ્વામી**
જાણીતા હિન્દી લેખક અને વિવેચક
ગુજરાતના શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા
અધ્યક્ષ : હિન્દી વિભાગ-કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ

# ધરતીનું સ્વર્ગ જમ્મુ-કાશ્મીર

જમ્મુ-કાશ્મીર ભારતનો એક અત્યંત સુંદર અને પ્રાકૃતિક સંપદાથી ભરપુર વિસ્તાર છે. અહીં ઊંચા ઊંચા પર્વતો, લીલાછમ બાગ-બગીચા, શાંત સરોવરો, પવિત્ર ધાર્મિક સ્થળો, ઐતિસિક વારસો અને મનમોહક પ્રાકૃતિક દ્રશ્યો પ્રવાસીઓને આકર્ષિત કરે છે, તેને અવારનવાર "ધરતીનું સ્વર્ગ" પણ કહેવામાં આવે છે. અહીંના મુખ્ય દર્શનીય, પ્રાકૃતિક, ધાર્મિક અને ઐતિહાસિક સ્થળોની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

**૧. જમ્મુ-કાશ્મીરનો પરિચય :** જમ્મુ-કાશ્મીર ભારતના ઉત્તરમાં આવેલું એક પ્રસિદ્ધ પર્યટન ક્ષેત્ર છે. તેના મુખ્ય ત્રણ ભાગ માનવામાં આવે છે - જમ્મુ, કાશ્મીર ખીણ અને લદ્દાખ, હિમાલયની ઊંચી પર્વતમાળાઓ, ઠંડી આબોહવા, સરોવરો, નદીઓ અને લીલાછમ મેદાનો તેને અત્યંત આકર્ષક બનાવે છે. અહીંની મુખ્ય નદીઓ જેલમ, ચિનાબ, સિંધ અને રાવી છે. પ્રાકૃતિક સૌંદર્યના કારણે દર વર્ષે લાખો પ્રવાસીઓ અહીં આવે છે.

**૨. મુખ્ય દર્શનીય સ્થળો : (૧) શ્રીનગર :** શ્રીનગર કાશ્મીરની રાજધાની અને સૌથી પ્રસિદ્ધ પર્યટન સ્થળ છે. તે જેલમ નદીના કિનારે વસેલું છે. **મુખ્ય આકર્ષણ :** ડલ સરોવર, મુઘલ ગાર્ડન, હાઉસબોટ, શિકારા યાત્રા, હજરતબલ દરગાહ. શ્રીનગરમાં પ્રવાસીઓ સરોવરમાં નાવની સફર કરતા સુંદર પહાડો અને બગીચાઓનો આનંદ લે છે. **(૨) ગુલમર્ગ :** ગુલમર્ગનો અર્થ છે ફુલોનું મેદાન તે ભારતના સૌથી સુંદર હિલ સ્ટેશનોમાંનું એક છે.**મુખ્ય વિશેષતાઓ:** બરફથી ઢંકાયેલા પહાડો, સ્કીઈંગ માટે પ્રસિદ્ધ ગુલમર્ગ ગોંડોલા (દુનિયાની સૌથી ઊંચી કેબલ કારોમાંની એક) શિયાળામાં અહીં હજારો પ્રવાસીઓ સ્કીઈંગ અને સ્નો-સ્પોર્ટ્સનો આનંદ લેવા આવે છે. **(૩) પહેલગામ :** પહેલગામ લિડર નદીના કિનારે આવેલું એક પ્રસિદ્ધ પર્યટન સ્થળ છે.**મુખ્ય આકર્ષણ:** બેતાબ વેલી, અરુ વેલી, બાઈસારન ખીણ, અમરનાથ યાત્રાનો પ્રારંભિક માર્ગ, આ સ્થળ તેની હરિયાળી અને શાંત વાતાવરણ માટે પ્રસિદ્ધ છે. **(૪) સોનમર્ગ :** સોનમર્ગનો અર્થ છે "સોનાનું મેદાન". તે સમુદ્રની સપાટીથી લગભગ ૨૮૦૦ મીટરની ઊંચાઈ પર આવેલું છે. ઉનાળામાં અહીં લીલાછમ મેદાનો અને બરફથી ઢંકાયેલા પહાડો જોવા મળે છે.મુખ્ય આકર્ષણ:- થાજીવાસ ગ્લેશિયર, ટ્રેકિંગ માર્ગ, હિમાલયના સુંદર દ્રશ્યો

**૩. પ્રસિદ્ધ તળાવો અને સરોવરો (૧) ડલ સરોવર:** ડલ સરોવર શ્રીનગરનું સૌથી પ્રસિદ્ધ સરોવર છે, તેને કાશ્મીરનું 'આભૂષણ સરોવર' કહેવામાં આવે છે. **મુખ્ય વિશેષતાઓ:** શિકારા સવારી, હાઉસબોટ, તરતું બજાર, સુંદર સૂર્યાસ્તના દ્રશ્યો સરોવરની આસપાસ ઘણા બગીચા અને હોટલો આવેલી છે. **(૨) વુલર સરોવર :** વુલર સરોવર એશિયાના સૌથી મોટા મીઠા પાણીના સરોવરોમાંનું એક છે. **વિશેષતાઓ:** પ્રાકૃતિક સરોવર માછલી પાલન, સ્થળાંતર કરનારા પક્ષીઓનું નિવાસસ્થાન. આ સરોવર પર્યાવરણની દ્રષ્ટિએ પણ ખૂબ મહત્વનું છે. **(૩) માનસબલ સરોવર :** આ કાશ્મીરનું સૌથી ઊંડું સરોવર માનવામાં આવે છે. **મુખ્ય આકર્ષણ:** કમળના ફૂલો, પક્ષી નિરીક્ષણ, શાંત વાતાવરણ **(૪) શેષનાગ સરોવર :** તે અમરનાથ યાત્રાના માર્ગ પર આવેલું એક સુંદર પર્વતીય સરોવર છે.તેની વાદળી જલરાશિ અને આસપાસના પર્વતો તેને અદભૂત બનાવે છે.

**૪. પ્રસિદ્ધ મુઘલ ગાર્ડન :** કાશ્મીરના મુઘલ ગાર્ડન મુઘલકાલીન સ્થાપત્ય કલાના સુંદર ઉદાહરણો છે.**(૧) શાલીમાર બાગ :** આ બાગ મુઘલ સમ્રાટ જહાંગીરે તેની પત્ની નૂરજહાં માટે બનાવ્યો હતો. (સુંદર ફુવારા, સીડીદાર ઉદ્યાન, ચિનારના વૃક્ષો) **(૨) નિશાત બાગ :** આ ડલ સરોવરના કિનારે આવેલો છે. (૧૨ સીડીદાર બગીચાઓ, સુંદર જળધારાઓ, પર્વતોનું દ્રશ્ય) **(૩) ચશ્મે શાહી :** આ બાગ તેના મીઠા પાણીના ઝરણા માટે પ્રસિદ્ધ છે. (નાનો પણ ખૂબ સુંદર, પ્રાકૃતિક જળ સ્રોત, શાંત વાતાવરણ) **(૪) પરી મહેલ :** આ એક ઐતિહાસિક ઉદ્યાન અને ખંડેર છે જે શ્રીનગર પાસે પહાડી પર આવેલું છે.

**૫. ધાર્મિક સ્થળો :** જમ્મુ-કાશ્મીર વિવિધ ધર્મોના પવિત્ર સ્થળો માટે પણ પ્રસિદ્ધ છે.**(૧) વૈષ્ણો દેવી મંદિર:** આ ભારતના સૌથી પ્રસિદ્ધ હિન્દુ તીર્થ સ્થળોમાંનું એક છે. (કટરા પાસે ત્રિકુટ પર્વત પર સ્થિત, દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ દર્શને આવે છે, લગભગ ૧૩ કિમીનું ચઢાણ) **(૨) અમરનાથ ગુફા:**આ ભગવાન શિવનું અત્યંત પવિત્ર સ્થાન છે. (કુદરતી બરફનું શિવલિંગ, વાર્ષિક અમરનાથ યાત્રા, ઊંચાઈ લગભગ ૩૮૮૦ મીટર) **(૩) હજરતબલ દરગાહ** આ શ્રીનગરમાં આવેલું એક પ્રસિદ્ધ મુસ્લિમ તીર્થ સ્થળ છે.(અહીં પયગંબર મોહમ્મદ સાથે જોડાયેલ

# યાત્રા સૃષ્ટિ

પવિત્ર અવશેષ રાખવામાં આવ્યો છે) **(૪) શંકરાચાર્ય મંદિર:** આ મંદિર શ્રીનગર પાસે એક પહાડી પર આવેલું છે. (ભગવાન શિવને સમર્પિત, અહીંથી આખા શ્રીનગર શહેરનું દ્રશ્ય દેખાય છે) **(૫) રઘુનાથ મંદિર (જમ્મુ):** આ જમ્મુનું સૌથી મોટું મંદિર છે.(ભગવાન રામને સમર્પિત, સુંદર સ્થાપત્ય કલા)

**૬. પર્વતો અને ખીણો જમ્મુ-કાશ્મીર હિમાલય પર્વતમાળાનો મહત્વનો ભાગ છે.** **(૧) પીર પંજાલ પર્વત:** આ હિમાલયની એક મુખ્ય પર્વતમાળા છે જે કાશ્મીર ખીણને ભારતના અન્ય ભાગોથી અલગ કરે છે. **(૨) ઝાંસ્કર પર્વત:** આ લદ્દાખ વિસ્તારમાં આવેલો છે અને ટ્રેકિંગ માટે પ્રસિદ્ધ છે. **(૩) નુબ્રા વેલી :** આ લદ્દાખમાં આવેલી એક અત્યંત સુંદર ખીણ છે. (રેતીના ઢગલા પર ઊંટની સવારી, બૌદ્ધ મઠો, શ્યોક નદી) **(૪) દ્રાસ વેલી:** આ દુનિયાના સૌથી ઠંડા વસવાટવાળા સ્થળોમાંનું એક છે. ૭. ઐતિહાસિક **સ્થળો** - (૧) હરી પર્વત કિલો : આ શ્રીનગરમાં આવેલો એક પ્રાર્થન કિલ્લો છે. (અફઘાન શાસકો દ્વારા નિર્મિત), શહેરનું સુંદર દ્રશ્ય) **(૨) મુબારક મંડી મહેલ:** આ જમ્મુમાં આવેલો એક ઐતિહાસિક મહેલ છે જે ડોગરા શાસકોનું નિવાસસ્થાન હતું. **(૩) અવંતીપુર ખંડેર:** આ પ્રાચીન મંદિરોના અવશેષો છે જે ૯મી સદીમાં બન્યા હતા. **(૪) લદ્દાખના બૌદ્ધ મઠો:** લદ્દાખ વિસ્તારમાં ઘણા પ્રસિદ્ધ મઠો છે. (હેમિસ મઠ, થિક્સે મઠ, ડિસ્કિટ મહ)

**૮. સાહસિક પર્યટન :** જમ્મુ-કાશ્મીર સાહસિક પર્યટન માટે પણ પ્રસિદ્ધ છે. **મુખ્ય પ્રવૃત્તિઓ:** સ્કીઇંગ (ગુલમર્ગ, ટ્રેકિંગ (સોનમર્ગ, લાખ), રિવર રાફ્ટિંગ (સિંધ અને જેલમ નદી), પર્વતારોહણ, વૈશંગનાઈટિંગ.

**૯. સંસ્કૃતિ અને જીવનશૈલી** - જમ્મુ-કાશ્મીરની સંસ્કૃતિ ખુબ જ સમૃદ્ધ છે. **મુખ્ય વિશેષતાઓ:** કાશ્મીરી ભરતકામ, પશ્મીના શાલ, કાશ્મીરી ગાલીચા, કાશ્મીરી ભોજન (વાઝવાન). લોકનૃત્ય: રૌફ, ડુમહાલ.

**૧૦. પર્યટનનું મહત્વ :** જમ્મુ-કાશ્મીરની અર્થવ્યવસ્થામાં પર્યટનનું ખૂબ જ મહત્વનું સ્થાન છે. **પર્યટનના લાભ:** રોજગારની તકો વધે છે, સ્થાનિક કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન મળે છે, આર્થિક વિકાસ થાય છે, દેશ-વિદેશના લોકો વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાન થાય છે.

**નિષ્કર્ષ :** જમ્મુ-કાશ્મીર કુદરતી સુંદરતા, ધાર્મિક આસ્થા અને ઐતિહાસિક વારસાનો અદભૂત સંગમ છે. અહીંની બરફથી ઢંકાયેલી પર્વતમાળાઓ, લીલાછમ બગીચાઓ, શાંત સરોવરો, પવિત્ર મંદિરો અને ઐતિહાસિક કિલ્લાઓ તેને ભારતનું સૌથી આકર્ષક પર્યટન સ્થળ બનાવે છે. આ જ કારણ છે કે તેને **"ધરતીનું સ્વર્ગ"** કહેવામાં આવે છે. જે પણ વ્યક્તિ પ્રકૃતિ, શાંતિ અને રોમાંચનો અનુભવ કરવા માંગે છે, તેના માટે જમ્મુ-કાશ્મીર એક આદર્શ સ્થળ છે. **જમ્મુથી બધા સ્થળોનું અંતર અને શ્રીનગરથી બધા સ્થળોનું અંતર:** વૈષ્ણોદેવી, શિવખોડી, પતનીટોપ વગેરે જમ્મુ-કાશ્મીરમાં ઘણા મુખ્ય ધાર્મિક અને પર્યટન સ્થળો છે. નીચે જમ્મુથી અંતર અને શ્રીનગરથી અંતર (અંદાજે સડક માર્ગે) આપવામાં આવ્યું છે જેથી યાત્રાનું આયોજન સરળ બની શકે.

**૧. વૈષ્ણો દેવી મંદિર : જમ્મુથી અંતર :** લગભગ ૫૦ કિમી (જમ્મુ - કટરા), શ્રીનગરથી અંતર: લગભગ ૨૬૦-૨૭૦ કિમી **વિશેષતા:** ભારતના સૌથી પ્રસિદ્ધ તીર્થ સ્થળોમાંનું એક. કટરાથી લગભગ ૧૩ કિમી પગપાળા ચઢાણ કરીને મંદિર સુધી પહોંચી શકાય છે.

**૨. શિવખોડી ગુફા મંદિર : જમ્મુથી અંતર:** લગભગ ૧૧૦-૧૨૦ કિમી શ્રીનગરથી અંતર : લગભગ ૩૦૦ કિમી, **વિશેષતા:** કુદરતી ગુફામાં બનેલું ભગવાન શિવનું પ્રસિદ્ધ મંદિર. અહીં કુદરતી શિવલિંગ છે.

**૩. પતનીટોપ :** જમ્મુથી અંતર: લગભગ ૧૧૦ કિમી શ્રીનગરથી અંતર: લગભગ ૧૮૦ કિમી **વિશેષતા:** ખૂબ જ સુંદર હિલ સ્ટેશન, બરફ અને દેવદારના જંગલો માટે પ્રસિદ્ધ.

**૪. અમરનાથ ગુફા :** જમ્મુથી અંતર: લગભગ ૩૭૦-૪૦૦ કિમી શ્રીનગરથી અંતર: લગભગ ૧૪૦ કિમી, **વિશેષતા:** કુદરતી બરફથી બનેલું શિવલિંગ અહીં દર વર્ષે અમરનાથ યાત્રા દરમિયાન દર્શન માટે ખુલે છે.

**૫. કટરા :** જમ્મુથી અંતર: લગભગ ૫૦ કિમી, શ્રીનગરથી અંતર: લગભગ ૨૬૦ કિમી, **વિશેષતા:** વૈષ્ણો દેવી યાત્રાનું મુખ્ય આધારભૂત શહેર.

**૬. માનસાર સરોવર :** જમ્મુથી અંતર: લગભગ ૬૫ કિમી, શ્રીનગરથી અંતર: લગભગ ૩૦૦ કિમી, **વિશેષતા:** ધાર્મિક અને પ્રાકૃતિક બંને દ્રષ્ટિએ મહત્વનું સરોવર.

**૭. બહુ ફોર્ટ :** જમ્મુથી અંતર: લગભગ ૫ કિમી, શ્રીનગરથી અંતર: લગભગ ૨૬૦ કિમી **વિશેષતા:** જમ્મુનો પ્રાચીન કિલ્લો અને બાગ-એ-બહુ ગાર્ડન.

**૮. શંકરાચાર્ય મંદિર :** જમ્મુથી અંતર : લગભગ ૨૬૦ કિમી, શ્રીનગરથી અંતર: લગભગ ૫ કિમી, **વિશેષતા:** પહાડી પર સ્થિત પ્રાચીન શિવ મંદિર જ્યાંથી આખું શ્રીનગર દેખાય છે. **૯. ગુલમર્ગ :** જમ્મુથી અંતર: લગભગ ૩૦૦ કિમી, શ્રીનગરથી અંતર : લગભગ ૫૦ કિમી, **વિશેષતા:** સ્કીઇંગ અને બરફની રમતો માટે પ્રસિદ્ધ.

**૧૦. પહેલગામ :** જમ્મુથી અંતર: લગભગ ૨૫૫-૨૭૦ કિમી, શ્રીનગરથી અંતર: લગભગ ૯૦ કિમી, **વિશેષતા :** અમરનાથ યાત્રાનો મુખ્ય માર્ગ અને સુંદર ખીણ.

**૧૧. સોનમર્ગ :** જમ્મુથી અંતર: લગભગ ૩૩૦-૩૫૦ કિમી, શ્રીનગરથી અંતર: લગભગ ૮૦ કિમી, **વિશેષતા:** ગ્લેશિયર અને ટ્રેકિંગ માટે પ્રસિદ્ધ. **૧૨. શાલીમાર બાગ :** જમ્મુથી અંતર: લગભગ ૨૬૫ કિમી શ્રીનગરથી અંતર: લગભગ ૧૫ કિમી **વિશેષતા:** મુઘલ કાળનો પ્રસિદ્ધ બગીચો.

મો. ૯૪૨૭૪૯૫૧૭૫



**ડો. વિક્રમ શાહ**
લેખક વિશ્વવિખ્યાત જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન,
શેલ્બી મલ્ટી - સ્પેશીયાલીટી હોસ્પીટલના સ્થાપક અને અનેક
રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પારિતોષિકોથી વિભૂષિત છે.

# શું કોવિડ થયા પછી થાપામાં દુઃખાવો શરૂ થયો છે ?

શાલિનભાઈની ઉંમર પચાસ વરસ પરંતુ, તેમની શારીરિક સ્ફૂર્તિ અને ઉર્જા યુવાનોને પણ શરમાવે તેવી. દોડવું તેમના માટે માત્ર એક આદત નહોતી પરંતુ એ તેમની ઓળખ હતી, તેમનો જીવનમંત્ર હતો. દરરોજ સવારે, જ્યારે આખું જગત સરખું જાગ્યું પણ ન હોય, ત્યારે શાલિનભાઈ રસ્તા ઉપર દોડી રહ્યા હોય. તેમનું જીવન વર્ષોમાં નહીં પણ કિલોમીટરમાં મપાતું.




શહેરમાં યોજાતી હાફ-મેરેથોન, ફુલ-મેરેથોન જેવા અનેક કાર્યક્રમોમાં શાલિનભાઈ અચૂક હોય જ. આવા દોડના અવનવા કાર્યક્રમોમાં પોતે તો ભાગ લે જ પરંતુ, મિત્રો અને પરિચિતોને પણ પ્રોત્સાહિત કરે. શાલિનભાઈ હંમેશા કહેતાં કે "જો આપણા પગ મજબૂત છે, તો જીવન હળવું લાગે છે."

પરંતુ, બધા દિવસો સરખા હોતા નથી. **ઈ.સ. ૨૦૨૦માં covid-૧૯** મહામારીનું સંકટ આવ્યું. મહામારીના કપરાકાળમાં શાલિનભાઈનું દોડવાનું બંધ થઈ ગયું. સતત પ્રવૃત્તિમય જીવન જીવતા શાલિનભાઈનું જીવન સ્થગિત થઈ જતાં શાલિનભાઈ અત્યંત માનસિક અસ્વસ્થતા અનુભવતા. અધૂરામાં પૂરું Covid-૧૯ની શરૂઆતમાં જ એટલે કે મે-૨૦૨૦માં શાલિનભાઈનો સમગ્ર પરિવાર કોવિડનો ભોગ બન્યો. પરિવારના અન્ય સભ્યોને હળવાથી માધ્યમ પ્રકારનો ચેપ (Mild to Moderate Viral Load) લાગ્યો હોવાથી પરિવારના સભ્યો ઘરે જ Home Quarantineમાં સારવાર લઈને સાજા થઈ ગયા પરંતુ, પડતા ઉપર પાટુ હોય તેમ શાલિનભાઈને ગંભીર પ્રકારનો ચેપ **(Severe Viral Load)** લાગ્યો હોવાથી તેમને હોસ્પીટલમાં દાખલ થવું પડ્યું.

હોસ્પીટલના ICUમાં સારવાર લઈ રહેલા શાલિનભાઈની પરિસ્થિતિ અત્યંત ગંભીર હતી. શાલિનભાઈ જલ્દીથી પુનઃ સ્વસ્થતા પ્રાપ્ત કરે તે માટે હોસ્પીટલમાં સારવાર દરમ્યાન શાલિનભાઈને પુષ્કળ માત્રામાં સ્ટેરોઈડ દવાઓ આપવી પડી. તે સમયે ડોકટરોની પ્રાથમિકતા માત્ર તેમનો જીવ બચાવવાની હતી. લગભગ એકાદ મહિનાની સઘન સારવાર બાદ શાલિનભાઈ હોસ્પીટલથી ઘરે પરત ફર્યા.

**Covid-૧૯**નો ચેપ લાગવાથી માંડીને સાજા થવાની યાત્રા શાલિનભાઈ માટે અત્યંત મુશ્કેલ હતી, જે પસાર કર્યા બાદ તેમનું જીવન ઘણું જ બદલાઈ ગયું હતું. ઘરે આવ્યા પછી પણ લગભગ અનેક દિવસો સુધી દવાઓ અને સંતુલિત આહાર વિગેરે લીધા બાદ શાલિનભાઈ સાજા થયા અને તેમના જીવનની ગાડી ફરીથી પાટા ઉપર આવી. પરંતુ, કોવિડમાંથી સાજાસમા ઉભા થઈ જવાથી શાલિનભાઈની સમસ્યાઓનો અંત આવ્યો નહીં.


કોવિડ થયાના થોડા મહિનાઓ પછી શાલિનભાઈને થાપામાં ધીમે-ધીમે દુઃખાવો શરૂ થયો. શરૂઆતમાં તો આ દુઃખાવો સામાન્ય હતો. આથી, સ્નાયુઓનો દુઃખાવો સમજીને શાલિનભાઈ તેને બિલકુલ અવગણતા. પરંતુ, જેમ-જેમ સમય વીતતો ગયો તેમ- તેમ દુઃખાવો વધતો ગયો. સમગ્ર જીવન સતત હરતાં-ફરતાં-દોડતાં જીવનારા શાલિનભાઈના જીવનમાં એક તબક્કો એવો આવ્યો કે હવે તેમને ચાલવું પણ મુશ્કેલ લાગવા લાગ્યું. જે પગ પહેલાં સરળતાથી આંટા-ફેરા મારી શકતા હતા તે જ પગથી હવે એક-એક ડગલું માંડવામાં પણ અત્યંત પરિશ્રમ કરવો પડતો, શાલિનભાઈ સાવ જ પરવશ થઈ ગયા. જે વ્યક્તિ રોકાયા વિના અનેક કિલોમીટરો સુધી દોડી શકતા હતા તેમને હવે થોડું ચાલવામાં પણ મુશ્કેલી લાગવા લાગી. પોતાને જીવનમાં આવી કપરી પરિસ્થિતિનો પણ સામનો કરવો પડશે તેવું શાલિનભાઈએ સ્વપ્નેય વિચાર્યું નહોતું. શાલિનભાઈના શરીરમાં થઈ રહેલ આ ધીમા પરંતુ સ્પષ્ટ બદલાવને જોઈને પરિવારજનો પણ આશ્ચર્ય અને આઘાત અનુભવી રહ્યાં હતા.

પરવશતાથી કંટાળીને આખરે એક દિવસ શાલિનભાઈ મને બતાવવા માટે આવ્યા. તેમનો ચેહરો બિલકુલ નિસ્તેજ અને ધૂંધવાયેલો હતો. તેમનું મન અનેક પ્રશ્નોમાં અટવાયેલું હશે તેવું

# આરોગ્ય સૃષ્ટિ

તેમના ચહેરા પરથી સ્પષ્ટ જાણી શકાતું હતું. વિગતવાર તપાસ અને જરૂરી પરીક્ષણો બાદ શાલિનભાઈને થાપામાં **Avascular Necrosis (AVN)** નામની બીમારીનું નિદાન થયું.

વ્હાલા વાચક મિત્રો, **Avascular Necrosis (AVN)** એક progressive એટલે કે ધીમે-ધીમે આગળ વધતો રોગ છે. આ એક ગંભીર સ્થિતિ છે, જેમાં થાપાના સાંધા (femur head)માં રક્ત પરિભ્રમણ અટકી જવાને કારણે હાડકું સુકાવા લાગે છે, જેના કારણે થાપામાં સતત દુઃખાવો, ચાલવામાં તકલીફ અને સાંધાનો નાશ થઈ શકે છે. આ બિમારીમાં થાપાના ગોળાનો ગોળ આકાર ખરબચડો બની જતો હોવાથી થાપાના હલન-ચલનમાં અત્યંત દુઃખાવો થાય છે અને હલન-ચલન ખૂબ જ ઘટી જાય છે.



In a healthy hip joint, blood vessels supply oxygen and nutrients, keeping the bone strong and healthy.

એક સિનિયર જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન તરીકે covid-૧૯ પછી હું મારી ઓ.પી.ડી.માં **AVN**થી પીડાતા દર્દીઓમાં સતત વધારો જોઈ રહ્યો છું. મારું માનવું છે કે **AVN**થી પીડાતા દર્દીઓમાં મુશ્કેલી માત્ર રોગ નથી પરંતુ, રોગ વિશેની જાણકારીનો અભાવ પણ છે. ઉપરાંત, ઘણાખરા દર્દીઓ થાપાના દુઃખાવાને સામાન્ય સ્નાયુઓનો દુઃખાવો (Muscle Pain) અથવા ઉંમર સંબંધિત સમસ્યા સમજીને અવગણે છે અને તદ્દન હળવાશથી લે છે.

**Covid-૧૯** બાદ વધી રહેલા **AVN**ના કેસોમાં covidની સારવાર દરમ્યાન કરવામાં આવેલ સ્ટેરોઇડ દવાઓનો ઉપયોગ પણ એક મહત્વનું કારણ હોઈ શકે છે, પરંતુ તે એકમાત્ર કારણ નથી. તેનો અર્થ એ નથી કે સારવાર દરમ્યાન સ્ટેરોઇડ દવાઓનો ઉપયોગ ના કરવો જોઈએ, અલબત્ત, સ્ટેરોઈડ દવાઓ ઘણા અસાધ્ય રોગોમાં જીવન બચાવે છે અને તેમાં પણ Covid-૧૯ જેવા અચાનક આવી પડેલ ઘાતક રોગમાં કે જેમાં દવાઓ, સારવાર વિગેરે સંદર્ભે કોઈ જ નિયત, પ્રમાણિત કે સચોટ સારવાર પદ્ધતિ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સાઓમાં સ્ટેરોઈડ દવાઓ સંજીવની જેવી સાબિત થઈ છે.

વ્હાલા વાચક મિત્રો, થાપાના સાંધાના દુઃખાવા સંદર્ભે ઉપરોક્ત તમામ હકીકતોથી આપને વાકેફ કર્યા બાદ એક હાડકાંના સાંધાના નિષ્ણાત તરીકે હું અહીં એક જ વાત પર ભાર મુકવા ઈચ્છું છું કે **સમયસર નિદાન સમગ્ર પરિસ્થિતિ બદલી શકે છે.**

જો રોગ શરૂઆતના તબક્કામાં જ પકડાઈ જાય તો દવાઓ, ફિઝિયોથેરાપી તેમજ જીવનચર્યા અને આહારચર્યામાં ફેરફાર દ્વારા સારવાર શક્ય છે. પરંતુ, જો બિમારી આગળ વધે અને સાંધો ખરાબ થઈ જાય તો સર્જરીની જરૂર પડી શકે છે. આજના અત્યાધુનિક યુગમાં Total Hip Replacement એક અત્યંત સફળ અને જીવનમાં બદલાવ લાવતી પ્રક્રિયા છે, જે દર્દીને દુઃખાવાથી મુક્તિ અપાવે છે અને પુનઃ સ્વાવલંબી જીવન જીવવામાં મહત્વનો ભાગ ભજવે છે.

વ્હાલા વાચક મિત્રો, શાલિનભાઈના જીવનમાં ઘટેલ આ સત્ય ઘટના માત્ર એક મેડિકલ કેસ નથી પરંતુ, Covid-૧૯ બાદ આપણી સમક્ષ ઉભી થયેલી એક વરવી વાસ્તવિકતા અને પડકાર છે, જેને આપણે સમયસર જાણકારી મેળવીને તથા થાપાના હાડકાના સાંધાના નિષ્ણાત ડોક્ટર પાસે તપાસ અને સચોટ નિદાન દ્વારા જ અટકાવી શકીશું.

મિત્રો, આ ફક્ત એક શાલિનભાઈની વાત નથી પરંતુ આપણા સૌની વાત છે. **"પગલાં ગયા અને પડછયા રહી ગયા"**ની ઉક્તિને સાર્થક કરતો કોરોનાની મહામારીનો કાળ વીતી તો ગયો પરંતુ તેની અનેક આડઅસરો મૂકતો ગયો. આથી, આપણે હંમેશા યાદ રાખીશું કે આરોગ્યની કાળજી મહામારીનો કપરો કાળ પસાર થઈ જવા માત્રથી પૂર્ણ થઈ જતી નથી પરંતુ, મહામારી બાદ શરીરમાં ઉદ્ભવતા નવા લક્ષણોને તુરંત સમજીને સમયસર ડૉક્ટરનો સંપર્ક કરવો પણ એટલું જ જરૂરી છે.

**સાર :** થાપામાં અથવા જાંઘમાં સતત દુઃખાવો રહેતો હોય તો તેને અવગણવાની ભૂલ કરશો નહીં કે પોતે પોતાનો ઉપચાર કરવાનો આગ્રહ રાખશો નહીં. બિમારીના શરૂઆતના તબક્કામાં જ નિષ્ણાતની સલાહ લેવાથી સર્જરી વગર પણ સારવાર શક્ય છે અને જો બિમારી આગળ વધે તો પણ ઓર્થોપેડિક વિજ્ઞાનમાં અનેક અસરકારક ઉકેલો ઉપલબ્ધ છે. અંતે, શરીરના સંકેતોને સમજવું. સમયસર તબીબી સલાહ લેવી અને સારવારમાં વિલંબ ન કરવો - આ ત્રણ બાબતો નક્કી કરે છે કે જીવન પીડામાં જશે કે ફરીથી સક્રિય અને સ્વાવલંબી બનશે.

**સંકલન : શ્રી પુષ્પક જવેરી, શેલ્બી હોસ્પિટલ - અમદાવાદ.**
મો.૮૧૨૮૮૦૫૩૧૦


Signature®
LUXURY FRAGRANCES
COCKTAIL
DEODORANT & EAU DE PARFUM
પ્રથમ વખત
એક જ DEO માં
દસ
ખુશ્બુ
Signature®
COCKTAIL
DEODORANT BODY SPRAY
200ml / 134g
લાંબા
સમય
સુધી ચાલે
~: Also available :~
EAU DE PARFUM
BAN®
SINCE 1966
BAN LABS (P) LTD.
For Suggestions & Feedback Contact Manager - Customer Care: +91 84603 72121 consumer.care@banlab.com www.banlabs.com

## કૃષિ સૃષ્ટિ



**હીરજી ભીંગરાડિયા**
પંચવટી બાગ, માલપરા
લેખક કૃષિ ક્ષેત્રના વરિષ્ઠ નિષ્ણાંત, અનુભવી
અને અનેક એવોર્ડ અને પારિતોષિકોથી વિભૂષિત થયેલ છે.

# વનસ્પતિનું "બીજ" કુદરતનું અદભુત સર્જન

કોઇ એન્જિનિયર, આર્કીટેક, ડીઝાઇનર કે મોટા શિલ્પકાર-ચિત્રકારને ગમે તેટલી નવા નવા ઘાટ-આકારની રચનાઓ બનાવવાની કહી હોય તો પોતાની આશ્ચર્યજનક કળા દેખાડી આપે છે. પણ એમની કલ્પનાનીયે એક મર્યાદા આવી જવાની. કોઇને કોઇ જગ્યાએ એમનો ઘાટ બેવડાઇ જવાનો !

જ્યારે આ કુદરતને કેવડો મોટો કલાકાર ગણવો, કે જેણે અબજો અબજોની સંખ્યામાં ઘડેલા માનવીઓમાં બે માણસોના અવાજની વચ્ચેય સામ્ય રાખ્યું નથી !

શારીરિક ખોડ-ખાંપણ ધરાવતી વ્યક્તિને બાદ કરતાં તમામ માનવીને બે હાથ, બે પગ, બે કાન, બે આંખો, અરે ! અંદરનાં મગજ, હૃદય, આંતરડાં, ફેફસાં, કીડની જેવા ભાગો-બધું જ સમાન ! પણ ચહેરો જૂઓ તો કોઇનો એક નહીં ! દૂરથી છેતરાઇ જઈએ કે આ તો મારો ભાઇ રામજી જ હાલ્યો આવે છે ! પણ સાવ પાસે આવતાં ખ્યાલ આવે કે આ તો રામજી નથી, પણ એના જેવો દેખાતો બીજો કોઇ જણ છે ! અને મિત્રો ! માત્ર માણસોને જ ઘડવામાં આવી કારીગરી કુદરતે કરી છે એવું નથી હો ભૈ ! ધરતી પરની ભૂચર, જલચર, ગોચર જેવી બધી જ જીવસૃષ્ટિ ઉપરાંત વનસ્પતિ સૃષ્ટિ સુધ્ધાંની દેખાતી સમાનતામાં એણે ભારોભાર વિવિધતા ભરી દીધી છે. જરા નજર કરો ! તલ-મગ કે મગફળી, સાગ-સિસમ કે ખેર, આંકડો-બાવળ કે કેરડા-કેતકી હોય કે હોય ભલેને હાથલિયો થોર કે આંબો-વડલો ! અરે, ખરખોડી-લાંપડું કે લજામણી-બધાં એક જ 'વનસ્પતિ જગત' માં સમાઇ જાય છે.

**પણ જરા ઊંડા ઉતરીએ તો ?** પણ દરેકની લાક્ષણિકતા જાણવા જરા ઊંડા ઉતરીએ તો ખ્યાલ આવ્યા વિના નહીં રહે કે પ્રકૃતિએ બધાના રંગ, રૂપ, દેખાવ, આયુષ્ય, સ્વભાવ, એના ઉગવા-વધવાની રીત, જરૂરિયાતો અને અન્યને ઉપયોગી થવાના તરીકા તથા સંકટ સામે ઝઝૂમવાની તાકાત-બધું જ દરેકને અલગ અલગ પ્રકારનું દીધું છે. વધુમાં વિચારીએ તો પૃથ્વી પરના તમામ જીવોની ઉત્પતિ, સ્થિતિ અને લયના નેટવર્કની કુદરતી ગોઠવણને સમજવામાં ગહન તત્વજ્ઞાન પણ ઊણું પડ્યું છે. એની અપરંપાર કળાને જાણવાના પ્રયાસો માનવીને અખૂટ આનંદ આપતા રહ્યા છે.

**જીવમાત્રમાં મૂકેલી જિજીવિષા :** કુદરતે દરેક જીવમાં જેમ પોતાનો વંશ ચાલુ રાખવાની જિજીવિષા મૂકી છે, તેવી જ વનસ્પતિ જગતમાં પણ મૂકેલી છે. હરતાં-ફરતાં-ચાલતાં જીવો જેવી એ સ્પષ્ટ ન દેખાતી હોવા છતાં તે કેટલી રસપ્રદ છે તેની આપણે અહીં વાત કરવી છે.

ભેજયુક્ત ખોરાકની શોધ અને પ્રતિકૂળ પરિસ્થિતિ સામે પણ છેલ્લા શ્વાસ સુધી ટક્કર લેવાની વૃત્તિ પાછળ વનસ્પતિનું એક માત્ર ધ્યેય પોતાનો વંશ ટકાવી રાખવાનું હોય છે. ટૂંકું જીવન ધરાવતી વનસ્પતિમાંયે પોતાનો દેહ પડે તે પહેલાં તરતમાં નવી પેઢીના બાળભ્રૂણ બનાવી લેવાની વેતરણ પ્રબળ હોય છે.

**વનસ્પતિનું વામન રૂપ - બાળભ્રૂણ (બીજ) :** આપણે જોયું છે કે મોટાભાગની વનસ્પતિઓમાં દાણા-બીજ પરિપક્વ ન હોય ત્યાં સુધી તે વનસ્પતિદેહનો એક ભાગ જ ગણાય. એટલે છોડ સાથેનું એનું વળગણ પણ અતૂટ હોય છે. પણ જેવાં બીજ પરિપક્વ થયાં કે બસ ! છોડ સાથેનું એનું બંધન ઢીલું પડે અને ઝાડ-છોડ એના બીજને પોતાનાથી અલગ કરી સ્વતંત્ર જીંદગી શરૂ કરાવે છે. જેમ ગર્ભમાંના બાળકનો પૂર્ણ વિકાસ સધાતાં મા તેની સાથેના નાળનું બંધન તોડી, ગર્ભાશયથી બહાર મોકલી, સ્વતંત્ર જીંદગી શરૂ કરાવે છે, બસ તેના જેવું જ !

**પ્રકૃતિની ચીવટ :** હવે તમે જૂઓ ! માનવબાળ તો શું, પશુ-પક્ષી સુધ્ધાંમાં તેનું બચ્ચું આપમેળે ખાતું-પીતું ને સ્વતંત્ર રીતે વિચરતું ન થઈ જાય ત્યાં સુધી "મા" ચકોઇ કોઇમાં 'બાપ' પણ તરફથી હુંફ, હોંકારો, ખોરાક, સહવાસ, શીખ, સંસ્કાર મળ્યાં કરતાં હોય છે, જેથી બચ્ચું એક નિશ્ચિત ઘરેડમાં પલોટાઇ જાય છે. જ્યારે વનસ્પતિબાળને તો બીજ રૂપે પરિપક્વ થયા ભેળું માતૃછોડથી અલગ થઈ જવાનું હોય ! પરિણામે એને માતાનો એક પણ આદેશ કે શીખ પછીથી મળી શકતાં નથી. પણ તેની વ્યવસ્થા પ્રકૃતિએ જે કરી રાખી છે તે અદભૂત છે. આ માટે બીજને ભવિષ્યમાં વનસ્પતિ બનવાનો વારો આવે ત્યારે કેવા કેવા સમયે કેમ કેમ વર્તવું તેની સમજણ જ્યારે બીજ બની રહ્યું હોય તે સમયે જ તેનામાં પ્રકૃતિએ સિંચી દીધેલ હોય છે.

**બીજને ગર્ભાવસ્થામાં જ મળેલી પ્રેરણા:** " આધાર, ભેજ, હવા અને ઉષ્મા જેવી અંકુર ફૂટવાની અનૂકુળતા ઊભી થતાં વેંત બીજના સુશુપ્તાવસ્થામાં પડી રહેલ હૃદયસમા ભાગને અંકુરણરૂપે જાગૃત

# કૃષિ સૃષ્ટિ

કરવો, તથા આ અંકુરણને ઊંચે આકાશ તરફ વર્ધન કરાવવાનું અને એને માટે જરૂરી ખોરાક શોધવા નીચેની બાજુ મૂળિયાં પ્રગટાવી, ચોતરફ પ્રસરાવવાના કામ ઉપરાંત, એ મૂળિયાં ખોરાક પકડી ઉપર અંકુરણને મોકલતા ન શીખે ત્યાં સુધી બીજમાં પોતામાં સંગ્રહાઇ રહેલ ખોરાક દ્વારા અંકુરણના દેહનો વિકાસ કરતો રહેવો" એવા બીજને મળેલા પ્રકૃતિના આ આદેશ અનુસાર 'દ્વિદળ' વર્ગના મગફળી, કપાસ, વાલ,વટાણાં, દૂધી, તૂરિયાં, આંબો, સાગ, રીંગણી-મરચી જેવાના છોડવામાં ઉગતાવેંત સ્પેશ્યલ ઘાટના 'પ્રાથમિક પાદ' નું રૂપ લઈને અંકુરણની સાથોસાથ બહાર આવતા બન્ને દળો—અંકુરણ માટેના ખોરાકી જથ્થાના મીની ગોડાઉન જ છે. શરૂઆતનો ખોરાક એ પૂરો પાડે છે. એની અંદરનો ખોરાક ખૂટી પડતાં એ ખરી પડે છે. પણ ત્યાં તો નીચેના મૂળ છોડ માટે કાર્યરત થઈ ગયાં હોય છે.

અને એવું જ 'એકદળ' વર્ગના જુવાર, બાજરા, મકાઇ, ઘઉં, ઓટ, ડાંગર, વાંસ, ખલેલાં જેવામાં આવાં બીજનાં બે ફાડિયાં બહાર એટલામાટે નથી આવતા કે એ બીજને બે દળ હોતા નથી. આવા બીજનું માત્ર 'સૂયા' સ્વરૂપે અંકુરણ બહાર આવે અને નીચે મૂળ મૂકવાની પ્રક્રિયા શરૂ કરાવી, બીજનો દેહ વચ્ચે જ પડ્યો રહી, બન્ને બાજુ મદદ કરતા રહી, છોડવો જ્યારે સ્વતંત્ર જીંદગી શરૂ કરે એટલે પોતે જમીનમાં જ ખોખું થઈ જઈ માટીમાં મળી જાય છે.

**ગુપ્ત આદેશ :** આપણા માટે એ જાણવું વધુ જરૂરી છે કે આ તો માત્ર પ્રકૃતિ તરફથી બીજને મળેલો પ્રાથમિક આદેશ છે. બીજને ફરજપાલનના ખાસ આદેશ તો એ જ્યારે વિકસિત વનસ્પતિ સ્વરૂપે પરિવર્તિત થઈ, ધરતી પર કાઠું કાઢે ત્યારે પાળવાના શરૂ થાય છે. તેણે શું થવાનું છે ? કેટલો સમય ટકવાનું છે ? ઉત્પાદનના કેવા સ્વરૂપે બીજા જીવોની સેવા કરવાની છે ? અને એ માટે ગમે તેવી વિકટ પરિસ્થિતિઓમાં ઝઝૂમતા રહી, અંતે નવી પેઢી માટે બીજ તૈયાર કરી લેવા સુધીના આદેશોનું લાંબુ લીસ્ટ આ નાનકડી આદેશ પાલન કરનારી " એસ.આર.પી." રંગસૂત્રોની જોડીઓને પ્રતિજ્ઞા સાથે પાળવાનું અપાયેલ હોય છે. ........આપણે વધુ વિગતો જાણીશું આ જ લખાણના બીજા ભાગમાં.

**આદેશ પ્રમાણે અમલ :** ગર્ભાવસ્થામાં જ અભિમન્યુની જેમ મળેલી કોઠાવિદ્યા પ્રમાણે વનસ્પતિનાં બીયાં મહાભારતનું યુદ્ધ લડતાં ભળાય છે. જમીન એની એ, પાણી એનું એ, અને હવા અને સૂર્યપ્રકાશ પણ સાવ સરખાં જ ! છતાં બીજ બદલાયું ? તો ઉપજ-નિપજનો પ્રકાર, જથ્થો, સ્વાદ બધું બદલી જાય. રાજગરો, ખસખસ, નીલગીરી અને મરઘામાંજર, અરે ! વડ, પીપર, પીપળ કે ઉમરો-બધાંનાં ચપટી ચપટી બીજ લઈ વાટકીમાં ભેળવી દીધા હોય તો દેન નથી કે મારા-તમારા જેવા આસાનીથી દરેકને જુદા તારવી શકે ! પણ એ બધાં બીયાંને જો જમીનમાં ઉગાડ્યા હોય તો બીજ પોતે જ તેનું પોતાપણું પડકારો કરીને પ્રગટ કરી દેતું હોય છે. રાજગરામાંથી બને છે લાલ-પીળા પાનવાળો છોડ-ને એનાં બીયાં બને ઉપવાસીનું ફરાળ. જ્યારે ખસખસમાંથી જે બને છોડ-એની અસર ? માણસની મતિ મૂંઝવી દે તેવી અફીણી, બોલો ! નીલગીરીનાં બીજ બનાવે છે મોટું તોતીંગ ઊંચું ઝાડ, જ્યારે મરઘામાંજરમાંથી બને છે આંગણબાગનો રેશમિયો ફૂલછોડ ! વડ, પીપર કે ઉમરા-પીપળાના બીયાંમાંથી બને છે ઘેઘૂર મોટાં ઘટાદાર ઝાડવાં ! કહો, પ્રકૃતિની કળા કોઇ પામી શક્યું છે ખરું ?

બીજની આપણાંથીયે અજાણી રહેતી ફરજો : આપણને નજરે ન દેખાય કે એને જોયે ન કળી શકાય તેવા કેટલાક ગુપ્ત ગુણો પણ બીજની અંદર પ્રકૃતિએ ઠાસી ઠાંસીને ભરી દીધેલા છે, જેની જાણકારી આપણ ખેડૂતને હોય તો તેની સાથેના વર્તન વ્યવહારમાં વધુ ઉપયોગી બની રહે છે. દા.ત....

**સ્ફૂરણ બાબતે :** (૧)...તલ, મગ, વરિયાળી, જીરુ-ઘઉં, જુવાર-બાજરો, ગુવાર વગેરેને સડે કે બગડે નહીં તે રીતે સાચવી શકીએ તો બે ત્રણ વરસ સુધી એની સ્ફૂરણશક્તિને આંચ આવતી નથી. અરે ! રજકાના બીજને તો ઉપરથી પોણો દાયકો ભલેને પસાર થઈ જાય ! ઊગવા બાબતે એનો ઊજાગરો નહીં !

(૨)...પણ ડુંગળી અને ગાજરને પાક્યા પછી જો ઉપરથી માત્ર નવ જ માસ વીતી ગયા ? વાત ગઈ ! હવે ઊગવા બાબતે એને નહીં ચીંધવાનું ! એમ તો મગ, અડદ, મઠ, ચોળા, તુવેર-વાલની જેમ સોયાબીન પણ ગણાય કઠોળ જ ! બીજાં બધાંને બે-ત્રણ વરસ વાંધો નહીં, જ્યારે સોયાબીન સ્ફૂરણ બાબતે સાવ મુંઝાતલ ! પહેલે જ ચોમાસે વાવ્યું તો ઊગે બરાબર-સોએ સો ટક ! પણ ઉપરથી એક ચોમાસુ ઉતરી, બીજે ચોમાસે જો વાવ્યું ? તો સોમાંથી એક પણ દાણો ન ઊગે એનો માઠો અનુભવ અમને થઈ ચૂક્યો છે.

(૩)...સમેરુ નામનો એક નિંદણનો છોડ, એનાં બીજ ભૂખલ્યે ચોમાસે ઊગે જ નહીં બોલો ! ઉપરથી ભલેને સાત સાત ચોમાસા વહી

# કૃષિ સૃષ્ટિ

નીકળે ! જે વરસે હરેડ ચોમાસું થાય, તે વરસે એટલા ઊગી નીકળે કે અંદર વાવેલ સેમર જુવાર જેવા પાકને પણ દબાવી મારે !

(૪)...ફળઝાડોમાં પણ જોયું છે કે મોટાં ભાગના ફળોનાં પરિપક્વ બીયાં વરસ દાડા પૂરતી તો સ્ફૂરણ તાકાત જાળવે જ ! પણ પાછા લીમડા કે લીંબુને ઉગાડવા બાબતે એવા વહેમમાં રહી ગયાતો માર્યા જઈએ ! લીંબું અને લીમડાના બીજ તૈયાર થયાના બે કે ત્રણ મહિનામાં જ ઊગાડી દઈએ તો હોંકારો સારો મળે. પણ ૭-૮ મહિને એની એ શક્તિ મરી પરવારે.

**પરિપક્વતા બાબતે :** ઘઉં, બાજરો, જુવાર, કાંગ કે કોદરા, મગ, મઠ કે મેથી-ગુવાર વગેરેને તેના શીંગ, ઉંબી કે કરહડા-ડૂંડામાંથી દાણા અલગ કરવા થ્રેસર ચાલુ કરવું હોય તો તડકામાં તપેલા હોય તો ખળું લેવામાં સારો ઉકેલ પડે. આપણે મગ, મેથી, જીરુ, ગુવાર, સોયાબીન, ધાણા જેવાની કાપણીનો સમય પણ દાણા ઓછા ખરી પડે એ માટે ઠંડા પહોરનો જ પસંદ કરીએ છીએ ને ? પણ સરકસનો સાતમો ઘોડો જેમ સૌથી ઊંધા ચકરડે દોડે, તેવોય પાલતુપાક આપણી પાસે પણ એક છે, કે જેની ઉંબીનાં બીજકવરનાં મોઢાં તડકામાં ખૂલવાને બદલે ઊલટાના બીડાઇ જાય ! એટલે એની કાપણીનું કામ તડકામાં જ કરવું પડે ! અને ખળું લેવુ હોય ત્યારે પસંદ કરાય ટાઢા પહોરની વેળા બોલો ! આ પાકની ઓળખાણ પડી ? ઇ છે આપણું ઇસબગૂલ !

ફળોમાં પક્વતા બાબતે સીતાફળ, જામફળ, કેરી, ચીકુ, કેળાં, પપૈયાં જેવાં મોટાભાગનાં ફળો થોડા 'વનપક' ઉતારી લઈએ તો ધીરે ધીરે તેની અંદરની પ્રક્રિયા પાકવા બાજુ આગળ વધે. તેનામાં પીળપ અને પોચાપણું વધે, સુગંધ પ્રસરે અને સ્વાદ-ગળપણ બધું વધતું રહે. પણ આવો 'વનપક' ઉતારવાનો પ્રયોગ જો દ્રાક્ષમાં કર્યો હોય તો સિંદરી બળી જાય તોય વળ ના છોડે તેમ દ્રાક્ષની ઉતારેલી લૂમ પરથી જેમ જેમ દિવસો જાય તેમ તેમ, તેણે શિણાઇને સુકાઈ જવું કુરબાન ! બાકી ખટાશ છોડે તો એને દ્રાક્ષ કહેવી કેમ ? આમ બીજે બીજે સ્વભાવ જુદા જુદા છે.

**બીજની અજાયબીનો પાર નહીં :** નીરિક્ષણમાં પકડાયું છે કે લીંબુડી, સીતાફળી, દાડમી, આંબામાં ડાળીઓની જૂની ફૂટ્યમાં ફાલ વધુ બેસે. જ્યારે બોરડી, જામફળી અને સરગવામાં નવી ફૂટ્યમાં બેસે બોલો ! કપાસ, ભીંડા,સીતાફળી, જામફળી જેવામાં એક જ ફૂલમાં નર અને માદા બન્ને અવયવો હોય, તો વળી બોરડી, લીંબુડી, દાડમી, આમળી, અરે ! મકાઇ, દૂધી, તુરિયાં, કારેલાં, તરબૂચ, ચીભડાં જેવામાં નર અને માદાના ફૂલો જ જુદાં જુદાં ! તો વળી ટીંડોરાં, કંકોડાં, ખલેલાં, જોજોબા જેવામાં નર-માદાના છોડવા અને ઝાડવાં જ નોખનોખાં ! બીજની અજાયબી તો જૂઓ ! જ્યાં ફૂલ હોય ત્યાં જ ફળ લાગેને ? મોટા ભાગે એવું હોય. પણ એવું નયે હોય, એવું બીજ વનસ્પતિ પાસે છે ભાઇ ! મગફળી ફૂલ ખીલવે ઉપર, અને ફળ સંગ્રહી દે જમીનમાં ! કહેવું પડેને બીજની આવી વિચિત્રતાઓનું !

મોટાભાગનાં ફળઝાડોમાં પ્રથમ ફૂલની કળી દેખાય, પછી ખીલેલાં ફૂલો દેખાય, નાનાં બચ્ચાંરૂપ ફળના આકાર દેખાય અને જોતજોતામાં કળીમાંથી ફળ બની કદમાં મોટું મોટું થતું ભળાય. જ્યારે આમળામાં ? આમળામાં ફૂલો ખીલે ફેબ્રુ-માર્ચમાં અને ફળો દેખાય છેક ઓગષ્ટમાં ! એપ્રિલ, મે, જૂન અને જુલાઇ ચાર માસ આમળાનું ભૃણ સૂઇ જાય-પડી રહે સુષુપ્તાવસ્થામાં ! આપણે ગમેતેટલાં ખાતર, પાણી, માવજત આપીએ એ બાબત એના મનમાંયે નહીં ! પણ જેવો ઓગષ્ટ આવ્યો ? કે આળસ મરડીને થઈ જાય બેઠું ! મગ જેવડા, ચણા જેવડા ને જોતજોતામાં એક-દોઢ માસમાં પોણા ભાગનું કદ પકડીલે ફળો ! જૂઓ તો ખરા, આમળાના બીજની વળી આવી સાવ નોખી રીતભાત !

બીજ એટલે બીજ ! એને નજરે જોયે ખબર ન પડે કે એનો આંતરિક સ્વભાવ કેવો હશે ? એકને વાવીએ તો છોડ થાય, અને બીજાને વાવીએ તો થાય લાંબો લાંબો વેલો ! વેલા વેલામાંય પાછો ફેર પાર વગરનો હો ! દૂધી, કારેલાં, ગલકાં, ચીભડાં બધાંને ફૂલો હોય તે ઠેકાણે જ ફળો લાગે, જ્યારે શકરિયાંને ફૂલો ઊઘડે ઉપર, ને ફળ બેસે ભોંયની અંદર ! ખરખોડી ને પોઇ-બીજમાંથી બનેલા વેલા ખાવામાં કામ લાગે, તો કાંચકીના બીજનો વેલો અંગે બને કાંટાવાળો-વાડમાં વસી વાડીનું રખોપું કરે એવો ! તમે જ કહો, 'લજામણી'ને કેવી લજ્જાળુબાઈ ગણવી કે તેની નજદીક જઈ, જરીકે અડી જવાયું તો લજવાઇને એવી રિસાઇ જાય કે પાંદડાં બધાં કરી દે ભેળાં ! એ જોઇ આપણેય ભોંઠા પડી જઈએ લ્યો ! શેઢે-પાળે કે વાડ્યે આંટો મારતાં ક્યાંયથી 'ખાજવણી' ઝપટે ન ચડી જાય તે જો જો ! નહીં તો ખજવાળી ખજવાળી નાની યાદ કરાવી દે એવો આદેશ આપ્યો છે છોડવાને એના બીયાંએ ! બોલો ! કોની સાથે કેમ કામ લેવું-એ બાબતે જો ખબર નહીં રાખીએ તો ક્યારે ઊંધુ-ચત્તુ થઈ બેસશે તે અંગે કંઇ કહેવાય નહીં ! મો. ૯૩૨૭૫૭૨૨૯૭



સંપાદક :
ડૉ. ભગીરથ કે. પટેલ
ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને
ઈનીશીયેટીવ કમિટી, સંપાદક
બાળકોના ચાહક અને પ્રેરક છે.



: લેખિકા :
ગિરા પિનાકીન ભટ્ટ
સુપ્રસિદ્ધ બાળ સાહિત્યકાર
અને દિલ્હી સાહિત્ય
અકાદમી એવોર્ડ વિજેતા
મો. ૯૯૦૯૬ ૪૧૨૬૨

# કાન ખજૂરાના બૂટ

કંભો કાનખજૂરો રોજ-રોજ કકળાટ કરતો, મા, મા, તું ગમે તેમ કરીને પણ મને બૂટ પહેરાવ.' કંભાની મા કૂકી એને સમજાવી રહી હતી, આપણી જાત બૂટ ન પહેરે... વળી, આપણામાં બૂટ પહેરવાનો રિવાજ નથી. તું કેમ સમજતો નથી ?'' ''મા, રિવાજને માર ગોળી... પણ... બૂટની ભરી લાવ ઝોળી.'

કૂકી હવે દીકરા કંભાથી થાકી હતી. કંભાના પિતા પણ કંભાના કકળાટથી થાક્યા હતા. દરરોજ એકની એક મગજમારીથી કંટાળી દર છોડી તેઓ ક્યાંક દૂર દૂર ચાલ્યા ગયા હતા. કંભો તો બૂટ... બૂટની વાતને વળગીને કૂકીને હેરાન-પરેશાન કરી નાખતો. આખરે એક દિવસ કંટાળીને કૂકી કંભાને દુકાને લઈ ગઈ. પછી બૂટ બનાવનારા કરસનને કહે, કરસનભાઈ, મારો કંભો રાજી થાય એવા બૂટ બનાવી આપો.'

કરસન બોલ્યો, ''ઓ કૂકી કાનખજૂરી, તારો કંભો રાજી થાય કે ન થાય, પણ... એવા બૂટ સીવવાનું કામ મારું નહીં.'

કંભો તો આટલું સાંભળતા જ સડસડાટ દોડી પહોંચ્યો કરસન પાસે. કરસન કહે, 'કંભા, કહું છું દૂર રહેજે હોં.' કંભો તો કર્કશ અવાજે કરસનને ડરાવતાં કહેવા લાગ્યો, દૂર નહીં રહું જા. તારાથી થાય એ કરી લે... મારા પગનું માપ લે છે કે... કાનમાં પેસી ને બોલું ?''

ના, ભાઈ ના, મને તો બધું જ સંભળાય છે. કાનમાં પેસીને બોલવાની જરાય જરૂર નથી.'

કૂકી આ બધું જોઈ રહી હતી. પરંતુ તે લાચાર હતી. કંભાની જીદ આગળ કોઈનું ચાલતું નહોતું. વળી, કંભો કોઈનાં કહ્યામાં રહ્યો નહોતો. ન તો એને કોઈ સલાહ આપી શકતું કે ના તો એ સાંભળવા માગતો પરંતુ કંભાની મા કહેતી, હું ક્યાંથી છૂટું ? આખરે માનો જીવ ને ! 'એટલે એ બોલ્યા-ચાલ્યા વિના ત્યાં ઊભી હતી. ડરેલા કરસને કંભાના પગના માપ લીધા. પછી કહ્યું, પંદર દિવસ પછી બૂટ પહેરી જજે.'

કંભો અકળાયો. એ તો ઊંચા અવાજે બોલ્યો, પંદર દિવસમાં નહીં, મારે પાંચ દિવસમાં જ બૂટ જોઈએ.'

કરસન કહે, ''અરે, મારે પૂરા અઢાર જોડી બૂટ સીવવાના છે. વાર તો લાગે કે નહીં.'

''તું રાત-દિવસ એક કર, પણ બૂટ બનાવી દે નહીંતર.... રાત્રે તું સૂઈ જાય ત્યારે તારા કાનમાં આવી ભારે કકળાટ કરીશ.... મારા છત્રીસ પગે નૃત્ય કરીશ ને તને હેરાન-પરેશાન કરી દઈશ.' કંભાએ કહ્યું. કરસન ડરનો માર્યો બૂટ સીવવાના કામે લાગી ગયો. પાંચમા દિવસે કંભો તો હાજર થઈ ગયો, ચાલ, મને બૂટ પહેરાવી દે. મારા પાતળા, નાજુક પગ હવે બગડશે નહીં.' કરસને એક પછી એક એમ છત્રીસ પગે બૂટ પહેરાવી દીધા.

છત્રીસ બૂટારો કંભો રોફ સાથે ત્યાંથી ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં સૌની નજર પોતાના ઉપર પડે ને બીજાં બધાં તુચ્છ છે તેવું વિચારતો. ત્યાં... થોડું ચાલ્યો ને એને લાગ્યું કે આ બૂટ પહેરવાથી ઝડપ ઘટી ગઈ છે. પરંતુ હવે... હવે... શું ! વટ પાડ્યો જ છે તો બૂટ કંઈ કાઢી નંખાય ? થોડોક આગળ ગયો ને એના પગ દુખવા લાગ્યા. હવે તેનાથી ન તો ચલાતું કે ન ઊભા રહેવાતું. એ તો ઢીલોઢફ થઈ ત્યાં ને ત્યાં જ બેસી પડ્યો. મનમાં વિચાર્યું કે દરમાં જાઉં કે દુકાને જાઉં ?.. પરંતુ એ તો વચ્ચોવચ ઉકરડામાં પડ્યો હતો. બંને સ્થળથી એ દૂર હતો. ચાલવાની ત્રેવડ રહી ન હતી ને કેમે કરીને બૂટ નીકળતા નહોતા. ભૂખ અને તરસથી જીવડો આકુળ-વ્યાકુળ થવા લાગ્યો. કેટલાંક નાનકડાં જીવજંતુઓને જોઈ એના મોઢામાં પાણી આવવા લાગ્યું, પરંતુ આ... શું ? જીવજંતુને જ્યાં પકડવા જાય ત્યાં તો ભાગી છૂટતાં...

બૂટના વજનથી એ એના અવાજથી એ હવે કંટાળ્યો. પરંતુ હવે... શું કરવું ? કંભાને એની મા યાદ આવી ગઈ. માના, બોલ, માની શિખામણ યાદ આવ્યાં, પણ... માને કહેવા જાય કોણ ? કંભો ત્યાં જ વચ્ચોવચ ઉકરડામાં પડ્યો પડ્યો પસ્તાવો કરવા લાગ્યો. સૌને પોતાની આપવીતી સંભળાવી આંખમાં આંસુ સાથે ગાવા લાગ્યો....

'શિખામણ સાંભળવી ભઈ, ફજેતી મારી ભારે થઈ....'

# પ્રવૃત્તિ અહેવાલ



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબને અસ્મિતા ફાઉન્ડેશન દ્વારા "સમાજ ઉત્થાન ગૌરવ એવોર્ડ"થી સન્માનિત કરાયા







તા. ૩ એપ્રિલ-૨૦૨૬ના રોજ હિંમતનગર રૂષિવન ખાતે ગ્રીન ગ્લોબલ બ્રિગેડ અને અસ્મિતા ફાઉન્ડેશનના સ્થાપકશ્રી જીતુભાઈ પટેલ દ્વારા આયોજિત પ્રાકૃતિક ખેતી સંમેલનમાં સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબને **માનનીય રાજ્યપાલશ્રી(ગુજરાત રાજ્ય) આચાર્ય દેવવ્રતજીના વરદહસ્તે "સમાજ ઉત્થાન ગૌરવ એવોર્ડ"**થી સન્માનિત કરવામાં આવ્યા. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ માત્ર વ્યક્તિગત સન્માન નથી, પરંતુ સમગ્ર વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન પરિવાર માટે ગર્વ અને પ્રેરણાનો વિષય છે. સામાજિક સશક્તિકરણ અને સનાતન સંસ્કૃતિના સંવર્ધન ક્ષેત્રે તેમનું દ્રઢ નેતૃત્વ અને અવિરત સમર્પણ દરેક માટે પ્રેરણાદાયક છે.

## નિકોલ અમદાવાદ કાર્યાલય ખાતે સંસ્થાના દાતાશ્રીઓ તેમજ સંગઠનના કાર્યકર મિત્રોની શુભેચ્છા મુલાકાત





સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખ શ્રી આર. પી. પટેલની અધ્યક્ષતામાં દાતા અને સંગઠનના કાર્યકર મિત્રોની શુભેચ્છા મિટીંગનું આયોજન કરવામાં આવ્યું. મિટીંગ દરમ્યાન સંસ્થાની વિચારધારાથી પ્રેરાઈ અને પ્લેટીનમ દાતાશ્રી જયેશભાઇ ભૂતની પ્રેરણાથી શ્રી જયંતિભાઈ ગોઠી (ગોલ્ડન ટ્રસ્ટી), શ્રી ગોપાલભાઈ જે. ગોઠી (ગોલ્ડન દાતાશ્રી) અને શ્રી જયેશભાઇ ભાલોડીયા (સિલ્વર ટ્રસ્ટી) તરીકે જોડાઈ મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા હતા. આ પ્રસંગે પ્રમુખ શ્રી આર. પી. પટેલ અને ઉપપ્રમુખ શ્રી વાડીભાઈ પટેલ તેમજ VUF ની પૂર્વ ની ટીમ દ્વારા નવા જોડાયેલ ટ્રસ્ટીશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું.

## સંસ્થાના સૈનિક એવા સીટી મેમ્બરશ્રીઓને
## આઈકાર્ડ - મુમેન્ટો - તેમજ ગૌરવ પત્રથી સન્માનિત










વિશ્વ ઉમિયાધામ ખાતે સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર.પી.પટેલ સાહેબે **'સિટી મેમ્બર'** તરીકે જોડાયેલા ઉમા ભક્તોને આઈ-કાર્ડ, મંદિર સ્મૃતિચિહ્ન સાથે ગૌરવ પત્ર એનાયત કરી સન્માનિત કર્યા હતા. સંસ્થા અને સમાજ પ્રત્યેના તેમના સહયોગની વિશેષ નોંધ લેવામાં આવી હતી. જગતજનની મા ઉમિયા તેમને સુખ, શાંતિ અને સમૃદ્ધિ અર્પે તેવી પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે કેન્દ્રિય સંગઠનના ચેરમેનશ્રી ડી. એન. ગોલ સાહેબ તથા સિટી મેમ્બર કમિટીના ચેરમેનશ્રી સંકેતભાઈ પટેલ, મહિલા સંગઠન ચેરપર્સન ડો.રૂપલબેન પટેલ તેમજ યુવા સંઠનના ચેરમેન શ્રી જીતુભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## ધોરણ ૧૦ અને ૧૨ પછી શું ?
## વડોદરા ખાતે વિશેષ માર્ગદર્શન સેમિનાર





**ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ પછી શું ?** તે અંતર્ગત સર્વ સમાજના વિદ્યાર્થીઓ માટે સેમીનારનું આયોજન વડોદરા સંગઠન દ્વારા કરવામાં આવેલ. જેમાં દસમા ધોરણની તથા બારમા ધોરણની પરીક્ષા આપેલ હોય તેવા વિદ્યાર્થીઓ સાથે તેમના પેરેન્ટ્સની હાજરીમાં વડોદરામાં રહેલ નામાંકિત શિક્ષક શ્રી એસ.એમ.પટેલ તથા એમના ક્લાસીસના અનુભવી ફેકલ્ટીઓ દ્વારા તેમજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ગાંધીનગર ખાતે UPSC અને GPSCની તાલીમ આપનાર ફેકલ્ટી દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

સદર સેમિનારનું આયોજન સામાજિક સંગઠનના ચેરમેન શ્રી પિનાકીનભાઈ પટેલ, યુવા સંગઠનના ચેરમેન શ્રી ચિરાગભાઈ પટેલ, વડોદરા જિલ્લાના પ્રભારી શૈલેષભાઈ પટેલ, ભરતભાઈ પટેલ સોશિયલ મીડિયાના કન્વીનર દીપકભાઈ પટેલ તથા વડોદરાની વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની ટીમ દ્વારા કરવામાં આવેલ.

## VIBESના ૧૯માં ચેપ્ટર 'ભીષ્મ'નું લોન્ચિંગ





વિશ્વ ઉમિયા ઇન્ટરનેશનલ બિઝનેસ આંત્રપ્રિન્યોર્સ એન્ડ સોશિયલ નેટવર્કના **૧૯મા ચેપ્ટર 'ભીષ્મ'**નું ભવ્ય લોન્ચિંગ સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉદ્યોગસાહસિકો ઉપસ્થિત રહ્યા હતાં.

## બોપલથી વિશ્વ ઉમિયાધામ ખાતે 'પગપાળા સંઘ'ની ભવ્ય રેલી





તા. ૧૨, એપ્રિલ, રવિવારના પાવન દિવસે બોપલ-ઘુમા પગપાળા સંઘ દ્વારા ખોડિયારધામ, ઘુમા થી વિશ્વ ઉમિયાધામ, જાસપુર (અમદાવાદ) સુધી પગયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ ઉમિયાધામ ખાતે ભક્તિમય વાતાવરણમાં સંઘનું આગમન થયું અને ધ્વજાજી પૂજન તેમજ રાસ-ગરબા સાથે યાત્રા ભક્તિભાવથી પૂર્ણ થઈ. આ પવિત્ર યાત્રામાં ૨૫૦થી વધુ ભક્તો જોડાયા હતા, જગતજનની મા ઉમિયા તમામ ભક્તોની મનોકામનાઓ પૂર્ણ કરે અને તેમના પરિવાર પર મા ઉમિયાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

## "બહુચર માતાજીનાં આનંદના ગરબા"નું આયોજન કરાયું



ચૈત્રી અમાસના પવિત્ર દિવસે વિશ્વ ઉમિયાધામ, જાસપુર-અમદાવાદ ખાતે "બહુચર માતાજીનાં આનંદના ગરબા"નું આયોજન સંસ્થા દ્વારા શ્યામા મંડળ, નારણપુરા-અમદાવાદના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે ભજન-સત્સંગ મંડળની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબે ઉપસ્થિત રહી સંસ્થામાં ચાલી રહેલ ઈંટદાન અભિયાન તેમજ અન્ય પ્રવૃત્તિઓ વિષે વિસ્તૃત માહિતી આપી અને સૌને આ પવિત્ર કાર્યમાં જોડાવા માટે પ્રેરણા આપી હતી.

# પ્રવૃત્તિ અહેવાલ



ડો. રૂપલબેન પટેલ
સમાચાર સંપાદિકા

## ૮૦૦૦થી વધુ ભક્તો દ્વારા મા ઉમિયાની આરતી - હનુમાન ચાલીસાનું પઠન

## યુવા સંગઠન મહેસાણા ટીમ દ્વારા શુટીંગ વોલીબોલ ટુર્નામેન્ટનો શુભારંભ










તા.૧૯ એપ્રિલ, રવિવારના રોજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન યુવા સંગઠન ટીમ મહેસાણા દ્વારા શુટીંગ વોલીબોલ ટુર્નામેન્ટનો શુભારંભ ગુજરાત રાજ્યના ઉર્જા અને પેટ્રોલિયમ મંત્રીશ્રી ઋષિકેશભાઈ બી. પટેલ તેમજ સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર.પી. પટેલ સાહેબના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે જગતજનની મા ઉમિયાની આસ્થાને વિશ્વ ભરમાં ઉજાગર કરવા મહાઆરતી અને હનુમાન ચાલીસાના પાઠનું ભવ્યાતીભવ્ય આયોજન કરવામાં આવેલ જે અંતર્ગત ૮૦૦૦થી વધુ ભક્તોએ સામુહિક મા ઉમિયા આરતી તેમજ હનુમાન ચાલીસાના પાઠ અને ત્યારબાદ ભોજન-પ્રસાદનો લાભ લીધો

સદર આયોજનની સફળતામાં યુવા સંગઠનના ચેરમેનશ્રી જીતુભાઈ બી. પટેલ, મહામંત્રી સુરેશભાઈ પટેલ, સુમીતભાઈ બી.પટેલ, સિલ્વરદાતાશ્રી તેમજ મહેસાણા જીલ્લા યુવા ટીમના પ્રભારી શ્રી ડી.ડી.પટેલ, જીલ્લા ચેરમેન શ્રી નીરવ આર.પટેલ, મહામંત્રી શ્રી હિરેનભાઈ પી.પટેલ અને કો-ચેરમેનશ્રી યશ એમ.પટેલ, શ્રી મિહિર એસ.પટેલ, ધર્મેન્દ્રભાઈ વી.પટેલ તેમજ સમગ્ર મહેસાણા સંગઠન ટીમનું વિશેષ યોગદાન રહ્યું હતું.

આવા આયોજનો યુવા પેઢીને શારીરિક તંદુરસ્તીની સાથે સાથે પોતાની સંસ્કૃતિ, સંસ્કાર અને આધ્યાત્મિક મૂલ્યો સાથે પણ ગાઢ રીતે જોડે છે. એક તરફ રમતગમતથી શિસ્ત, ટીમવર્ક અને આત્મવિશ્વાસ વિકસે છે, તો બીજી તરફ મા ઉમિયાની મહા આરતી દ્વારા ભક્તિ, શ્રદ્ધા અને એકતા મજબૂત બને છે.

કાર્યક્રમમાં વિવિધ ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યકતાશ્રીઓ તેમજ દરેક સંગઠનના આગેવાનો અને મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા, સનાતનની જાગૃતિ માટેનું આ આહ્વાન ખરા અર્થમાં પ્રેરણાદાયી રહ્યું. આ પ્રસંગે સનાતન સંસ્કૃતિની ભવ્ય ઝાંખી સાથે ભક્તોએ આધ્યાત્મિક ધન્યતા અનુભવી હતી.

## લાડોલ ખાતે શ્રી બલભદ્રદાદા મંદિરના ૫૧ કુંડાત્મક પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો





તા. ૨૩, ગુરુવારે વિજાપુરના લાડોલ ગામે આયોજિત શ્રી બલભદ્રદાદા મંદિરના ૫૧ કુંડાત્મક પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ અને સુદર્શન યજ્ઞમાં વિશ્વ ઉમિયાધામ સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબને સહભાગી થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. આ દિવ્ય પ્રસંગે ઉપસ્થિત રહી જગતજનની મા ઉમિયા અને બલભદ્રદાદાના ચરણોમાં સૌના કલ્યાણ માટે પ્રાર્થના કરી.

## પાલનપુર ખાતે "શ્રી ઉમિયા માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા" મહોત્સવ યોજાયો



તા. ૨૩ એપ્રિલ, ગુરુવારના રોજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ એવમ્ પ્રણેતા શ્રી આર. પી. પટેલ સાહેબને પાલનપુરની પાવનધરા પર આયોજિત શ્રી ઉમિયા માતાજીના આગમન અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. તેમને સભામાં ઉપસ્થિત દરેકને આશીર્વચન સાથે જગતજનની મા ઉમિયાના આશીર્વાદ અવિરતપણે સૌ ભક્તો પર વરસતા રહે તેવી મા ઉમિયાના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

## શુટીંગ વોલીબોલ ટુર્નામેન્ટની 'ગ્રાન્ડ ફીનાલે' રમાઈ






તા. ૨૩ એપ્રિલ, ગુરુવારના રોજ મહેસાણા યુવા સંગઠન દ્વારા આયોજિત **'શૂટિંગ વોલીબોલ સ્પર્ધા'** ની ફાઇનલ મેચ રમાઈ હતી. જેમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રણેતા એવમ્ પ્રમુખ શ્રી આર. પી. પટેલ સાહેબ ઉપસ્થિત રહી ખેલાડીઓને ઉત્સાહિત કર્યા કર્યા હતાં. આ ફાઈનલ મેચ સરદારધામ-A અને સરદારધામ-D વચ્ચે રોમાંચક મુકાબલો થયો જેમાં સરદારધામ-D વિજેતા ટીમ જાહેર થઈ હતી.

## Kentucky Zone (USA) ખાતે Volleyball ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું







વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન USA દ્વારા ૧૮મી એપ્રિલના રોજ Kentucky Zone (USA) ખાતે VPL-2026 અંતર્ગત Volleyballની ભવ્ય અને સફળ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના Kentucky Chapterના તમામ ટ્રસ્ટીશ્રીઓ - નૈનેશભાઈ પટેલ, જયપ્રકાશભાઈ પટેલ, હિતેશભાઈ પટેલ, કનુભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, પ્રજ્ઞેશભાઈ પટેલ, અલ્પેશભાઈ પટેલ અને ચેતનભાઈ પટેલ - તેમજ નવશક્તિ ધામ મંદિરના પ્રેસિડેન્ટશ્રી રશિકભાઈ પટેલ અને વાઈસ પ્રેસિડેન્ટશ્રી ભીખાભાઈ પટેલે સંપૂર્ણ સહયોગ આપ્યો હતો અને પોતાની ઉપસ્થિતિથી યુવાઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. Kentucky Chapterના યુથ ચેરમેનશ્રી ચેતનભાઈ અને શ્રી પ્રજ્ઞેશભાઈએ શરૂઆતથી જ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની દરેક પ્રવૃત્તિમાં ટ્રસ્ટીપદ સાથે સેવા ભાવને સર્વોચ્ચ સ્થાન આપ્યું છે, જેનું વધુ એક ઉત્તમ ઉદાહરણ આ કાર્યક્રમ દ્વારા જોવા મળ્યું.

Kentucky Zone ખાતે યોજાયેલી VPL-2026 Volleyball Tournamentમાં શ્રી ચેતનભાઈએ Food, Beverages અને Volleyball Courts સહિતની તમામ વ્યવસ્થાઓ સ્પોન્સર કરી મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો. તે બદલ સંસ્થા તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે. સાથે સાથે ઉપસ્થિત રહેનાર તમામ VUF Trustees અને નવશક્તિ ધામ મંદિરના હોદ્દેદારશ્રીઓનો પણ દિલથી આભાર વ્યક્ત કરવામાં આવે છે. Kentucky Zoneની સમગ્ર ટીમ, તમામ સહયોગીઓ અને તમામ ભાગ લેનાર ખેલાડીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા.





# VUF-મોબાઈલ એપ — સેવા, સહાય અને સંવેદના

## —— એક એપ, અનેક લાભ — મેડિકલ ખર્ચમાં રાહત ——

સમાજના જરૂરિયાતમંદ પરિવારોને મેડિકલ બિલમાં રાહત મળે તે હેતુથી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા સેવાભાવી ડૉક્ટર્સ અને હોસ્પિટલોના સહયોગથી આ સેવા શરૂ કરવામાં આવી છે જેથી મુશ્કેલીના સમયમાં પરિવારોને મેડિકલ ખર્ચમાં સહાય અને મજબૂત સહારો મળી રહે.

QR કોડ સ્કેન કરી VUF – Vishv Umiya Foundtion મોબાઈલ એપ ડાઉનલોડ કરો ત્યાર બાદ મેડીકલ બેનીફીટ મેળવવા માટે નીચેના સ્ટેપ્સ અનુસરો:

- એપના માધ્યમથી આપ તથા આપના પરિવાર માટે જ એપ્લાય કરી શકો છો
- પરિવારના સભ્યોને મોબાઈલ એપમાં એડ કરવાના રહેશે



01 Play Store માં જઈ "VUF – Vishv Umiya Foundation" મોબાઈલ એપ ડાઉનલોડ કરો

02 એપમાં લોગિન કરી તમારી પ્રોફાઈલ સંપૂર્ણ રીતે ભરો

03 Benefits Registration પર ક્લિક કરો

04 હોસ્પિટલ લિસ્ટ પર ક્લિક કરી જરૂરી સર્વિસ પસંદ કરો

05 એપમાં સમાજના સેવાભાવી ડૉક્ટર્સ દ્વારા નક્કી કરાયેલ ડિસ્કાઉન્ટ (%) દર્શાવવામાં આવશે

06 સંસ્થા દ્વારા રિક્વેસ્ટ મંજૂર થયા બાદ એપમાં OTP દર્શાવવામાં આવશે તે હોસ્પિટલમાં બિલિંગ સમયે OTP બતાવવાનો રહેશે

**નોંધ:** રિક્વેસ્ટ નું સ્ટેટસ "Benefits Registration" વિભાગમાં જોઈ શકાશે

મુખ્ય કાર્યાલય-વિશ્વ ઉમિયાધામ - જાસપુર, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ. જી. હાઈવે, અમદાવાદ - 382721
+91 72020 80333/222 contact@vuf.org www.vuf.org

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025
Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721



siban

Residential & Retail Spaces

At GIFT City

www.gujrera.gujarat.gov.in/MAA14625



સંજયભાઈ પટેલ

(વિસલપુર)

Sales executives

+91 99743 52727



THE CITADEL
COMMANDING THE CITYSCAPE

RETAIL AND OFFICE SPACES

AT ISCON AMBLI ROAD

PR/GJ/AHMEDABAD/DASKROI/AHMEDABAD MUNICIPAL CORPORATION/CAA14269/171024/311229
GUJRERA.GUJARAT.GOV.IN